દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 20 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 January 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૨૩ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પનું 'યુએન' ઍક્ટિવ

દાવોસઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના હમાસ સાથેના યુદ્ધવિરામ માટેના પ્રયાસ માટે પોતાના 'બૉર્ડ ઑફ પીસ'ની ગુરુવારે જાહેરાત કરી હતી. તેને સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનાઇટેડ નેશન્સ -યુએન)નો વિકલ્પ પણ ગણવામાં આવે છે. ટ્રમ્પે આ પગલું સંયુક્ત રાષ્ટ્રસંઘને કાલગ્રસ્ત કરાવીને એટલે કે લગભગ બંધ જેવું કરાવીને પોતાના પ્રભાવવાળું અન્ય સમાંતર વૈશ્વિક સંગઠન શરૂ કરવા માટે લીધું હોવાનું પણ ગણવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનાઇટેડ નેશન્સ)નો વિકલ્પ ગણાતા 'બૉર્ડ ઑફ પીસ'માં દરેક દેશ જોડાવા માગતા હોવાનો ટ્રમ્પે દાવો કર્યો હતો, પરંતુ અમેરિકાના મોટા ભાગના સાથી રાષ્ટ્રોએ તેનાથી અળગા રહેવાનું પસંદ કર્યું હતું. ટ્રમ્પે વર્લ્ડ ઇકોનૉમિક ફૉરમ ખાતે યુદ્ધગ્રસ્ત ગાઝા પટ્ટીના ભવિષ્ય માટે 'બૉર્ડ ઑફ પીસ' રચવાની જાહેરાત

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતને જોડાવાની કેમ ઉતાવળ નથી?

નવી દિલ્હી : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવોસમાં 'બૉર્ડ ઑફ પીસ'નું અનાવરણ કર્યું ત્યારે ભારત અને બીજા દેશો ગેરહાજર રહ્યા હતા. આ 'બૉર્ડ ઑફ પીસ'નો હેતુ ગાઝામાં કાયમી શાંતિ રાખવા અને વૈશ્વિક અથડામણોનો નિવેડો લાવવાનો છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બોર્ડમાં જોડાવવા મોદી સહિત અનેક

(જુઓ પાનું ૨) ▶▶



## ગાઝા માટેના 'બૉર્ડ ઑફ પીસ'થી અમેરિકાના સાથી રાષ્ટ્રો જ આઘાં રહ્યાં

## ફ્રીઝ કરાયેલી સંપત્તિમાંથી એક અબજ ડૉલર ગાઝાના નવનિર્માણ માટે આપવા પુતિન તૈયાર

મૉસ્કોઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા રચવામાં આવેલા બૉર્ડ ઑફ પીસના માળખામાં રહીને ગાઝાના નવનિર્માણ માટે અમારી ફ્રીઝ કરવામાં આવેલી સંપત્તિમાંથી એક અબજ ડૉલર આપવા તૈયાર હોવાનું રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ગુરુવારે કહ્યું હતું.

ક્રેમલિનમાં પૅલેસ્ટાઈનના નેતા મહમૂદ અબ્બાસને મળેલા પુતિને કહ્યું હતું કે પશ્ચિમ એશિયામાં કાયમી સમાધાન લાવવા માટે સંપૂર્ણપણે સ્વાયત્ત અને કાર્યરત પેલેસ્ટાઈન જ એકમાત્ર ચાવીરૂપ ઉકેલ છે.

દાવોસમાં ૧૯ દેશના ગ્રૂપ ઑફ લીડર્સ અને વરિષ્ઠ અધિકારીઓ બૉર્ડ ઑફ પીસમાં જોડાયા બાદ પુતિને આ નિવેદન આપ્યું હતું.

પુતિને કહ્યું હતું કે અમારું માનવું છે કે સંપૂર્ણપણે સ્વાયત્ત અને કાર્યરત પેલેસ્ટાઈનની રચના જ અખાતના દેશોમાં ચાલી રહેલા સંઘર્ષનો ઉકેલ લાવવાનો એકમાત્ર માર્ગ છે. (એજન્સી)■

## બાંગ્લાદેશનો ભારતમાં રમવાનો સાફ ઈનકાર

ઢાકાઃ બાંગ્લાદેશના ક્રિકેટરોની પોતાના ક્રિકેટ બોર્ડ તથા સરકાર સાથેની મીટિંગમાં એવું નક્કી થયું છે કે આવતા મહિને રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે બાંગ્લાદેશની ક્રિકેટ ટીમને ભારત નહીં જ મોકલવામાં આવે. આ નિર્ણયને પગલે એવું મનાય છે કે બાંગ્લાદેશે વર્લ્ડ કપમાં સ્કૉટલૅન્ડ માટે માર્ગ જાણે મોકળો કરી દીધો.

બાંગ્લાદેશના ખેલાડીઓ ભારતમાં નહીં જ રમે અને શ્રીલંકામાં રમવા માગે છે. આ શરત સાથે બાંગ્લાદેશ બોર્ડ ફરી એક વખત આઇસીસી સાથે બેઠક રાખશે અને પોતાનો પ્લાન રજૂ કરશે. બોર્ડ-પ્રમુખ અમિનુલના

(જુઓ પાનું ૨) ▶▶

## બીએમસીમાં મહિલા-રાજ

### મૅયરપદ મળશે જનરલ કેટેગરીની મહિલાનેઃ આ નામો છે રેસમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાનગરપાલિકામાં સત્તાની સ્થાપના માટે અત્યંત મહત્ત્વનું પદ ગણાતા મુંબઈ સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકાના મૅયરપદના આરક્ષણ માટે ગુરુવારે મંત્રાલયમાં શહેરી વિકાસ ખાતા દ્વારા લોટરી કાઢવામાં આવી હતી, જેમાં આગામી અઢી વર્ષ માટે મુંબઈ મહાનગરપલિકામાં મૅયરપદ એ જનરલ શ્રેણીમાં મહિલા માટે અનામત થઈ ગયું છે. સમગ્ર રાજ્યનું ધ્યાન મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી તરફ હતું ત્યારે જનરલ શ્રેણીની મહિલા માટે મૅયરપદ અનામત થવાની સાથે જ ચૂંટણીમાં સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવેલા ભાજપ તરફથી મૅયરપદે કોનું નામ આગળ આવે છે તેની દિવસભર ચર્ચા ચાલી હતી.

ભાજપ પાસે જનરલ શ્રેણીમાં ચૂંટણી લડીને જીતેલી ૨૭ મહિલા નગરસેવિકા છે, તેમાં અનેક જૂની અનુભવી અને નવા ચહેરા પણ છે. જોકે એ તમામ નગરસેવિકાઓમાથી મૅયર પદ માટે સૌથી આગળ નામ આ વખતે ત્રીજી ટર્મમાં વોર્ડ નંબર ૧૭૨માંથી ચૂંટાઈ આવેલી રાજશ્રી શિવડેકર, વોર્ડ નંબર ૪૬માંથી બીજી વખત જીતેલી યોગિતા કોળી, વોર્ડ નંબર બાવનમાંથી જીતેલી પ્રીતિ સાટમ

(જુઓ પાનું ૨) ▶▶

## ચાંદીમાં કડાકો, સોનામાં ગાબડું

### ટ્રેડ વૉરનો ડર દૂર થતા સિલ્વરમાં ૧૯,૩૮૬ ને ગૉલ્ડના ભાવમાં ૩,૦૯૯ રૂપિયા ઘટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે દાવોસમાં ગ્રીનલેન્ડના મુદ્દે આગામી ફેબ્રુઆરીથી ટૅરિફ લાદવામાં નહીં આવે અને ગ્રીનલેન્ડ પર કબજો લશ્કરથી નહી લેવામાં આવેલું જણાવતા વિશ્વ બજારમાં સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ નબળી પડતાં ભાવ વિક્રમ સપાટીએથી પાછા ફર્યાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં ચાંદીએ કિલોદીઠ રૂ. ૧૯,૩૮૬ના કડાકા સાથે રૂ. ત્રણ લાખની સપાટી ગુમાવી હતી, જ્યારે સોનાએ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૮૬થી ૩૦૯૯નું ગાબડું પડ્યું હતું જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાએ રૂ. ૧.૫૧ લાખની સપાટી ગુમાવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૯,૩૮૬નાં ગાબડાં સાથે રૂ. ૨,૯૯,૭૧૧ના મથાળે રહ્યા હતા. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નહોતી અને માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી લેવાલી રહી હતી. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૦૮૬ તૂટીને રૂ. ૧,૫૦,૫૨૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦૯૯ તૂટીને રૂ. ૧,૫૧,૧૨૮ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે એક ટકો જેટલા ઘટી આવ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૮૨૫.૨૨ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ૪૮૨૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૯૩.૨૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળો ઓછા થતાં સોના અને ચાંદીમાં સલામતી માટેની માગમાં ઘટાડો થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ સુધારો આવતાં ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું એક્ટિવ ટ્રેડ્સનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડનો કબજો મેળવવા માટે લશ્કરી બળનો ઉપયોગ નહીં કરવામાં આવે અને ગ્રીનલેન્ડના મુદ્દે આગામી ફેબ્રુઆરીથી ટૅરિફનો અમલ પણ નહીં કરવામાં આવે એવું જણાવતાં ટ્રેડ વૉરની ભીતિ દૂર થઈ હતી.

વધુમાં હૅરસ પ્રીસિયસ મેટલ્સનાં ગ્લોબલ હેડ હેનરિક માર્ક્સે જણાવ્યું હતું કે એકંદરે સોનામાં મક્કમ વલણ જળવાઈ રહેતાં આગામી ટૂંકા સમયગાળામાં ભાવ ઔંસદીઠ ૫૦૦૦થી ૫૨૦૦ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. ■

૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી અગાઉ ઉત્તર પ્રદેશના લખનઊમાં પોલીસ અધિકારીઓએ રિહર્સલ દરમિયાન ગુરુવારે વિધાન ભવનની સામે કૂચ કરી હતી. (એજન્સી)



## ઓસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સમાં ગોળીબાર, ત્રણનાં મોત

મેલબર્નઃ ઓસ્ટ્રેલિયામાં ફરી એકવાર ગોળીબાર થયો છે. ન્યૂ સાઉથ વેલ્સના એક શહેરમાં ગુરુવારે ગોળીબારની ઘટના બની હતી. જેમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યા હતા. જ્યારે એક ઘાયલ થયો હતો. આ જાણકારી પોલીસે આપી હતી. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું કે ગોળીબારના અહેવાલો બાદ લેક કારગેલિગોમાં ઇમરજન્સી સેવાઓને બોલાવવામાં આવી હતી. આ શહેર લગભગ ૧,૫૦૦ની વસ્તી ધરાવે છે. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકોમાં બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય એક પુરુષને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ગોળી ચલાવનાર હજુ પણ ફરાર છે. પોલીસે લોકોને વિસ્તારથી દૂર રહેવા અને સ્થાનિક રહેવાસીઓને ઘરની અંદર રહેવા અપીલ કરી છે. અગાઉ ૧૪ ડિસેમ્બરના રોજ સિડનીમાં હનુક્કાહ સમારોમાં ગોળીબાર થયો હતો. જેમાં ૧૫ લોકોના મોત નીપજ્યા હતા. આ હુમલામાં સિડનીના બે કથિત બંદૂકધારીઓ ઇસ્લામિક સ્ટેટ જૂથથી પ્રેરિત હતા. ■

## ન્યુઝીલેન્ડના કેમ્પગ્રાઉન્ડમાં ભૂસ્ખલનઃ બેના મોત

મેલબોર્નઃ ન્યુઝીલેન્ડમાં ગુરુવારે એક ઘર અને કેમ્પગ્રાઉન્ડ પર ભૂસ્ખલન થયું હતું, જેમાં ઓછામાં ઓછા બે જણના મોત થયા હતા અને કટોકટી ટીમ કાટમાળમાં દટાયેલા અન્ય લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, સવારે ૪.૫૦ વાગ્યે ન્યુઝીલેન્ડના નોર્થ આઇલેન્ડ પર વેલકમ બેય સમુદાયના એક ઘર પર પહેલો ભૂસ્ખલન થયુ હતું. બે જણ ઘરમાંથી ભાગીને બચી ગયા હતા, અને અંદર ફસાયેલા બે જણના મૃતદેહ કલાકો પછી મળી આવ્યા હતા, એમ ઇમરજન્સી મેનેજમેન્ટ મિનિસ્ટર માર્ક મિશેલે જણાવ્યું હતું.

તે જ સવારે પાછળથી, નજીકના માઉન્ટ મૌંગાનુઇની તળેટી પર બીજુ ભૂસ્ખલન થતા કટોકટી સેવાઓને બોલાવવામાં આવી હતી.

કાટમાળ લુપ્ત જ્વાળામુખીના નામ પરથી નામ આપવામાં આવેલા શહેરમાં બીચસાઇડ હોલીડે પાર્ક પર પડ્યો હતો. છબીઓમાં વાહનો, ટ્રાવેલ ટ્રેઇલર્સ કાટમાળથી કચડાયેલા દર્શાવવામાં આવ્યા હતા.

પોલીસ અધિક્ષક ટિમ એન્ડરસને

(જુઓ પાનું ૨) ▶▶

## ક્રોએશિયાના ભારતીય દૂતાવાસમાં ખાલિસ્તાનીઓના કાંડથી દિલ્હી લાલઘૂમ

### તિરંગાને ઊતારી લેવાતા ભારત આકરાપાણીએ

નવી દિલ્હી : ભારતે ગુરુવારે ક્રોએશિયામાં ભારતીય દૂતાવાસમાં ઘૂસણખોરી અને ખાલિસ્તાની કાર્યકરો દ્વારા રાષ્ટ્રધ્વજને નુકસાન પહોંચાડવાની નિંદા કરી અને કહ્યું હતું કે ગુનેગારોને જવાબદાર ઠેરવવા જોઈએ. અગાઉ પણ વિદેશમાં ભારતીય મિશનોને નિશાન બનાવીને ખાલિસ્તાની કાર્યકરોએ હુમલા કર્યા છે. અત્યાર સુધી આવી મોટાભાગની ઘટનાઓ કૅનેડા, બ્રિટન અને અમેરિકામાં નોંધાઈ હતી.

ક્રોએશિયા યુરોપિયન યુનિયનનું સભ્ય છે અને ૨૭ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં ભારત-યુરોપિયન યુનિયનન સમિટના થોડા દિવસો પહેલા ઝાગ્રેબમાં દૂતાવાસને નિશાન બનાવવામાં આવ્યું હતું. શીખ ફોર જસ્ટિસ (એસએફજે)ના નેતા ગુરપતવંત સિંહ પન્નુન દ્વારા ઓનલાઈન પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં એક ખાલિસ્તાની કાર્યકર્તા ઝાગ્રેબમાં દૂતાવાસમાં ભારતીય ધ્વજ ઉતારીને તેની જગ્યાએ પીળો ખાલિસ્તાન ધ્વજ લગાવતો જોવા મળ્યો છે. આ ઘટના બાવીસ જાન્યુઆરીએ બની હતી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે અમે ક્રોએશિયાના ઝાગ્રેબમાં અમારા દૂતાવાસમાં ભારત વિરોધી તત્વો દ્વારા ઘૂસણખોરી અને તોડફોડની ઘટનાની નિંદા કરીએ છીએ. નિવેદનમાં ખાલિસ્તાની કાર્યકરો અથવા પન્નુનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. આવા કૃત્યો તેમની પાછળ રહેલા લોકોના સ્વભાવ અને હેતુઓ પણ દર્શાવે છે અને કાયદા અધિકારીઓએ તેમની નોંધ લેવી જોઈએ.

મંત્રાલયે કહ્યું હતું કે વિયેના સંમેલન હેઠળ રાજદ્વારી પરિસર અતિ પવિત્ર છે અને તેનું રક્ષણ કરવું જોઈએ. ભારતીય પક્ષે આ મામલો નવી દિલ્હી અને ઝાગ્રેબ બંનેમાં ક્રોએશિયન અધિકારીઓ સમક્ષ

(જુઓ પાનું ૨) ▶▶



બેંગલુરુમાં ગુરુવારે કેરળ ટૂરિઝમને પ્રમોટ કરવાના કાર્યક્રમ દરમિયાન નોર્થ મલાબારના રીતરિવાજ મુજબ થેય્યામ કરી રહેલો કલાકાર. (એજન્સી)



દિલ્હીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી અગાઉ ગુરુવારે ફેસિયલ રેકગ્નિશન ટેક્નોલૉજીના પ્રદર્શન દરમિયાન એઆઈ આધારિત સ્માર્ટ ગ્લાસ પહેરીને ઊભેલો દિલ્હી પોલીસ અધિકારી. (એજન્સી)

## કોરિયન મહિલાની બેંગ્લુરુ ઍરપોર્ટ પર જાતીય સતામણીઃ સ્ટાફર પકડાયો

બેંગલુરુઃ કેમ્પેગોવડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કથિત સુરક્ષા તપાસ દરમિયાન દક્ષિણ કોરિયાની એક નાગરિકનું ગ્રાઉન્ડ સ્ટાફ સભ્ય દ્વારા 'જાતીય સતામણી' કરવામાં આવ્યું હતું, એમ પોલીસે ગુરુવારે જણાવ્યું હતું.

મુસ્લિમ આરોપી, જેની ઓળખ મોહમ્મદ અફાન અહમદ (૨૫) તરીકે થઈ છે, જે એક ખાનગી એરલાઇનરનો કરાર આધારિત કર્મચારી છે, તેની ૧૯ જાન્યુઆરીએ બનેલી ઘટનાના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના ટર્મિનલ બે પર બની હતી જ્યારે મહિલા દક્ષિણ કોરિયા જતી ફ્લાઇટમાં ચઢતા પહેલા તેની ઇમિગ્રેશન ઔપચારિકતાઓ પૂર્ણ કરી રહી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, મહિલાએ આરોપ લગાવ્યો હતો કે સ્ટાફરે દાવો કર્યો હતો કે તેની બેગમાંથી બીપનો અવાજ આવી રહ્યો છે અને નિયમિત તપાસના બહાને તેને પુરુષોના વોશરૂમ પાસે એકાંત જગ્યાએ જવા માટે સમજાવી હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે શારીરિક તપાસ કરવાના બહાને, તેણે કથિત રીતે મહિલાને ઘણી વખત અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો અને તેને ભેટ્યો હતો. જ્યારે મહિલાએ સખત પ્રતિકાર કર્યો, ત્યારે આરોપી સ્થળ પરથી ભાગી ગયો હતો, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

દક્ષિણ કોરિયાની એક ટીવી ચેનલ સાથેની મુલાકાતમાં આ ઘટનાને યાદ કરતાં, મહિલાએ કહ્યું કે આરોપીએ પ્રોટોકોલનો ઉલ્લેખ કરીને વ્યાવસાયિક રીતે તેનો સંપર્ક કર્યો હતો અને તેની બેગ તપાસવાની વિનંતી કરી હતી.■

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# શીખ વિરોધી રમખાણોના કેસો બંધ જ કરી દેવા જોઈએ

**ઈન્દિરા** ગાંધીની હત્યા પછી દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ફાટી નિકળેલાં શીખ વિરોધી રમખાણોના વધુ એક કેસમાં ચુકાદો આવી ગયો અને કૉંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સજ્જન કુમારને કોર્ટે નિર્દોષ છોડી મૂક્યા. સજજન કુમાર સામે દિલ્હીના જનકપુરી અને વિકાસપુરી વિસ્તારોમાં ટોળાને હિંસા માટે ભડકાવવાનો આરોપ મુકાયો હતો પણ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કરી દીધા છે. વિશેષ ન્યાયાધીશ દિગ્વિજય સિંહે આ ચુકાદો સંભળાવતાં કહ્યું છે કે, સજજન કુમાર સામે કોઈ પુરાવો નથી તેથી તેમને દોષિત ના ઠેરવી શકાય.

સજજન કુમાર સામેના જનકપુરી અને વિકાસપુરી વિસ્તારોમાં થયેલી હિંસાના આ કેસમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. આ કેસમાં પહેલી એફઆઈઆર ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ નોંધાઈ તેમાં સોહન સિંહ અને અવતાર સિંહની હત્યાનો આરોપ હતો જ્યારે બીજી એફઆઈઆર ૨ નવેમ્બર, ૧૯૮૪ના રોજ નોંધાઈ તેમાં ગુરચરણ સિંહને જીવતા સળગાવી દેવાયા હોવાનો આરોપ હતો. કૉંગ્રેસના શાસનમાં તો સજજન કુમારને આરોપી પણ નહોતા દર્શાવાયા પણ કેન્દ્રમાં ભાજપની સરકાર આવી પછી રમખાણોની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સીટ) દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૫માં આ મામલે બે અલગ-અલગ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

આ હત્યાઓ માટે સજજન કુમારે ઉશ્કેરણી કરી હોવાનો આરોપ મૂકીને સજજન કુમારને મુખ્ય આરોપી બનાવાયા હતા પણ એસઆઈટી કોઈ નક્કર પુરાવા ના રજૂ કરી શકી. એ સ્વાભાવિક પણ છે કેમ કે હત્યાઓના ૩૦ વર્ષ પછી સજ્જન કુમારની સંડોવણીના મજબૂત પુરાવા કઈ રીતે લાવી શકાય ? કૉંગ્રેસ શાસનમાં તપાસમાં ચલાવાયેલી લાલિયાવાડીનો લાભ સજજન કુમારને મળ્યો ને એ છૂટી ગયા.

સજજન કુમાર નિર્દોષ છૂટ્યા એ ઘટનાએ આ દેશમાં ન્યાયના નામે ક્રૂર મજાક અને તમાશો ચાલે છે એ ફરી છતું કર્યું છે. છેક ૧૯૮૪માં થયેલી હત્યાઓ માટે ૪૨ વર્ષે ચુકાદો આવે એ જ સૌથી પહેલાં તો શરમજનક કહેવાય. આ ચુકાદો પણ અંતિમ નથી પણ નીચલી કોર્ટનો છે તેથી તેને ઉપલી કોર્ટમાં પડકારી શકાશે એ જોતાં આખી સદી પૂરી થઈ જશે ત્યાં સુધી પણ અંતિમ ચુકાદો તો નહીં આવ્યો હોય. ૨૦૮૪ આવશે ત્યારે પણ દિલ્હી રમખાણોના કેસ કોર્ટમાં ચાલતા હશે ને આરોપીઓ તો ઉપર પહોંચી જ ગયા હશે પણ ન્યાય માટે લડનારાં લોકોની બે પેઢી પણ ઉપર પહોંચી ગઈ હશે. ન્યાયના નામે આવો તાયફો બીજે ક્યાંય જોયો છે ?

સજજન કુમારના કેસનો ચુકાદો જોયા પછી લાગે છે કે, દિલ્હીનાં રમખાણોને લગતા કેસોને બંધ જ કર દેવા જોઈએ કેમ કે હવે ન્યાયની આશા મરી પરવારી છે. ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ સતવંતસિંહ અને બિયંતસિંહ નામના શીખ અંગરક્ષકોએ ઈન્દિરા ગાંધીની હત્યા કરી નાંખી હતી. ઈન્દિરાએ ઓપરેશન બ્લુ સ્ટાર કરાવીને અમૃતસરના સુવર્ણ મંદિરમાં લશ્કર મોકલ્યું તેથી શીખોમાં આક્રોશ હતો. કટ્ટરવાદી સીખોએ તેનો લાભ લઈને સતવંત અને બિયંતને હાથો બનાવીને ઈન્દિરાની હત્યા કરાવી હતી.

ઈન્દિરાની હત્યાના કારણે કૉંગ્રેસના કાર્યકરોમાં આક્રોશ હતો તેનો કૉંગ્રેસી નેતાઓએ ગેરલાભ લીધો. કોંગ્રેસી નેતાઓએ સીખો સામે લોકોને ભડકાવીને રમખાણો કરાવી દીધાં. કૉંગ્રેસના કાર્યકરોનાં બનેલાં ટોળાંએ બેફામ કત્લેઆમ ચલાવી હતી. દિલ્હીમાં કોંગ્રેસના ટોચના નેતાઓ એવા હરકિશન લાલ ભગત, જગદીશ ટાઈટલર અને સજજન કુમારે ટોળાંની આગેવાની લીધી હતી. ઈન્દિરાની હત્યાનો બદલો લેવાના નામે શીખોને શોધી શોધીને પતાવી દીધેલા. કૉંગ્રેસીઓ મતદાર યાદીઓ લઈને બેસી ગયેલા. મતદારલ યાદીઓના આધારે શીખોના ક્યા વિસ્તારોને ટાર્ગેટ કરવા એ નક્કી કરાયું ને પછી શીખોનાં ઘરોને આગ લગાડીને મોટા પાયે શીખોને જીવતા સળગાવી દઈને હત્યા કરાયેલી.

ઈન્દિરાની હત્યા પછી વડા પ્રધાન બનેલા રાજીવ ગાંધીએ શીખોને રક્ષણ આપવા કશું ના કર્યું. બલકે રમખાણો પછી શીખોની હત્યાઓમાં સંડોવાયેલા લોકોને મોટા બનાવી દીધા. દેખાવ ખાતર દિલ્હી પોલીસે ૬૩૬ એફઆઈઆર નોંધી પણ તેમાંથી ૩૫૫ કેસમાં જ ચાર્જશીટ નોંધાઈ. આટલા મોટા હત્યાકાંડમાં પોલીસ ૧૭૯ કેસમાં ચાર્જશીટ નોંધ્યા વિના વીંટો વાળી દે પછી ન્યાયની આશા કઈ રીતે રખાય ? જેમાં ચાર્જશીટ નોંધાઈ તેમાંથી ૨૪૦ કેસ પોલીસે પછી બંધ કરી દીધા કેમ કે આરોપીઓ નહોતા મળતા. દેખાવ ખાતર જે કેસ ચાલ્યા તેમાંથી માત્ર ૩૬ કેસમાં આરોપીઓને સજા થઈ છે જ્યારે બાકીના કેસમાં આરોપીઓ નિર્દોષ છૂટી ગયા છે. અત્યાર સુધીમાં કુલ ૩૬૪ લોકો દોષિત ઠર્યા હોવાનું કહેવાય છે.

આ હત્યાકાંડમાં સત્તાવાર રીતે ૪૮૦૦ની આસપાસ શીખો માર્યા ગયેલા પણ બિનસત્તાવાર રીતે આંકડો પચાસ હજાર કરતાં વધારે હતો. દિલ્હીમાં સત્તાવાર રીતે ૨૮૦૦ લોકો મરાયેલાં . લાપતા થઈ ગયેલા હજારો શીખોનો કદી પત્તો જ ના લાગ્યો એ જોતાં ખરેખર કેટલા શીખ મરાયા એ ખબર નથી. આટલા મોટા પાયે થયેલા હત્યાકાંડ માટે માત્ર ૩૬૪ લોકોને સજા થાય તેનાથી મોટી નિષ્ફળતા પોલીસની બીજી કઈ હોઈ શકે ? આ નિષ્ફળતા માટે ના પોલીસને કશું થયું કે ના કૉંગ્રેસના નેતાઓને કશું થયું. જેમને સજા થઈ એ બધા નાના નાના માણસો છે પણ હત્યાકાંડના અસલી વિલનો તો ટોચના કૉંગ્રેસી નેતા હતા ને તેમાંથી માત્ર સજજનકુમારને સજા થઈ છે. દિલ્હી હાઈ કોર્ટે એક કેસમાં સજજનકુમારને શીખ વિરોધી રમખાણોના કેસમાં દોષિત ઠેરવીને જનમટીપ ફટકારી છે પણ બીજા કોઈ ટોચના નેતાને સજા થઈ નથી. અમિતાભ બચ્ચન એ વખતે રાજીવ ગાંધીની નજીક હતા. શીખોના હત્યાકાંડમાં બચ્ચને ભાગ લીધો હતો એવા આક્ષેપો પણ થયેલા પણ બચ્ચન સામે તો કદી કેસ સુધ્ધાં ના થયો.

બીજાં ઘણાં એવાં નામો છે કે જેમની સંડોવણી દીવા જેવી સ્પષ્ટ હતી છતાં સજા કદી ના થઈ કેમ કે પોલીસ કે બીજી એજન્સીઓએ તેમની સામે પુરાવા જ ન મૂક્યા. કેન્દ્રમાં ૨૦૧૪માં નરેન્દ્ર મોદી સરકાર આવી પછી શીખ વિરોધી રમખાણોના કેસ પાછા ખોલીને ન્યાય કરવા પ્રયત્ન કર્યો પણ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયું હતું. મોદી સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ)ની રચના કરીને ૨૯૩ કેસોની ચકાસણી કરવા કહેલું પણ પુરાવા જ નહોતા તેથી ૨૪૧ કેસો બંધ કરી દેવાની ભલામણ એસઆઈટીએ કરવી પડેલી. સુપ્રીમ કોર્ટે સુપરવાઈઝરી પેનલ બનાવીને ચકાસણી કરવા કહેતાં ૨૪૧ કેસોમાંથી ૧૯૯ કેસોની ફરી તપાસના આદેશ છૂટ્યા પણ તપાસનો મતલબ નથી. આટલાં વરસે ક્યાંથી પુરાવા મળવાના ? આ સંજોગોમાં ખાલી ન્યાયનું નાટક કરીને જૂના ઘા તાજા કરવાની જરૂર નથી. કેસો બંધ કરી દેવા જોઈએ કે જેથી ન્યાયની વાંઝણી આશા પણ ના રહે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, શુક્રવાર, તા. ૨૩-૧-૨૦૨૬, વસંત પંચમી, સરસ્વતી પૂજા

- ભારતીય દિનાંક ૩, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા બપોરે ક. ૧૪-૩૨ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૮-૩૩ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૯, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૩ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૫, રાત્રે ક. ૨૦-૩૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ - પંચમી. શ્રી પંચમી, વસંત પંચમી, સરસ્વતી પૂજા, નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી, આચાર્ય સુંદરસાહેબ જયંતી (સચ્ચિદાનંદ સંપ્રદાય), પંચક.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન, વસંતપંચમી પર્વની વિશેષપૂજા, સરસ્વતી માતાનું પૂજન, ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, અર્જૈક્યપાદ દેવતાનું પૂજન, વિદ્યારંભ, પશુ લે-વેંચ, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર-શનિ યુતિ શંકાશીલ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ કલ્પનાશીલ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ડોડામાં ખીણમાં લશ્કરનું વાહન પડતાં ૧૦ જવાન શહીદ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુના ડોડા જિલ્લામાં સુરક્ષા દળનું એક વાહન ખીણમાં ખાબકતાં ૧૦ જવાન શહીદ થયાં હોવા ઉપરાંત સાત જવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોના સારવારાર્થે તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ડ્રાઈવરે વાહન પરનું નિયંત્રણ ગુમાવતાં આ દુર્ઘટના બની હતી. ભદ્રવાહ-ચંબા ઈન્ટરસ્ટેટ રોડ પર ખન્ની ટૉપ ખાતે આ ઘટના બની હતી.

આ બુલેટપ્રુફ વાહનમાં ૧૭ જવાન સવાર હતા એમ જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે વાહન ઊંચાઈએ આવેલી એક પૉસ્ટ તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતાં વાહન ૨૦૦ ફૂટ ઊંડી ખાઈમાં ખાબક્યું હતું.

સેનાના જવાનો અને પોલીસે સંયુક્ત રીતે કામગીરી આરંભી હતી અને દસ જવાનનાં મૃતદેહ શોધી કાઢ્યા હતા. ગંભીર રીતે ઘાયલ અન્ય સાત જવાનને બચાવી લેવામાં આવ્યા હતા. ઘાયલ જવાનોને ઍરલિફ્ટ કરી સારવારાર્થે ઉધમપુર મિલિટરી હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

લે. ગવર્નર મનોજ સિંહાએ ઘટના અંગે ખેદ અને ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે આ ઘટનાને કમનસીબ લેખાવી હતી અને જીવ ગુમાવનારાં જવાનોની બહાદુરી અને સર્વોચ્ચ બલિદાનને શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે દેશ શહીદોની સેવાને સદાય યાદ રાખશે.

ઉપરાજ્યપાલે પણ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને અસરગ્રસ્ત પરિવારો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

### ગ્રીનલૅન્ડ મુદ્દે નાટો સાથે ભાવિ કરાર માટે સહમતીની ટ્રમ્પની જાહેરાત પછી ડેન્માર્કનાં પીએમે કહ્યું,

# સાર્વભૌમત્વ મામલે બાંધછોડ નહીં

કોપનહેગન : ડેન્માર્કનાં વડા પ્રધાન મેટે ફ્રેડરિક્સને કહ્યું હતું કે તેમનો દેશ તેની સાર્વભૌમત્વ પર કોઈ સમાધાન કરી શકે નહીં. ફ્રેડરિક્સને આ ટિપ્પણી ત્યારે કરી જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે નાટોના વડા સાથે આર્કટિક સુરક્ષા પર ભવિષ્યના કરાર માટે માળખું બનાવવા માટે સહમતિ વ્યક્ત કરી છે. ટ્રમ્પે ગ્રીનલૅન્ડ પર અમેરિકાના નિયંત્રણ માટે આઠ યુરોપિયન દેશો પર ટૅરિફ લાદવાની પોતાની ધમકી પાછી ખેંચી લીધી હતી. ગ્રીનલેન્ડ એ નાટો સાથી ડેન્માર્કનો અર્ધ-સ્વાયત્ત પ્રદેશ છે. થોડા સમય પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ટાપુના સંપૂર્ણ અધિકાર અને સ્વામિત્વ મેળવવા માગે છે.

ટ્રમ્પે કહ્યું હતું કે ગોલ્ડન ડોમ મિસાઇલ સંરક્ષણ કાર્યક્રમ અંગે ગ્રીનલૅન્ડ પર વધારાની ચર્ચાઓ ચાલી રહી છે. ગોલ્ડન ડોમ મિસાઇલ એક બહુ-સ્તરીય, ૧૭૫ અબજ ડોલરની સિસ્ટમ છે જે પ્રથમ વખત અમેરિકાના હથિયારોને અવકાશમાં સ્થાપિત કરશે. તેમણે વધુ વિગતો આપી ન હતી. ફ્રેડરિક્સને એક નિવેદનમાં જણાવ્યું હતું કે આર્કટિક સુરક્ષા એ નાટોના તમામ સભ્યોનો વિષય છે અને તે સ્વાભાવિક અને યોગ્ય છે કે તેના પર અમેરિકાના રાષ્ટ્રપતિ અને નાટો મહાસચિવ માર્ક રૂટ વચ્ચે ચર્ચા થાય. તેમણે કહ્યું કે તેમણે રૂટ સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો છે, જેમાં દાવોસમાં ટ્રમ્પ સાથેની તેમની મુલાકાત પહેલા અને પછીનો પણ સમાવેશ થાય છે.

વડાપ્રધાને લખ્યું કે નાટો ડેન્માર્કના વલણથી સંપૂર્ણપણે વાકેફ છે કે સુરક્ષા, રોકાણ અને આર્થિક બાબતો સહિતના રાજકીય મુદ્દાઓ પર વાટાઘાટો કરી શકાય છે, પરંતુ આપણે આપણા સાર્વભૌમત્વ પર વાટાઘાટો કરી શકતા નથી. તેમણે કહ્યું હતું કે, મને કહેવામાં આવ્યું છે કે આવું નથી. તેમણે સ્પષ્ટતા કરી કે ડેન્માર્ક અને ગ્રીનલૅન્ડ સંબંધિત બાબતો પર ફક્ત ડેન્માર્ક અને ગ્રીનલૅન્ડ જ નિર્ણય લઈ શકે છે.

# ચીન-રશિયાને ગ્રીનલૅન્ડથી દૂર રાખવા અમેરિકા સાથે સહમતીઃ નાટો

લંડનઃ ગ્રીનલેન્ડ પર અમેરિકા સાથેની વાતચીત રશિયા અને ચીનને ડેનિશ આર્કટિક પ્રદેશમાં લશ્કરી અથવા આર્થિક પ્રવેશ મેળવવાથી રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, એમ નાટોના વડા માર્ક રૂટે ગુરુવારે જણાવ્યું હતું.

રૂટેની ટિપ્પણીઓ દાવોસમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેની ચર્ચાના એક દિવસ પછી આવી છે, ત્યારબાદ ટ્રમ્પે બળજબરીથી ગ્રીનલૅન્ડ કબજે કરવાની અગાઉની ધમકીઓને નરમ પાડતા કહ્યું હતું કે ટાપુ પર સોદા માટે માળખું તૈયાર થઈ ગયું છે.

તે ખૂબ જ સારી ચર્ચા હતી, રૂટેને સમાચાર એજન્સી એએફપી દ્વારા વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દરમિયાન આયોજિત યુક્રેન પરના એક કાર્યક્રમમાં કહ્યું હતું.

તેમણે કહ્યું કે ભવિષ્યની વાટાઘાટો ટ્રમ્પ સાથેની તેમની બેઠક પર આધારિત હશે અને તેમાં નાટો સાથીઓ, ખાસ કરીને જોડાણના સાત આર્કટિક સભ્યો દ્વારા આ ક્ષેત્ર સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસોનો સમાવેશ થશે.

રૂટેએ કહ્યું કે, એક મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે રશિયનો અને ચીનીઓ આર્કટિકથી દૂર રહે.

તેમણે ઉમેર્યું હતું કે બીજી પ્રાથમિકતા ચીન અને રશિયાને ગ્રીનલેન્ડના અર્થતંત્રમાં પ્રવેશ મેળવવાથી અથવા ત્યાં લશ્કરી હાજરી સ્થાપિત કરવાથી અટકાવવાની રહેશે.

ગયા અઠવાડિયે, ડેમાર્ક અને ગ્રીનલેન્ડના વિદેશ પ્રધાનોએ વૉશિંગ્ટનમાં અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી. વૅન્સ અને વિદેશ પ્રધાન માર્કો રૂબિયો સાથે વાતચીત કરી હતી.

નાટો સભ્ય ડેમાર્કમાં એક સ્વાયત્ત પ્રદેશ, ગ્રીનલૅન્ડ પર ટ્રમ્પની અગાઉની ટિપ્પણીઓએ ટ્રાન્સએટલાન્ટિક સંબંધોમાં તણાવ પેદા કર્યો છે અને યુરોપ અને વૉશિંગ્ટન વચ્ચે દાયકાઓમાં સૌથી ગંભીર તિરાડ ઊભી કરી છે.

# 'હોમ બાઉન્ડ'નું ઑસ્કરમાં નૉમિનેશન પણ ન થયું

નવી દિલ્હીઃ ફિલ્મનિર્માતા નીરજ ઘાયવાનની ફિલ્મ 'હૉમ બાઉન્ડ'નું ઑસ્કરના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મના વર્ગમાં નામાંકન પણ નહોતું થઇ શક્યું અને સ્પર્ધામાંથી બહાર ફેંકાઇ ગઇ હતી.

ઍકેડૅમી ઑફ મૉશન પિક્ચર આર્ટ્સ ઍન્ડ સાયન્સીસે લૉસ એન્જેલસ ખાતે ગુરુવારે ૯૮મા ઍકેડૅમી અવૉર્ડ્સના નૉમિનેશન્સની જાહેરાત કરી હતી.

હિંદી ફિલ્મ 'હૉમ બાઉન્ડ'ના દિગ્દર્શકો કરણ જોહર અને આદર પુનાવાલા છે. તેમાં ઇશાન ખટ્ટર, વિશાલ જેઠવા અને જાહ્નવી કપૂરે ભૂમિકા ભજવી છે.

'હૉમ બાઉન્ડ'માં એક મુસલમાન અને એક દલિત બાળપણના મિત્રોની વાત છે. ૯૮મો ઍકેડૅમી અવૉર્ડ્સનો સમારંભ હૉલિવૂડના ડોલ્બી થિયેટર ખાતે ૧૫ માર્ચે યોજાશે. (એજન્સી)

# ટ્રમ્પનો યુ-ટર્નઃ યુરોપ દેશ પરનો ટૅરિફ પાછો ખેંચ્યો

દાવોસ : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સ્વીટ્ઝરલૅન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ચુનંદા લોકોના જૂથને એક કલાકથી વધારે સમય સુધી સંબોધ્યું હતું અને યુરોપના દેશો પરના ટૅરિફ પાછા ખેંચવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે ગ્રીનલૅન્ડ પ્રાપ્ત કરવા યુરોપના દેશો પર ટૅરિફ નાખવાની જાહેરાત કરી હતી.

ટ્રમ્પે કહ્યું હતું કે ઉત્તર ધ્રુવપ્રદેશની સુરક્ષા માટે નાટો સાથે નવું માળખું રચાયું છે અને આ 'અનંત ડીલ' છે. ટ્રમ્પે એવી પણ જાહેરાત કરી હતી કે અમેરિકા ગ્રીનલૅન્ડનું નિયંત્રણ મેળવવા બળનો ઉપયોગ નહીં કરે. જોકે ટ્રમ્પે ગ્રીનલૅન્ડના 'અધિકાર, ટાઈટલ અને માલિકી' મેળવવાની ઈચ્છા ફરી જાહેર કરી હતી. ટ્રમ્પે નાટો સાથીદારોને આમાં વચ્ચે ન આવવાનો અનુરોધ કર્યો હતો.

આ ડીલ કેટલું ટકશે એના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે આ ડીલ કાયમ માટેની છે. આથી હું આને અનંત ડીલ કહું છું.

ટ્રમ્પે સંબોધન બાદ ફોરમના સ્થળને છોડી દીધું છે. મેં નાટોના સેક્રેટરી જનરલ માર્ક રૂટે સાથે ડીલના માળખા અંગે સંમતિ સાધી હતી. ડીલ તરત જ અમલમાં મુકાશે. તેમણે કહ્યું હતું કે આ ડીલ બધાને આનંદ આપશે. મારા માણસો ડીલ પર કામ કરી રહ્યા છે. આ ડીલ અમેરિકા માટે સારી હશે.

# યુદ્ધનો અંત આવવો જ જોઈએઃ ટ્રમ્પ

દાવોસ : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરવારે કહ્યું હતું કે મારે યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી સાથે સારી બેઠક કરી હતી. આ બેઠક બાદ રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનને સંદેશો આપ્યો હતો કે યુદ્ધ બંધ જ થવું જોઈએ.

ટ્રમ્પે દાવોસ છોડતા પહેલાં પત્રકારોનો સવાલનો જવાબ આપતાં કહ્યું હતું કે અમેરિકાનું પ્રતિનિધિમંડળ આજકલમાં પુતિનને મળશે. ટ્રમ્પે કહ્યું હતું કે હું પ્રમુખ ઝેલેન્સ્કીને મળ્યો હતો. અમેરિકાનું પ્રતિનિધિમંડળ પ્રમુખ પુતિનને મળશે. તમારો પુતિનને શું સંદેશો હશે એવા સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે યુદ્ધનો અંત આવવો જ જોઈએ. અનેક લોકો મરણ પામ્યા છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પનું

કરી હતી, પરંતુ અમેરિકાના પ્રમુખે ગ્રીનલૅન્ડ કબજે કરવાની માગણી કરતા આ મુદ્દે વિવાદ ઊભો થયો હતો. ટ્રમ્પે 'બૉર્ડ ઑફ પીસ'ની રચનાની જાહેરાત કરતા દાવો કર્યો હતો કે આ બૉર્ડ અમેરિકા માટે નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે છે. આપણે ગાઝામાં સફળ થશું, તો આ બૉર્ડનો વ્યાપ બીજે પણ ફેલાવી શકીશું. ગાઝાની નવી સરકારના વડા અલી શાથે જણાવ્યું હતું કે અમે આવતા અઠવાડિયે રાફાહ સરહદ બન્ને દિશામાં ખોલીશું. અગાઉ, ઇઝરાયલે ગાઝા અને ઇજિપ્ત વચ્ચેનું ક્રોસિંગ ડિસેમ્બરની શરૂઆતમાં ખોલવાની જાહેરાત કરી હતી, પરંતુ હજી સુધી તેમ નથી કર્યું. નવા 'બૉર્ડ ઑફ પીસ'માં વિશ્વના કેટલાક દેશના નેતાનો સમાવેશ થાય છે અને તે યુદ્ધવિરામ પર નજર રાખશે. વૉશિંગ્ટનના અનેક સાથી દેશો આ સંગઠનથી દૂર રહ્યા છે.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે 'બૉર્ડ ઑફ પીસ'માં જોડાવા માટે ૫૯ દેશે સહી કરી હતી. આ બૉર્ડના સભ્ય દેશોમાં અઝરબૈજાનથી પેરાગ્વે અને હંગેરીના અગ્રણી રાજદ્વારી છે. ટ્રમ્પે સભ્ય દેશોના નેતાઓને વિશ્વના સૌથી વધુ શક્તિશાળી દેશના લોકો ગણાવ્યા હતા. અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે 'બૉર્ડ ઑફ પીસ'માં જોડાનારા દરેક મારા મિત્ર છે. અમુક તો બહુ જ લોકપ્રિય નેતા છે, જ્યારે કેટલાક બહુ લોકપ્રિય નથી. 'બૉર્ડ ઑફ પીસ'ના અગ્રણી વહીવટદારોમાં અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો, અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઇ જેરેડ કુશનરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આ બૉર્ડમાં સઉદી અરેબિયાના વિદેશ પ્રધાન પાટવીકુંવર ફૈઝલ બિન ફરાહન, અઝરબૈજાનના પ્રમુખ ઇહામ અલીયેવ, આર્મેનિયાના વડા પ્રધાન નિકોલ પશિન્યાન, કઝાખસ્તાનના પ્રમુખ કાસિમ-જોમાર્ટ ટોકાયેવ, આર્જેન્ટિનાના પ્રમુખ જેવિયર મિલેઇ અને ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સબિયાન્ટોનો સમાવેશ થાય છે.

**કોણ ઈન?**

આર્જેન્ટિના, અર્મેનિયા, અઝરબૈજાન, બાહરિન, બેલારુસ, બલ્ગેરિયા, ઈજિપ્ત, હંગેરી, ઈન્ડોનેશિયા, જોર્ડન, કઝાકસ્તાન, કોસોવો, મૉરોક્કો, મોંગોલિયા, પાકિસ્તાન, કતાર, સઉદી અરબ, યુએઈ, ઉઝબેકિસ્તાન, વિયેતનામ.

**કોણ આઉટ?**

ફ્રાન્સ, નૉર્વે, સ્લૉવૅનિયા, સ્વિડન, યુનાઈટેડ કિંગડમ-યુકે

**કોણ હજુ બેઠું છે વાડ પર?**

કંબોડિયા, ચીન, જર્મની, ભારત, ઈટલી, ધ યુરોપિયન યુનિયન એક્ઝિક્યુટિવ આર્મ, પેરુગ્વે, રશિયા, સિંગાપોર, થાઈલૅન્ડ, યુક્રેન.

### ભારતને જોડાવાની

વૈશ્વિક નેતાઓને આમંત્રણ આપ્યું હતું. ટ્રમ્પે ગાઝાપટ્ટીમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામના બીજા તબક્કાની જાહેરાત બાદ ટ્રમ્પે આ બોર્ડની રચનાની જાહેરાત કરી હતી.

ભારત ઉપરાંત યુનાઈટેડ કિંગડમ, ચીન, જર્મની અને બીજા આગેવાન દેશોએ ટ્રમ્પના 'બોર્ડ ઑફ પીસ'ના સમારોહનો બહિષ્કાર કર્યો હતો. સુમાહિતગાર સૂત્રોએ કહ્યું હતું કે ભારતે 'બોર્ડ ઑફ પીસ' અંગે નિર્ણય લીધો નથી. નવી દિલ્હી આ પહેલના વિવિધ પાસાં પર વિચાર કરી રહ્યું છે, કારણ કે આ પહેલમાં સંવેદનશીલ બાબતો સંડોવાયેલી છે. ભારત પેલેસ્ટાઈનના પ્રશ્ને ' બે દેશના ઉકેલ'ની હિમાયત કરે છે. આ ઉકેલ સૂચવે છે કે પેલેસ્ટાઈન અને ઈઝરાયલ માન્યતાપ્રાપ્ત સરહદમાં શાંતિ અને સુરક્ષાથી રહે. ભારત ઉપરાંત જર્મની, ઈટાલી, પૈરાગ્વે, રશિયા, સ્લોવેનિયા, તુર્કી અને યુક્રેને ટ્રમ્મ્પના આમંત્રણ અંગે કોઈ પ્રતિબદ્ધતા દાખવી નથી. (એજન્સી)

### બાંગ્લાદેશનો

મતે 'ભારતમાં બાંગ્લાદેશના ખેલાડીઓની સલામતીને લઈને અમને કોઈ જ ભય નથી દેખાતો એવું કહીને આઇસીસીએ બુધવારે બાંગ્લાદેશને નિર્ણય લેવા ૨૪ કલાકનો સમય આપ્યો હતો (જે પૂરો થઈ ગયો), પરંતુ આઇસીસી એ નિર્ણય પર આગળ જઈ જ ન શકે, કારણકે બાંગ્લાદેશ વર્લ્ડ કપની બહાર થઈ જશે તો આઇસીસી ૨૦ કરોડ દર્શકો ગુમાવશે. અમારી સરકારે નિર્ણય લીધો છે કે ક્રિકેટરોને ભારત ન મોકલવા. અમારા ખેલાડીઓએ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થવા તનતોડ મહેનત કરી હતી, પણ તેમની સલામતી અમારા માટે સર્વોત્તમ બાબત છે. અમને આશા છે કે આઇસીસી ન્યાય કરશે.'

આઇસીસીએ બુધવારે નક્કી કર્યું હતું કે જો બાંગ્લાદેશ વર્લ્ડ કપની મૅચો ભારતમાં રમવા તૈયાર નહીં થાય તો વર્લ્ડ કપમાં એના સ્થાને સ્કૉટલૅન્ડનો સમાવેશ કરી દેવામાં આવશે. સ્કૉટલૅન્ડ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય નહોતું થયું, પણ હવે બાંગ્લાદેશની બાદબાકી થશે તો એ આપોઆપ ક્વૉલિફાય થઈ જશે.

### બીએમસીમાં

અને જાગૃતિ પાટીલ, રિતુ તાવડે અને અલકા કેળકરના આગળ આવી રહ્યા છે. એ સિવાય અન્ય નામો પર પણ આખો દિવસ સોશ્યલ મીડિયા પર ચર્ચા ચાલી રહી હતી પણ જેમાં યુબીટીમાંથી આવેલી તેજસ્વી ઘોસાળકરનું નામ આગળ કરવામાં આવી રહ્યું હતું. જોકે પક્ષના સિનિયર નેતાના કહેવા પક્ષપલટો કરીને આવેલા ઉમેદવારને જો મૅયરનું મહત્ત્વનું પદ આપવામાં આવે તો પક્ષમાં ચૂંટાયેલા સિનિયર નગરસેવકોમાં અસંતોષ જાગશે, જે પક્ષને પરવડી શકે નહીં.

મુંબઈ મહાનગરપાલિકાની ૨૨૭ બેઠકોમાંથી ૭૪ બેઠકો જનરલ શ્રેણી (ઓપન કેગેટરી)માટે હતી, જેમાં રાજકીય પક્ષોએ અનુભવી મહિલાઓની સાથે અનેક નવા ચહેરાઓને પણ તક આપી હતી. આગામી અઢી વર્ષ માટે મુંબઈનું મેયર પદ જનરલ શ્રેણીમાં મહિલા માટે અનામત થઈ ગયું છે ત્યારે ચૂંટણીમાં ૮૯ બેઠકો જીતનારા ભાજપ પાસે ૪૦ પુરુષ નગરસેવક છે, જેમાં ૧૯ નવા અને ૨૧ જૂના નગરસેવક છે. તેમ જ ૪૯ મહિલા ચૂંટાઈ આવી છે, જેમાં પચીસ નવી અને ૨૪ જૂની નગરસેવિકા છે, જેમાં ઓપન જનરલ શ્રેણીમાં ચૂંટણી લડીને ૨૭ નગરસેવિકાઓ ચૂંટણી જીતી છે.

ભાજપને ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતિ મળી નથી, તેને શિવસેના(શિંદે) સાથે યુતિ કરીને ચૂંટણી લડી હતી, જેમાં શિંદેના ૨૯ નગરસેવક ચૂંટાયા છે. મુંબઈના મૅયરપદ માટે શિંદેની શિવસેના ઉત્સુક હોવાનું કહેવાય છે અને તે માટે તેઓ ભાજપ પર બહુમતીના નામે પ્રેશર લાવવાની ટેક્નિક પણ રમી રહી છે. જોકે ભાજપે આ વખતે મૅયર માટે કોઈ સામે નમવું નહીં એવી નીતિ રાખી હોવાનું કહેવાય છે. જોકે સત્તાવાર રીતે બંને પક્ષમાંથી કોને મેયર પદ મળશે તે બાબતે હજી કોઈ જાહેરાત થઈ નથી પણ ભાજપના સૌથી વધુ નગરસેવક હોવાથી તેમનો જ મૅયર બનશે એવું માનવામાં આવે છે.

### ક્રોએશિયાના

ઉઠાવ્યો હતો અને તેમને ગુનેગારો વિરુદ્ધ તેમના નિંદનીય અને ગેરકાયદે કૃત્યો બદલ કાર્યવાહી કરવા કહ્યું છે.

પન્નુએ વીડિયોમાં કહ્યું હતું કે ખાલિસ્તાની કાર્યકરોએ ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસ પહેલા કૃત્ય કર્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છબીઓ દર્શાવતા બેકગ્રાઉન્ડ સામે બોલતા પન્નુએ દાવો કર્યો હતો કે પ્રજાસત્તાક દિવસ પર નવી દિલ્હી નિશાન પર હશે. યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાનો હશે.

### ન્યુઝીલેન્ડના

જણાવ્યું હતું કે ગુમ થયેલા લોકોની સંખ્યા દસથી ઓછી છે. મિશેલે જણાવ્યું હતું કે, ગુરુવાર મોડી રાત સુધી માઉન્ટ મૌંગાનુઈના કાટમાળમાંથી કોઈ બચી ગયેલા લોકો કે મૃતદેહ મળી આવ્યા ન હતા, જ્યાં માનવ પીડિતોને શોધવા માટે કૂતરાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ન્યુઝીલેન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને ભારે પરિસ્થિતિઓ દરમિયાન સ્થાનિક અધિકારીઓની સલામતી સલાહનું પાલન કરવા વિનંતી કરી હતી.

પોલીસના નિવેદનમાં જણાવાયું છે કે, બુધવારે સવારે ઉત્તર ટાપુના મોટા ભાગમાં ભારે વરસાદ પડ્યો હતો અને પૂરના પાણી રસ્તા પરથી વહી ગયા બાદ એક વ્યક્તિ ગુમ થયો હતો.

# વંદે ભારત વધુ ચાર કોચ સાથે અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડશે, કર્ણાવતીના શેડ્યૂલમાં ફેરફાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને મુંબઈ વચ્ચે ખાસ કરીને કામકાજ માટે નિયમિત અવરજવર કરતા હજારો પ્રવાસીઓ માટે રાહતના સમાચાર છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડતી વંદેભારત એક્સપ્રેસ હવે ૧૬ કોચને બદલે ૨૦ કોચ સાથે દોડશે. આ વધારાના ચાર કોચ ૨૬મી જાન્યુઆરીથી સાત માર્ચ દરમિયાન કામચલાઉ ધોરણે જોડવામાં આવશે.

હાલમાં આ ટ્રેનમાં બે એક્ઝિક્યુટિવ ક્લાસ અને ૧૪ ચેર કાર હોય છે, પરંતુ હવે ૨૦ કોચ થવાને કારણે વેઈટિંગ લિસ્ટની સમસ્યામાં મોટી રાહત મળશે અને વધુ મુસાફરો કન્ફર્મ ટિકિટ સાથે પ્રવાસ કરી શકશે, તેમ રેલવે સૂત્રોએ જણાવ્યું હતું.

વંદે ભારતની સાથે જ અન્ય એક ટ્રેન કર્ણાવતી એક્સપ્રેસ (૧૨૯૩૩/૩૪)ના શેડ્યૂલમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ૨૬ જાન્યુઆરીથી ૭ માર્ચ સુધી આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલને બદલે બાન્દ્રા ટર્મિનસથી ઓપરેટ થશે. રેલવે દ્વારા કરવામાં આવેલો આ ફેરફાર કામચલાઉ છે, જેનું કારણ સંચાલન અને ટર્મિનલ મેનેજમેન્ટ હોવાનું માનવામાં આવે છે. વટવા-મુંબઈ વચ્ચે દોડતી આ ટ્રેનના મુસાફરોએ હવે નવા સ્ટેશન મુજબ પોતાની મુસાફરીનું પ્લાનિંગ કરવું પડશે.

રેલવે વિભાગે આ ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરોને અપીલ કરી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા ટ્રેનના સમય અને બોર્ડિંગ સ્ટેશનની વિગતો ઓનલાઈન અથવા પૂછપરછ બારી પર તપાસી લે. ■

# ગુજરાતમાં માવઠાંની આગાહી, ત્રણ જિલ્લામાં યલો અલર્ટ જાહેર

અમદાવાદઃ એકવાર કમોસમી વરસાદનો માર ઝીલી ચૂકેલા ગુજરાતમાં ફરી માવઠાની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં પશ્ચિમી વિક્ષેપ એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અમુક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભરશિયાળે માવઠું પડશે તેવી આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગ દ્વારા કચ્છ સહિત ત્રણ જિલ્લામાં યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ઠંડીનું પણ જોર વધતું જોવા મળી શકે છે. ખાસ કરીને કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ યલો અલર્ટને જારી કરવામાં આવ્યું હતું. આ સાથે વીજળીના કડાકા સાથે વરસાદ થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવા અપીલ કરી હતી. આ સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાત સહિત પાડોશી રાજ્ય રાજસ્થાનમાં પણ જોવા મળશે. જેમાં રાજસ્થાનના ૬ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી હતી. અમદાવાદ સહિત રાજ્યભરમાં હાલમાં ઠંડીમાં એકાદ-બે ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. આવનારા દિવસોમાં સમગ્ર રાજ્યમાં ઠંડીનું જોર વધવાની શક્યતા પણ છે. ■

# ગાંધીનગરમાં વિદ્યાર્થિનીનો ક્લાસરૂમમાં આપઘાતઃ ભરૂચમાં પોલીસ કોન્સ્ટેબલે જીવ ટૂંકાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં કોલેજના ક્લાસરૂમમાં ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો હતો. ક્લાસરૂમમાં વિદ્યાર્થિની બેન્ચ પર ચડીને દુપટ્ટા વડે પંખામાં ફંદો બનાવીને ગળેફાંસો ખાઈ લીધો હતો. આ સમગ્ર ઘટના ક્લાસરૂમમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના સાનિયાતર ગામની વતની શિવાની આહિર (૧૯) ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલ જે.એમ.ચૌધરી કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં રહીને એફવાયબીએનો અભ્યાસ કરતી હતી.

તારીખ ૨૧ જાન્યુઆરીએ શિવાની ગુમ થઈ ગઈ હતી. જેથી કોલેજ વહીવટી તંત્ર અને સિક્યુરિટી દ્વારા હોસ્ટેલ અને કેમ્પસમાં શોધખોળ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે કોલેજ વહીવટી તંત્ર દ્વારા સેક્ટર ૭ પોલીસને જાણ કરવામાં આવી હતી. ફરિયાદ નોંધાતા પોલીસ દ્વારા લાપતા વિદ્યાર્થિનીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

પોલીસ તપાસ દરમિયાન કોલેજના ક્લાસરૂમમાંથી વિદ્યાર્થિનીનો પંખા સાથે દુપટ્ટા વડે લટકતી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

બીજી બાજુ ભરૂચ પોલીસ વિભાગમાં ફરજ બનાવતા કોન્સ્ટેબલે આત્મહત્યા કરી લીધી હતી.

મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બોરલા ગામના વતની ૨૭ વર્ષીય પ્રીતિબેન ઉદેસિંહ પરમારે બુધવારે મોડી રાત્રે આ અંતિમ પગલું ભર્યું હતું. તેઓ ભરૂચ પોલીસ હેડક્વાર્ટર ખાતેના પોતાના નિવાસસ્થાને હતા, જ્યાં તેમણે ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બી ડિવિઝન પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. આત્મહત્યાનું કારણ અકબંધ છે.

ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ સ્ટેશનના પીએસઓ એ ઝેરી દવા પી આત્મહત્યા લીધી હતી. ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ સ્ટેશનમાં પીએસઓ તરીકે ફરજ પર હાજર હે.કો. દિગ્વિજયસિંહ ગોહિલે એ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેમનું મોત નીપજ્યું હતું. ■

# બેલારુસમાં ફસાયેલી નવસારીની મહિલા પરત ભારત આવશે, પરિવારમાં ખુશીનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીના મીનાબેન રાજેશભાઈ જોષી બેલારુસમાં ફસાયા બાદ હવે ટૂંક સમયમાં વતન પરત ફરશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આગામી ૨૪મી જાન્યુઆરીએ મીનાબેન ભારત પરત આવી રહ્યા છે, જેના પગલે તેમના પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. મીનાબેન બેલારુસમાં મુશ્કેલીમાં હોવાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેના કારણે તંત્ર દ્વારા આગળની તપાસ શરૂ કરવામાં આવી હતી.

વીડિયો વાયરલ થયા બાદ નવસારીના સામાજિક અગ્રણીઓ અને તંત્ર દ્વારા પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ મામલે બ્રહ્મ સમાજના પ્રમુખ નરેશ પુરોહિતે જણાવ્યું હતું કે, મીનાબેનના પરત આવવાના સમાચારથી પરિવારમાં આનંદ છે. તેમણે આ ઘટના પરથી બોધપાઠ લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

મીનાબેન નોકરી માટે બેલારૂસ ગયાં હતાં અને ત્યાં તકલીફમાં હોવાનો વીડિયો વાયરલ થયો હતો. હવે વડોદરાના એજન્ટે જ મહિલાની ટિકિટની વ્યવસ્થા કરી આપી હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ ૨૪મી જાન્યુઆરીએ દિલ્હી અને ત્યારબાદ નવસારી પહોંચશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં પાલતુ શ્વાનનું રજિસ્ટ્રેશન નહીં કરાવવા બદલ ભારે દંડની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પાલતુ શ્વાનના રજિસ્ટ્રેશનની પ્રક્રિયાને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું હોવા છતાં, અપેક્ષિત સફળતા મળી નથી. અનેક વખત સમયમર્યાદા લંબાવવા છતાં હજુ પણ હજારો શ્વાન માલિકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું નથી. આ પરિસ્થિતિને જોતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હવે કડક વલણ અપનાવવાની તૈયારીમાં છે. નિયમોનું ઉલ્લંઘન કરનારા માલિકો સામે દંડ અને કાયદેસરની કાર્યવાહી કરવા માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તૈયાર કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મનપાની મળેલી એક બેઠકમાં રજિસ્ટ્રેશનની નબળી કામગીરી સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. શહેરમાં ૫૦,૦૦૦ પાલતુ શ્વાન હોવાનો અંદાજ છે, જેની સામે માત્ર ૧૮,૦૦૦ જેટલા જ રજિસ્ટ્રેશન થયા છે. હવે જો કોઈ માલિક પ્રથમ વખત રજિસ્ટ્રેશન વગર પકડાશે તો તેને રૂ. ૨૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવશે. બીજી વાર પકડાવા પર દંડની રકમ વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવશે અને ત્રીજી વખત પકડાયા તો પોલીસ કેસ કરવાની જોગવાઈ ઉમેરવાની શક્યતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મનપાના કેટલ ન્યુસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી આ ઝુંબેશ તેજ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં સૌથી વધુ રજિસ્ટ્રેશન પશ્ચિમ ઝોનમાં (૪,૭૮૫) નોંધાયા છે, ત્યાર બાદ ઉત્તર પશ્ચિમ ઝોન (૩,૮૯૭) અને પૂર્વ ઝોન (૨,૭૭૩)નો નંબર આવે છે. સૌથી ઓછા રજિસ્ટ્રેશન મધ્ય ઝોનમાં માત્ર ૭૫૧ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે, શરૂઆતમાં રજિસ્ટ્રેશન ફી રૂ. ૨૦૦ હતી જે વર્ષના અંત સુધીમાં વધીને રૂ. ૨,૦૦૦ સુધી પહોંચી હોવાનું અહેવાલો જણાવે છે.

આ પ્રક્રિયા માત્ર સરકારી આંકડા માટે નથી, પરંતુ ભારતને 'રેબીઝ મુક્ત' બનાવવાના રાષ્ટ્રીય લક્ષ્યાંકનો એક ભાગ છે.

રજિસ્ટ્રેશન દ્વારા કોર્પોરેશન પાસે શહેરમાં કેટલા પાલતુ પ્રાણીઓ છે અને તેમનું વાર્ષિક રસીકરણ સમયસર થાય છે કે નહીં તેનો સચોટ ડેટા રહેશે. નિષ્ણાતોના મતે ભવિષ્યમાં પાલતુ પ્રાણીઓના વિવાદ કે કરડવાની ઘટનામાં રજિસ્ટ્રેશન ડોક્યુમેન્ટ માલિકો માટે પણ કાયદેસરના પુરાવા તરીકે મદદરૂપ સાબિત થઈ શકે છે. ■

# અમદાવાદમાં ૧૮ મીટરનો રોડ અડધો કરી નાખતા સ્ટેન્ડિંગ કમિટીએ કામ કરવું પડ્યું સ્થગિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહેલા રોડ બને અને પછી યાદ આવે કે રોડ નીચે ગટરલાઇન નાખવાની હતી. મહાનગરપાલિકાઓની કામગીરીને લઈને આવી ટીખળ અવારનવાર થતી હોય છે. જોકે, અમદાવાદ મહાનગરપાલિકાએ આવી ટીખળમાં એક નવી ટીખળ ઉમેરી છે. 'સ્માર્ટ રોડ' પ્રોજેક્ટ હેઠળ મનપાએ ૧૮ મીટરનો રોડ ૯ મીટરનો કરી નાખ્યો હોવાનું બહાર આવ્યું હતું. આમ થવાથી પાર્કિંગની સમસ્યા ઊભી થશે. આ બાબત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનની ધ્યાને આવતા રોડ બનાવવાની કામગીરી સ્થગિત કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સરદાર પટેલ સેવા સમાજ પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા હાથ ધરવામાં આવેલી રોડ બનાવવાની કામગીરીમાં ગંભીર છબરડો પ્રકાશમાં આવ્યો હતો. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરે સાથે મળી જે ડિઝાઈન તૈયાર કરી હતી, તેનાથી ટ્રાફિક વધવાની પૂરી શક્યતા જણાઈ આવી હતી. ટ્રાફિક સમસ્યા વધે તેવી ડિઝાઈન તૈયાર કરાતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને ડેપ્યુટી મેયરે રોડ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓનો ઉધડો લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સીજી રોડ અને લો-ગાર્ડન વિસ્તારને જોડતા રસ્તાઓને 'સ્માર્ટ રોડ' તરીકે ડેવલપ કરવા માટે રૂ. ૧૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જોકે, મીઠાખળી છ રસ્તાથી ગિરીશ કોલ્ડ્રિંક્સ સુધીનો રસ્તો હકીકતમાં ૧૮ મીટર પહોળો છે. પરંતુ આ રસ્તાને 'સ્માર્ટ રોડ' તરીકે ડેવલપ કરવાની કામગીરીમાં વિપરીત પરિણામ સામે આવ્યું હતું.

નવી ડિઝાઈન મુજબ વિશાળ ફૂટપાથ, ગટરની ડક અને પાર્કિંગ માટે જગ્યા ફાળવતાં વાહનોની અવરજવર માટેનો રસ્તો માત્ર ૯ મીટર (અડધો) થઈ ગયો હતો. આટલા વ્યસ્ત વિસ્તારમાં રોડ અડધો થઈ જવાથી ભવિષ્યમાં ગંભીર ટ્રાફિક જામની સમસ્યા સર્જાવાની પૂરેપૂરી શક્યતા હતી.

ઉલ્લેખનીય છે કે, વિવાદ વધતા મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી કમિશનર જાતે આ સ્થળની મુલાકાત લઈને ટ્રાફિકની સ્થિતિની સમીક્ષા કરશે, તેવી માહિતી પણ મળી હતી.

ભાજપના પદાધિકારીઓએ સ્પષ્ટ સૂચના આપી હતી કે, ૧૮ મીટરનો રોડ જળવાઈ રહેવો જોઈએ અને ફૂટપાથ કે પાર્કિંગના નામે વાહનચાલકોને મુશ્કેલી ન પડવી જોઈએ. ■

# ગુજરાતના વાહનોનું ઈન્સ્પેક્શન કર્યા વિના સર્ટિફિકેટ આપનાર બેંગલૂરુ આરટીઓ અધિકારી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેંગલૂરુ સેન્ટ્રલ રિજનલ ટ્રાન્સપોર્ટ ઑફિસમાં ફરજ બજાવતા એક વરિષ્ઠ ટ્રાન્સપોર્ટ ઓફિસરે કોઈપણ જાતના ફિઝિકલ ઈન્સ્પેક્શન વિના અમદાવાદના ૪૧ વાહનને ફિટનેસ સર્ટિફિકેટ આપવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

નિસ્સાર અહેમદ નામના આ અધિકારીએ મોટર વાહન નિયમો હેઠળ જરૂરી ફરજિયાત ફિઝિકલ ચેકિંગ કર્યા વિના ગુજરાતમાં ચાલતા વાહનો માટે કથિત રીતે ફિટનેસ સર્ટિફિકેટ આપ્યા હોવાનું બહાર આવ્યું હતું.

ગુજરાત પરિવહન વિભાગની ચેતવણી બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે અહેમદે ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ એક જ દિવસે ઓછામાં ઓછા ૩૦ વાહનને સર્ટિફિકેટ જારી કર્યા હતા, જ્યારે વાહનો ૧૫૦૦ કિમી દૂર ગુજરાતમાં હતા. જોકે તે સમયે વાહનો ગુજરાતમાં લગભગ ૧,૫૦૦ કિમી દૂર હતા.

ગુજરાત સત્તાવાળાઓએ કર્ણાટકના અધિકારીઓને જાણ કર્યા પછી આ અનિયમિતતા પ્રકાશમાં આવી હતી કે જે દિવસે બેંગૂરુમાં તેમના ફિટનેસ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા હતા તે દિવસે તે જ વાહનો ગુજરાતમાં હતા. ટોલ પ્લાઝા ડેટાની ચકાસણી પછી પુષ્ટિ થઈ હતી કે વાહનોને બેંગલૂરુ આરટીઓમાં ભૌતિક રીતે રજૂ કરી શકાયા ન હતા, જે ફિટનેસ સર્ટિફિકેટ માટે ફરજિયાત છે.

૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજના એક અહેવાલમાં, જોઈન્ટ ટ્રાન્સપોર્ટ કમિશનરે જણાવ્યું હતું કે વાહન ૪.૦ સિસ્ટમ દ્વારા ચકાસણીથી સાબિત થયું હતુ કે ગુજરાતના અધિકારીઓ જે વાહનોની વાત કરે છે તેને ફોર્મ ૩૮(એ) હેઠળ ફિટનેસ સર્ટિફિકેટ મળ્યા હતા અને ચકાસણીમાં ખૂલ્યું હતું કે વાહનોને ચેક કર્યા વિના જ સર્ટિફિટેક આપવામાં આવ્યા હતા.

સત્તાવાર રેકોર્ડની સમીક્ષામાં જાણવા મળ્યું છે કે પ્રમાણપત્રો ફરજિયાત ભૌતિક નિરીક્ષણ કર્યા વિના જારી કરવામાં આવ્યા હતા, જે મોટર વાહન અધિનિયમ અને સંબંધિત નિયમોનું ઉલ્લંઘન છે.

આરોપોની ગંભીરતા અને તપાસમાં દખલ થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને, પરિવહન કમિશનરે વિભાગીય તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી અધિકારીને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. ■

# ૧૨ વર્ષ પહેલા ૧૨,૦૦૦ રૂપિયા લઈ ગુમ થયેલી દીકરીનું પરિવાર સાથે મિલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના દાણીલીમડા વિસ્તારમાંથી ૨૦૧૪માં ગુમ થયેલી ૧૭ વર્ષીય છોકરી ૧૨ વર્ષ પછી પોતાના પરિવારને મળી હતી. આ છોકરીને તેના ઘરવાળાએ સામાન લાવવા માટે ૧૨,૦૦૦ રૂપિયા આપ્યા હતાં. પરંતુ તે રૂપિયા ક્યાંક પડી ગયાં હતાં. જેના કારણે તે ડરી ગઈ અને ટ્રેનમાં બેસીને મુંબઈ ભાગી ગઈ હતી. હવે ૨૯ વર્ષની થયેલી આ યુવતીને શહેર ક્રાઇમ બ્રાન્ચે તેને શોધી કાઢી હતી.

આ ઘટનાની વિગતો અનુસાર બાર વર્ષ પહેલાં સામાન્ય પરિવારમાં રહેતી આ યુવતી સામાન લેવા માટે પૈસા લઈને બહાર નીકળી હતી. પૈસા ગુમાવ્યા પછી ઘરે માતા-પિતાનો ઠપકો મળશે એવો ભય સતાવતા તેણે મુંબઈની ટ્રેન પકડી લીધી અને ભાગી ગઈ હતી. મુંબઈ પહોંચીને તેણે નાના-મોટા કામો કર્યા, વારંવાર સ્થળ બદલ્યા પરંતુ ક્યારેય પાછા ન આવવાનો નિર્ણય કર્યો હતો. આ દરમિયાન ઘરવાળાને શંકા હતી કે દીકરીનું અપહરણ થઈ ગયું હશે કે તેની સાથે કંઈક અજૂગતુ થયું હતું. પરિવાર છેલ્લા ઘણાંય વર્ષોથી આવું વિચારીને જીવી રહ્યો હતો. પોલીસને તે સમયે ફરિયાદ પણ કરી હતી, પરંતુ ધીમે ધીમે આશા ધુંધળી થતી ગઈ.

વર્ષો બાદ હવે ઇન્વેસ્ટિગેશન યુનિટ ફોર ક્રાઈમ અગેઈન્સ્ટ વુમનના અમદાવાદ યુનિટે આ છોકરીને શોધી પોલીસ ખાતાની ક્ષમતાનું સારું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પીઆઇ આર.આર. ગઢવીની દેખરેખમાં ટીપ મળી હતી કે મહિલા મુંબઈમાં છે અને અમદાવાદ આવતીજતી રહે છે, જેથી ટીમ દ્વારા તેના પર નજર રાખવામાં આવી હતી. તમામ પ્રયત્નો બાદ તેને શોધી કાઢવામાં આવી અને કાઉન્સેલિંગ કરીને ઘરે પાછી લાવવામાં આવી હતી. ઇન્વેસ્ટિગેશન યુનિટ ફોર ક્રાઈમ અગેઈન્સ્ટ વુમને આ યુવતીનું ૧૨ વર્ષ બાદ તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. ■

# સુરતવાસીઓને રાહત, આખરે રત્નમાલા બ્રિજ ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરનો રત્નમાલા બ્રિજ ગુરુવારે જાહેર જનતા માટે ઔપચારિક રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ બ્રિજ ખુલ્લો મુકાતા કતારગામ અને અમરોલી વચ્ચેની ટ્રાફિક જામની સમસ્યા હળવી થશે અને લાખો લોકોને રાહત થશે.

કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટિલ, રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકિયા અને સુરતના મેયર દક્ષેશ માવાણીની હાજરીમાં પુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટનમાં ભાગ લેવા મુખ્ય પ્રધાન પણ હાજર રહેવાના હતા, પરંતુ અમુક કારણોસર તેમની ઉપસ્થિતિ શક્ય બની ન હતી.

રૂ. ૬૨.૮૪ કરોડના અંદાજિત ખર્ચે બાંધવામાં આવેલો, ૧,૦૩૦ મીટર લાંબો બે-લેન ફ્લાયઓવર કતારગામના કાસર નગરને સીધા અમરોલી-કોસાડ પટ્ટા સાથે જોડે છે, જે દૈનિક મુસાફરો માટે એક ખૂબ જ ઉપયોગ સાબિત થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ બ્રિજ ગજેરા સર્કલ અને રત્નમાલા ચાર રસ્તા સહિતના મુખ્ય ટ્રાફિક સ્થળો પરથી પસાર થાય છે, જ્યાં સાંજના સમયે ટ્રાફિક જામની સમસ્યા વારંવાર જોવા મળે છે.

વારંવાર વિલંબ થવાને કારણે રત્નમાલા બ્રિજ સુરત મનપા અને વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બની ગયો હતો. પ્રોજેક્ટની સમયમર્યાદા લગભગ દોઢ વર્ષ પહેલાં પૂર્ણ થઈ ગઈ હતી, પરંતુ બાંધકામ ધીમી ગતિએ ચાલ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા હતા. ■

# અકસ્માતે છૂટેલી ગોળીથી પત્નીનું મોત થતા પતિનો પણ આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોંગ્રેસના દિગ્ગજ નેતા શક્તિસિંહ ગોહિલના અમદાવાદમાં રહેતા ભત્રીજા યશરાજ ગોહિલની ગનમાંથી ભૂલથી છૂટી ગયેલી ગોળી પત્ની રાજેશ્વરીને લાગી જતા તેમનું મોત નિપજ્યું હતું. પત્નીનાં મોતથી આઘાત પામેલા યશરાજે પોતે પણ ગોળીથી આત્મહત્યા કરી લીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઘટના ઘટી ત્યારે યશપાલના માતા પણ ત્યાં હાજર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી માહિતી મુજબ મૂળ ભાવનગરના વતની યશરાજ ગોહિલ અને રાજેશ્વરી ગોહિલના બે મહિના પહેલા જ લગ્ન થયા હતા. તેઓ સેટેલાઇટ વિસ્તારમાં આવેલા એનઆરઆઈ ટાવરમાં રહેતા હતા. બુધવારે મોડી રાત્રે યશપાલ પોતાની ગન હાથમાં લઈ ફેરવી રહ્યા હતા ત્યારે અકસ્માતે તેમાંથી ગોળી છૂટી હતી અને રાજેશ્વરીને લાગી હતી. તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યાં હતાં. યશપાલે ૧૦૮ ઈમર્જન્સી નંબરને ફોન કર્યો હતો અને ટીમ તાબડતોબ આવી હતી.

ઈમર્જન્સી ટીમે પત્નીને મૃત જાહેર કરતા યશપાલને આઘાત લાગ્યો હતો. ટીમના સભ્યો બહાર નીકળ્યા જ હતા ત્યાં યશપાલે પણ પોતાની જાત પર ગોળી ચલાવી જીવન ટૂંકાવી નાખ્યું હતું.

બનાવની જાણ થતા જ ઝોન-૧ ડીસીપી ક્રાઈમ બ્રાન્ચની ટીમ અને વસ્ત્રાપુર પોલીસનો મોટો કાફલો તેમના નિવાસસ્થાન ખાતે પહોંચી ગયો હતો અને આગળની તજવીજ હાથ ધરી હતી. ખૂબ સુંદર દેખાતા યુવાન દંપતીની આવી વિદાયે સૌને ચોંકાવ્યા હતા. તમામ પક્ષના અગ્રણીઓએ શક્તિસિંહ ગોહિલ સમક્ષ શોક વ્યક્ત કર્યો હતો. ■

# અમદાવાદમાં મોબાઈલ ગેમ જેવી બાબતે છરીના ઘા મારીને યુવકની હત્યા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ગાયકવાડ હવેલી વિસ્તારમાં મોબાઈલ ગેમને કારણે એક યુવાને જીવ ગુમાવ્યો હતો અને પરિવારે આધાર ગુમાવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જમાલપુર વિસ્તારમાં પીરભાઈ ધોબીની ચાલીમાં રહેતા અને રતનપોળમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા ૨૪ વર્ષીય આકાશ ઓડની બુધવારે મોડી રાત્રે તેના જ પડોશીએ સાગરીતો સાથે મળીને હત્યા કરી નાખી હતી. નવાઈની વાત એ છે કે આ હત્યા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન અને ક્રાઈમ બ્રાન્ચની કચેરીથી માત્ર ૧૦૦ મીટરના અંતરે થઈ હતી.

મળતી માહિતી મુજબ, બે દિવસ પહેલા આરોપી લાલો રાઠોડ મોબાઈલ પર ગેમ રમી રહ્યો હતો. આ દરમિયાન મૃતક આકાશ સાથે તેને ગાળાગાળી અને બોલાચાલી થઈ હતી.

જોકે, મિત્રોએ વચ્ચે પડીને બંનેનું સમાધાન કરાવી દીધું હતું, પરંતુ લાલો આ અપમાન ભૂલ્યો ન હતો અને તેણે મનમાં અદાવત રાખી આકાશને પતાવી દેવાનો પ્લાન બનાવ્યો હતો. ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ને બુધવારની રાત્રે તેણે પોતાના આ પ્લાનને અંજામ આપ્યો હતો. બુધવારે રાત્રે આકાશ જ્યારે કામથી પરત આવ્યો ત્યારે આરોપીઓ તેની રાહ જોઈને ઊભા હતા અને તેને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હતો. ■

# ત્રણ આઈએએસની બદલી, શાલિની અગ્રવાલ બન્યાં જીયુવીએનએલના એમડી

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા અચાનક ત્રણ આઈએએસ અધિકારીઓને ટ્રાન્સફર અને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલની બદલી કરી દેવામાં આવી હતી. શાલિની અગ્રવાલને હવે ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર બનાવાયા છે. શાલિની અગ્રવાલ, જે અગાઉ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરીકે ફરજ બજાવતા હતા, તેમને ગાંધીનગરમાં બદલી કરવામાં આવી છે. અને તેમને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (વડોદરા) સાથે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના એમડી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

જ્યારે તેમની જગ્યાએ અમદાવાદ જીએસઆરટીસીના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એમ. નાગરાજનને સુરત મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવ્યા છે. એમ. નાગરાજન ૨૦૦૯ બેચના આઈએએસ અધિકારી છે. નાગરાજન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો પણ હવાલો સંભાળતા હતા. હવે તેઓ સુરત મહાનગરપાલિકાના કમિશનરનો હવાલો સંભાળશે. એમ. નાગરાજનની જગ્યાએ ગાંધીનગર ટ્રાન્સપોર્ટ કમિશનર ડૉ. રાજેન્દ્ર કુમારને અમદાવાદ જીએસઆરટીસીના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ૧૯ જાન્યુઆરીના રોજના એક આદેશમાં ગુજરાત સરકારે જીએએસ અધિકારી બી.એન. પટેલને ગુજરાત ગૅસ લિમિટેડ, ગાંધીનગરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. આમ ત્રણ અધિકારીની બદલી કરીને વહિવટી તંત્રમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ■

# જેસોર અભયારણ્ય રીંછ સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં મળેલી સ્ટેટ વાઇલ્ડ લાઇફ બોર્ડની ૨૬મી બેઠક બાદ આપવામાં આવેલી માહિતી અનુસાર બનાસકાંઠાના જેસોર રીંછ અભયારણ્યનો રીંછ સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા સમાવેશ કરવામાં આવ્યો છે. વન પર્યાવરણ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયા અને રાજ્યકક્ષાના પ્રધાન પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ભૂપેન્દ્ર પટેલ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલી વિગતોમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે રતનમહાલ અભયારણ્યમાં વાઘની હાજરી જોવા મળી છે અને ત્યાં તે સ્થાયી થવાની પૂરી સંભાવનાઓ છે. આ સંદર્ભમાં એનટીસીએની સહભાગીતાથી આ વિસ્તારમાં વાઘ સંરક્ષણ-જતન માટેની કોમ્યુનિટી પાર્ટિસિપેશન તાલીમ સ્થાનિક લોકોને આપવાનું આયોજન કરવાની પણ આ બેઠકમાં ફળદાયી ચર્ચાઓ હાથ ધરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રોટેક્ટેડ ફોરેસ્ટ એરિયામાં પ્રવાસીઓ-વિઝિટર્સની વધતી જતી સંખ્યાને પરિણામે વન્યજીવ સૃષ્ટિને કોઈ નુકસાન કે ખલેલ ન થાય એની પણ કાળજી લેવા વન વિભાગને સૂચનો કર્યા હતા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### ખેલ દિવસનો શુભારંભ




સાવિત્રીદેવી હરિરામ અગ્રવાલ ઇન્ટરનેશનલ સ્કૂલના ૧૯મા વાર્ષિક ખેલ દિવસનો શુભારંભ કરવામાં આવ્યો છે. મલાડ (વે)માં આવેલી આ સ્કૂલના ખેલ દિવસમાં કુન્ગુ ફુના રાષ્ટ્રીય ખેલાડીઓએ ભાગ લીધો હતો. એ દરમિયાન શાળાના ટ્રસ્ટીઓ પણ હાજર હતાં.

### વિદ્યાર્થીઓને પાણીની બોટલનું વિતરણ

બોરીવલીનો ઈનર વ્હીલ ક્લબ પર્યાવરણની જાળવણીનો સંદેશની સાથે લોકોને જાગૃત કરવાનું કામ પણ કરે છે. પર્યાવરણની સલામતીની દૃષ્ટિએ શાળાના વિદ્યાર્થીઓને ૧,૫૦૦ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યુ હતું. એનો ઉદ્દેશ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાનો છે.

# નાગાલેન્ડના મુખ્ય પ્રધાન મળ્યા ગુજરાતના પ્રતિનિધિમંડળને



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાગાલેન્ડના મુખ્ય પ્રધાન ડો. નેઇફિયુ રિયોએ ગઈકાલે કોહિમા ખાતે મુંબઈ સમાચારના પ્રતિનિધિ સહિત ગુજરાતથી આવેલા મીડિયા પ્રતિનિધિમંડળ સાથે ખાસ મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન તેમણે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૭૧(અ) હેઠળ નાગાલેન્ડને વિશેષ દરજ્જો પ્રાપ્ત છે, જેમાં જમીન અને સંસાધનો પર સ્થાનિક પ્રજાનો જ અધિકાર હોવાથી બહારની વ્યક્તિ ત્યાં જમીન ખરીદી શકતી નથી; આ કારણોસર રાજ્યમાં મોટા ઉદ્યોગો અને રોકાણકારોનો અભાવ જોવા મળે છે. જોકે, તેમણે ગૌરવ સાથે ઉમેર્યું હતું કે ખ્રિસ્તી ધર્મ અને શિક્ષણના પ્રસારને કારણે નાગા યુવાનો આજે અત્યંત પ્રતિભાશાળી અને શિક્ષિત છે. રિયોએ ભારપૂર્વક જણાવ્યું કે ભલે કુદરતી સંસાધનોનો પૂર્ણ ઉપયોગ મર્યાદિત હોય, પરંતુ નાગાલેન્ડનું માનવ સંસાધન આજે ભારત અને વિશ્વભરમાં પોતાની કુશળતા બતાવી રહ્યું છે જેનો મહત્તમ લાભ લેવો જોઈએ.

# હવે બે કલાક નહીં, પણ ફક્ત ૧૦ મિનિટમાં હાજી મલંગ ગઢ પર પહોંચી શકાશે

### ૨૦ વર્ષની રાહ જોયા પછી ફ્યુનિક્યુલર ટ્રેન શરૂ થઈ

થાણે: કલ્યાણમાં શ્રી મલંગગઢ ખાતે બહુપ્રતિક્ષિત ૧.૨ કિમી લાંબી ફ્યુનિક્યુલર સેવા શરૂ કરવામાં આવી છે. હિન્દુઓ અને મુસ્લિમો બંને માટે આ આદરણીય તીર્થસ્થળ છે. આ સેવા શરૂ થવાથી, પગપાળા મુસાફરીમાં પહેલા જે લગભગ બે કલાક થતા હતા, તે હવે ફક્ત ૧૦ મિનિટમાં પૂર્ણ કરી શકાશે, જેનાથી યાત્રાળુઓને ઘણી રાહત મળશે. ફ્યુનિક્યુલર રેલ્વે શરૂ થવાથી મલંગગઢ સુધીની યાત્રા સુરક્ષિત, ઝડપી અને વધુ અનુકૂળ બનશે. આ સેવાનું ઉદ્ઘાટન ભાજપના ધારાસભ્ય કિસન કથોરે દ્વારા ભાજપના વિધાનસભ્ય સુલભા ગાયકવાડની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ સુવિધા શરૂ થતા વાર્ષિક શ્રી મલંગગઢ યાત્રા દરમિયાન ભક્તોને લાભ થશે. એક ખાસ પહેલ તરીકે પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટરે જાહેરાત કરી છે કે પહેલા બે દિવસ શ્રદ્ધાળુઓ માટે આ સેવા મફત હશે, જેનાથી યાત્રાનો અનુભવ વધુ સારો બનશે.આ પ્રોજેક્ટ સૌપ્રથમ ૨૦૦૪માં કિસાન કથોરે દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો, પરંતુ વહીવટી અવરોધો અને બદલાતી રાજકીય પરિસ્થિતિઓને કારણે તે લાંબા સમય સુધી અટકેલો હતો. આખરે ૨૦૧૨ માં બાંધકામ શરૂ થયું, પરંતુ વિધાનસભા મતવિસ્તારોના સીમાંકન પછી કામ ફરી ધીમું પડી ગયું. ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે જાહેર બાંધકામ પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ભંડોળ ફાળવ્યું ત્યારે આ પ્રોજેક્ટને ફરીથી વેગ મળ્યો. મલંગગઢનું બાંધકામ લગભગ ૧૩ વર્ષ ચાલ્યું. આ પ્રોજેક્ટ ગયા વર્ષે પૂર્ણ થયો હતો, પરંતુ સલામતી મંજૂરી અને અન્ય તકનીકી મંજૂરીઓ બાકી હોવાથી તેનું ઉદ્ઘાટન લગભગ એક વર્ષ મોડું થયું હતું.

# પશ્ચિમ રેલવે પર મુખ્ય કવચ સલામતી કાર્યોનો પ્રસ્તાવ

### ઉધના-જલગાંવ સેકસનની સલામતીમાં થશે વધારો

મુંબઇ: ભારતમાં રેલવે સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને કેન્દ્ર સરકારે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવના નેતૃત્વમાં અનેક પગલાં લેવાની શરૂઆત કરી છે. એ બધામાં મેક ઈન ઇન્ડિયાના પ્રતીક સમાન અને ભારતીય તંત્રજ્ઞાનની સાબિતીરૂપ પ્રણાલી એટલે 'કવચ' રેલવેમાં સલામતીના ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવા અદ્યતન ટેક્નોલોજી અપનાવવા તરફ ભારતીય રેલવેના અમ્બ્રેલા વર્ક ૨૦૨૪-૨૫ હેઠળ પશ્ચિમ રેલવે પર કવચ ટ્રેન અથડામણ નિવારણ પ્રણાલીના અમલીકરણ માટે બે મહત્વપૂર્ણ કાર્યો પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે. આ વિચારણા હેઠળની દરખાસ્તનો કુલ અંદાજિત ખર્ચ ₹૪૮૩.૬૫ કરોડ છે, જેમાં નીચેના કાર્યોનો સમાવેશ થાય છે ઉધના-જલગાંવ સેક્શન (૩૦૭ રૂટ કિલોમીટર) પર કવચ જોગવાઈ તેમાંથી એક છે. આ મહત્વપૂર્ણ વિભાગ પર કવચ સિસ્ટમની સ્થાપના ₹૧૦૯.૮૩ કરોડના ખર્ચે પ્રસ્તાવિત છે, જે ઓપરેશનલ સલામતીમાં નોંધપાત્ર વધારો કરશે.બીજા મહત્વના પ્રસ્તાવમાં પશ્ચિમ રેલ્વેના ૪૩૬ લોકોમોટિવ પર ફેરફાર, અપગ્રેડેશન અને પ્રોગ્રામિંગ કાર્ય છે.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા બિઝનેસમૅનના પરિવારને ૩૫.૨૪ લાખ રૂપિયાનું વળતર

થાણે: ભાયંદરમાં ૨૦૨૧માં બાઈક અકસ્માતમાં મૃત્યુ પામેલા બિઝનેસમૅનના પરિવારને ૩૫.૨૪ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આપ્યો હતો.

ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ સોમવારે બેદરકારીથી બાઈક ચલાવનારા અને વીમા કંપનીને સંયુક્ત રીતે પિટિશન ફાઈલ થઈ ત્યાંથી રકમ જમા થાય ત્યાં સુધી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે વળતર ચૂકવવા માટે જવાબદાર ગણાવ્યા હતા.

અકસ્માતની ઘટના ૧૯ મે, ૨૦૨૧ની રાતે બની હતી. ભાયંદરમાં રહેતો રાકેશ ગુપ્તા તેના સ્કૂટર પર ઘરે જતો હતો ત્યારે પુરપાટ વેગે આવેલી બાઈકે તેને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ગુપ્તાનું સારવાર દરમિયાન ૬ જૂન, ૨૦૨૧ના રોજ મૃત્યુ થયું હતું.

આ પ્રકરણે નવઘર પોલીસે બાઈકસવાર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો અને મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

વીમા કંપની શ્રીરામ જનરલ ઈન્સ્યુરન્સે જણાવ્યું હતું કે ગુપ્તાની બેદરકારીથી અકસ્માત થયો હતો. તે યોગ્ય રીતે સ્કૂટર ચલાવતો નહોતો અને તેણે હેલ્મેટ પણ પહેરી નહોતી.

જોકે ટ્રિબ્યુનલે નિરીક્ષણ કર્યું હતું કે વીમા કંપનીએ કોઈ પણ સાક્ષીદારને તપાસ્યા નહીં કે દાવાને લગતા પુરાવા રજૂ કર્યા નથી.

પિટિશન કરનારી મૃતકની પત્ની, સગીર પુત્ર અને વાલીઓએ દાવો કર્યો હતો કે ગુપ્તા તેના ફર્નિચરના વ્યવસાયમાંથી મહિને ૩૫ હજાર રૂપિયાની કમાણી કરતો હતો. જોકે આ અંગેના દસ્તાવેજી પુરાવા અથવા બૅન્ક સ્ટેટમેન્ટ ન હોવાથી ટ્રિબ્યુનલે તેની આવક મહિને ૧૮ હજાર રૂપિયા નિશ્ચિત કરી હતી. (પીટીઆઈ)

# મુલુંડ અને ભાંડુપમાં આવતા અઠવાડિયે ૨૪ કલાક પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પૂર્વ ઉપનગરમાં મુલુંડ પશ્ચિમ અને ભાંડુપ પશ્ચિમમાં વૈતરણા પાઈપલાઈનમાં આવતા અઠવાડિયામાં સમારકામ કરવામાં આવવાનું છે, તેથી મંગળવારથી બુધવાર સુધીના ૨૪ કલાક દરમ્યાન મુલુંડ અને ભાંડુપમાં પાણીપુરવઠો બંધ રહેશે. એ સાથે જ થાણે શહેરના અમુક વિસ્તારમાં પણ આ સમય દરમ્યાન પાણી પુરવઠો બંધ રહેશે. પાલિકાના પાણી પુરવઠા વિભાગના જણાવ્યા મુજબ મુલુંડ પશ્ચિમમાં ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની વૈતરણા મેઈન પાઈપલાઈન પરના ૧૨ પાઈપલાઈનના જોડાણ ૨,૭૫૦ મિલીમીટર વ્યાસની અપર વૈતરણા મેઈન પાઈપલાઈન પર સ્થળાંતરિત કરવામાં આવવાના છે. તેમ જ ભાંડુપ પશ્ચિમના ખિંડીપાડા પરિસરમાં ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની વૈતરણા પાઈપલાઈનના લોખંડના ઢાંકણા બેસાડવાનું કામ પણ હાથ ધરવામાં આવવાનું છે. આ કામ મંગળવાર, ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના સવારના ૧૦ વાગ્યાથી બુધવાર, ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના સવારના ૧૦ વાગ્યા સુધી કરવામાં આવવાનું છે. તેથી આ ૨૪ કલાકના સમયગાળામાં મુલુંડ અને ભાંડુપના અમુક વિસ્તારમાં તેમ જ થાણેના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે. નાગરિકોને તકેદારીના પગલારૂપે આગામી દિવસોમાં પાણી ઉકાળીને અને ગાળીને પીવાનું રહેશે.

પાલિકાના જણાવ્યા મુજબ મુલુંડના ટી વોર્ડમાં અમર નગર, ગરખાચાલ, જય શાસ્ત્રી નગર, પંચશીલ નગર, હનુમાન પાડા, રાહુલ નગર, મુલુંડ કોલોની, મલબારહિલ રોડ, સ્વપ્નનગરી, વીણા નગર, યોગી હિલ, મોડેલ ટાઉન રોડ, બી.આર રોડ, વૈશાલી રોડ, ઘાટીપાડા અને ગુરુગોવિંદ સિંહ નજીકનો પરિસર, મુલુંડ-ગોરેગામ લિંક રોડ નજીકનો વિસ્તાર, એલબીએસ રોડ,. જે.એન. રોડ, દેવી દયાલ રોડ, ડમ્પિંગ ગ્રાઉન્ડ રોડ, ઝવેર રોડ, મહાત્મા ગાંધી રોડ, એન.એસ. રોડ, વી.એલ. રોડ, વી.પી. રોડ, મદનમોહન માલવિય રો, નાહુર વિલેજ રોડ જેવા વિસ્તારમાં મંગળવાર સવારથી બુધવાર સવારના ૧૦ વાગ્યા સુધી પાણીપુરવઠો બંધ રહેશે.

ભાંડુપ એસ વોર્ડમાં ખિંડીપાડા, લોઅર ખિંડીપાડા સહિત થાણે પૂર્વમાં કિસન નગર, ભટવાડીમાં મંગળવારથી બુધવાર પાણી પુરવઠો બંધ રહેશે.

# મુંબઈ, પુણે, નાગપુર સહિત ૧૫ મહાનગરપાલિકામાં મહિલાનું રાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકાના મૅયરપદના અનામત માટેની લોટરી ગુરુવારે મંત્રાલયમાં કાઢવામાં આવી હતી, જેમાં ૨૯માંથી ૧૫ મહાનગરપાલિકામાં મહિલા રાજ જોવા મળવાનું છે. આ પાલિકામાં મૅયર પદ મહિલાઓને અનામત થઈ ગયું છે, જેમાં મુંબઈ, નવી મુંબઈ, પુણે, નાગપૂર સહિતની નવ મહાનગરપાલિકામાં મૅયરપદ જનરલ શ્રેણીમાં મહિલા માટે અનામત થયું હતું.

રાજ્યની ૨૯માંથી ૧૫ મહાનગરપલિકામાં મૅયર પદે મહિલા રહેશે. ૧૫માંથી અનુસૂચિત જાતિની મહિલા બે મહાનગરપાલિકામાં મૅયર બનશે. અનુસૂચિત જાતિ મહિલા શ્રેણી માટે લાતુર અને જાલના મહાનગરપાલિકા માટે મૅયર પદ અનામત થયું હતું.

રાજ્યની આઠ મહાનગરપાલિકામાં ઓબીસી શ્રેણીનો મૅયર રહેશે, તેમાંથી ચાર મૅયર ઓબીસી મહિલા શ્રેણી માટે અનામત રહેશે. અકોલા, ચંદ્રપુર, અહિલ્યાનગર અને જળગાંવમાં ઓબીસી શ્રેણીની મહિલા મૅયર બનશે.

જનરલ શ્રેણીના ૧૭ મૅયર મહાનગરપાલિકામાં બેસશે, જેમાંથી નવ મહાનગરપાલિકામાં મહિલા મૅયર હશે. માલેગાંવ, પુણે, ધુળે, મુંબઈ, નાંદેડ-વાઘાળા, નવી મુંબઈ, નાગપુર, મિરા-ભાયંદર અને નાશિકમાં જનરલ શ્રેણીની મહિલા મૅયર બેસશે. જાલના અને લાતૂરમાં અનુસુચિત જાતિની મહિલા મૅયર રહેશે. અહિલ્યા નગર, અકોલા, જળગાંવ, ચંદ્રપૂરમાં ઓબીસી મહિલા મૅયર બનશે.

છત્રપતિ સંભાજી નગરમાં જનરલ, નવી મુંબઈમાં જનરલ (મહિલા), વસઈ-વિરારમાં જનરલ, કલ્યાણ-ડોંબિવલીમાં અનુસૂચિત જમાતી, કોલ્હાપુરમાં ઓબીસી, નાગપૂરમાં જનરર (મહિલા), મુંબઈમાં જનરલ (મહિલા), સોલાપૂરમાં જનરલ, અમરાવતીમાં જનરલ, અકોલામા ઓબીસી (મહિલા), નાશિકમાં જનરલ (મહિલા), પિંપરી-ચિંચવડમાં જનરલ, પુણેમાં જનરલ (મહિલા), ઉલ્હાસનગરની ઓબીસી, થાણેમાં અનુસૂચિત જાતિ, ચંદ્રપૂરમાં ઓબીસી (મહિલા), પરભણીમાં જનરલ, લાતુરમાં અનુસૂચિત જાતિ (મહિલા), ભિવંડી-નિઝામપુર-જનરલ, માલેગાંવમાં જનરલ (મહિલા), પનવેલ (ઓબીસી), મીરા-ભાયંદરમાં જનરલ (મહિલા), સાંગલી-મિરજમાં જનરલ, જળગાંવમાં ઓબીસી (મહિલા), ઈચલકરંજીાં ઓબીસીનો વગેરેનો સમાવેશ થાય છે.

### યુબીટીનો લોટરી ફિક્સ કરી હોવાનો આક્ષેપ

મુંબઈ મહાનગરપાલિકાનું મૅયરપદ જનરલ શ્રેણીની મહિલા માટે અનામત થઈ ગયું છે. ગુરુવારે થયેલી લોટરી સામે જોકે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષના મુંબઈ મહાનગરપાલિકાના ગ્રૂપ લીડર અને ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે મુંબઈ વાંધો ઉઠાવ્યો હતો. યુબીટી દ્વારા આ લોટરીને પહેલાથી ફિક્સ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. લોટરીમાં શેડ્યુલ ટ્રાઈબ (એસટી)ની ચિઠ્ઠી નીકળી શકતી હતી. પાલિકામાં આ વખતે આ શ્રેણીના નગરસેવક માટે ફક્ત બે બેઠકો છે અને તે બંને બેઠકો યુબીટી પાસે છે. તેથી યુબીટીને મૅયરની લોટરીમાં એસટીની ચીઠ્ઠી આવી તો તેમના પક્ષના મૅયર બનાવી શકાય એ મુજબની યોજના હતી. જોકે મુંબઈ માટેની લોટરીમાં મૅયરપદ જનરલ શ્રેણીમાં મહિલાને ગયું હતું. તેથી યુબીટીના નેતા કિશોરી પેડણેકરે ચિઠ્ઠીમાં એસટી શ્રેણીનો સમાવેશ કરવામાં આવ્યો ન હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમ જ રાજ્યના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટને તે બાબતે સવાલ પણ કર્યો હતો. તેની સામે નગરવિકાસના રાજ્યપ્રધાન માધુરી મિસાળે તેમના વાંધાને ફગાવી દીધો હતો. તેથી નારાજ થયેલા યુબીટીના નેતાઓ પૂરી લોટરી સિસ્ટમ ફિક્સ કરી હોવાનો આક્ષેપ કરીને બહાર નીકળી ગયા હતા. યુબીટીની સાથે જ કૉંગ્રેસે પણ લોટરી સિસ્ટમ ફિક્સ હોવાનો આક્ષેપ કર્યો હતો.

# બાળ ઠાકરેની ૧૦૦મી જન્મજયંતી પર ઉદ્ધવ અને રાજ સંયુક્ત રીતે કાર્યકર્તાઓને સંબોધિત કરશે

મુંબઈ : શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે શુક્રવારે સેનાના વડા બાળ ઠાકરેની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે બંને પક્ષોના કાર્યકરોને સાથે મળીને સંબોધન કરશે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) ની ચૂંટણી સંયુક્ત રીતે લડ્યા બાદ બંને પિતરાઈ ભાઈઓ પહેલી વાર સાથે આવશે. આ કાર્યક્રમ મધ્ય મુંબઈના સાયન સ્થિત ષણ્મુખાનંદ હોલમાં યોજાશે, એમ બંને પક્ષોના કાર્યકરોએ પુષ્ટિ આપી છે. ૧૫ જાન્યુઆરીએ યોજાયેલી બીએમસી ચૂંટણીમાં સેના (યુબીટી) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના ગઠબંધને જોરદાર ટક્કર આપી હતી, પરંતુ ભાજપ-એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના ગઠબંધનને દેશની સૌથી ધનિક નાગરિક સંસ્થા પર નિયંત્રણ મેળવતા રોકી શક્યા નહીં.

શિવસેના (યુબીટી) ૬૫ બેઠકો જીતી હતી, જ્યારે મનસે ૬ બેઠકો જીતી હતી.

# સ્મૃતિ મંધાનાના મિત્રએ સંગીતકાર પલાશ મુચ્છલ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ કરી

મુંબઈ: સંગીતકાર અને દિગ્દર્શક પલાશ મુચ્છલ સાથે ભરમાંડવે લગ્ન તોડી નાખવાને કારણે ચર્ચામાં આવેલી જાણીતી મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાનું નામ હવે ફરી ઊછળ્યું છે. સ્મૃતિના નાનપણના મિત્રએ મુચ્છલ વિરુદ્ધ સાંગલી પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદને કારણે સ્મૃતિ ફરી ચર્ચામાં આવી છે અને મુચ્છલની મુશ્કેલી વધવાની શક્યતા ઊભી થઈ છે.

મળતી માહિતી અનુસાર પલાશ મુચ્છલ વિરુદ્ધ સાંગલીના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પાસે આર્થિક છેતરપિંડીની ફરિયાદ કરવામાં આવી છે. સ્મૃતિ મંધાનાના મિત્ર વિજ્ઞાન માનેએ આ ફરિયાદ કરી હતી.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઍક્ટર માનેએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે મુચ્છલે તેની સાથે ૪૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. એક ફિલ્મનું દિગ્દર્શન પોતે કરવાનો હોવાથી તેના પ્રોડ્યુસર તરીકે નાણાં રોકવાની સલાહ મુચ્છલે આપી હતી.

## હિન્દુ મરણ

સ્વ. મણીબેન દેવજીભાઇ ગોહિલ (ઉં. વ. ૭૦) શુક્રવાર તા. ૧૬-૧-૨૬ના સ્વગ્રવાસ થયેલ છે. બારમાની વિધિ શુક્રવાર તા. ૨૩-૧-૨૬ના સાંજે ૪. કલાકે. ઠે. કલ્યાણભવન (વેલ્ફેર હોલ), માટુંગા રોડ રેલવે સ્ટેશન પાસે, મુંબઇ. સ્વ. રુડીબેન અને સ્વ. માવજીભાઇ ગીગાભાઇ ગોહિલના પુત્રવધૂ. સ્વ. દેવજીભાઇ માવજીભાઇ ગોહિલના ધર્મપત્ની. શૈલેષભાઇ, લીલાબેન, તેમ જ સ્વ. મીનાબેનના માતુશ્રી. વિધિના દાદીમાં. કવિતાબેન, સ્વ. અરવિંદભાઇ, સ્વ. બાબુભાઇના સાસુમા.

**હાલાઇ લોહાણા સમાજ**

રાજકોટ નિવાસી હાલ વાશી નવી મુંબઇ ઇશ્વરલાલ વિઠ્ઠલદાસ શીગાળા (ઉં. વ. ૭૫) તે પન્નાબેનના પતિ. સ્વ. રાધાબેનના પુત્ર. આલોક, મીના કલ્પેશ, હિના અમિતના પિતાશ્રી. નિશાના સસરાજી. દમયંતી મનસુખભાઇ પારેખ, સ્વ. બેનાબેન અનિલભાઇ ખંધેડીયા, ચંદ્રકાન્ત, સ્વ. રમેશભાઇના ભાઇ. સ્વ. વૃજલાલ રાયચુરા, સ્વ. વિજયાબેન વસંતરાય ઉનડકટ, સર્તિદકૌર કુંલવંતસિંગ પાહવાના વેવાઇ તા. ૨૧-૧-૨૬ બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૧-૨૬ શુક્રવારના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. લોહાણા મહાજન વાડી, પ્લોટ નંબર ૧૪, સેકટર - ૧૦ કોપર ખૈરાને નવી મુંબઇ.

**હાલાઇ લોહાણા**

રાહુલભાઇ ભોજાણી (ઉં. વ. ૫૧) તે મોરબી નિવાસી હાલ વિલેપાર્લે (વેસ્ટ), સ્વ. વસંતભાઇ કાકુભાઇ ભોજાણી તથા ગં. સ્વ. ચારુબેનના સુપુત્ર બુધવાર તા. ૨૧-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે શીતલબેનના પતિ. અ. સૌ. હંસાબેન મોહનલાલ પાબારીના જમાઇ. તુષારભાઇ, માનસીબેન દેવાંગભાઇ ઠક્કરના ભાઇ. તે જાગૃતિબેનના દિયર. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૪-૧-૨૬ના ૫.૩૦થી ૭. ઠે. ઇન્ડિયા મેડિકલ એસોસિએશન (આઇએમએ), જે. આર. મહાત્રે માર્ગ, જેવીપીડી સ્કીમ, જુહુ, મુંબઇ-૪૦૦૦૪૯. લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નાગ્રેચા હાલ બદલાપુર નિવાસી સ્વ. જવેરબેન ચત્રભુજ માણેકના પુત્ર મધુસુદનભાઇ (ઉં. વ. ૭૪) બુધવાર તા. ૨૧-૧-૨૬ના શ્રીરામશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. સ્વ. શાંતાબેન મેઘજી ગણાત્રા ગામ તેરાવાલાના જમાઇ. નિકુંજના પિતાશ્રી. યામિની નિકુંજના સસરા. વૃષ્ટિ નિકુંજના દાદા. તે સ્વ. પ્રતાપભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. હંસુ માણેકના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૩-૧-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે, બૈરાઓએ તેજ દિવસે જવું.

**ઘોઘારી દશા શ્રીમાળી મુંબઇગરા જ્ઞાતિ**

ચોગઠ નિવાસી હાલ મલાડ સ્વ. હિરાલક્ષ્મી નેમચંદ ભાયાણીના પુત્રવધૂ અ. સૌ. જયોત્સના (ઉં. વ. ૭૭) તે નરેન્દ્રના ધર્મપત્ની આશિત, ક્રિષ્ણાના માતુશ્રી. અ. સૌ. દિપ્તી અને સમીર રસિકલાલ શાહના સાસુ. શિવમ, તિર્થના દાદી. પિયરપક્ષે સ્વ. વસંતબેન બાબુલાલ દાણીના પુત્રી બુધવાર, તા. ૨૧ના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૪ના ૫થી ૬.૩૦. ઠે. હાલાઇ લોહાણા બાલાશ્રમ, બેન્કવેટ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વેસ્ટ).

**દશા સોરઠિયા વણિક**

બગસરા નિવાસી હાલ કાંદિવલી તે સ્વ. લાભુબેન મણીલાલ રઘાણીના પુત્રવધૂ ભીખુભાઇ (ભરતભાઇ) મણીલાલ રઘાણીના પત્ની. મંજુલા (ગીતા) રઘાણી (ઉં. વ. ૭૩) તે પરાગ અને બીનાના માતુશ્રી. ભાવીશા અને પ્રશાંત શાહના સાસુ. સ્વ. મુકેશભાઇ તથા વિનોદભાઇના ભાભી. તે રાધાબેન અનોપચંદ પારેખના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૬ના ૫થી ૭. ઠે. લોહાણા મહાજનવાડી, ૨જે માળે, કાંદિવલી (વેસ્ટ).

**વિશા સોરઠીયા વણિક**

લોએજવાળા હાલ બોરીવલી, સ્વ. પાર્વતીબેન ધારશી શાહના પુત્ર વિઠ્ઠલદાસ શાહ (ઉં. વ. ૮૩) તા. ૨૨.૦૧.૨૬, ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ઉષાબેનના પતિ. વિવેકના પિતાશ્રી. સ્વ. ભગવાનદાસ, સ્વ. કરસનદાસ, કેશવલાલ, સ્વ. દમયંતીબેન, સ્વ. કૃષ્ણકાંત, રંજનબેન રમેશભાઈ માવાણીના ભાઈ. ઉંબરીવાળા માધવજી ઠાકરશીના જમાઈ. દિનેશભાઈ, સતિષભાઈ, અશ્વિનભાઈ, ભારતીબેનના બનેવી. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**હાલાઈ બ્રહ્મક્ષત્રિય**

અ.સૌ. શ્રીમતી મીનાક્ષી (મધુબાલા) ગજાનન મામતોરા (ઉં.વ.૭૪) તા.૨૨/૦૧/૨૬ને ગુરૂવારના શ્રીરામજીચરણ પામ્યા છે. તે ગજાનન ત્રમ્બકલાલ મામતોરાના ધર્મપત્ની. તેજલ, યામિની સ્નેહલ સોનેજી અને ઋષિકેશના માતુશ્રી, પ્રભુદાસ મચ્છર અને મોંઘીબાઈના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઉઠમણું/પ્રાર્થનાસભા રાખેલ નથી.

**લુહાર સુથાર**

બીલખા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. વિજયાબેન તથા જયસુખભાઈ ત્રિભોવનભાઈ મકવાણાના સુપુત્ર મહેશ જયસુખભાઈ મકવાણા (ઉં.વ.૪૬) તા. ૨૦/૧/૨૬ના મંગળવારે રામચરણ પામ્યા છે. તે કિરીટ જયસુખભાઈ મકવાણા તથા જાગૃતિ મનીષ ડેડીયા તથા જીનલ દીપેશ સિધ્ધપુરાના નાનાભાઈ. નીતા કિરીટ મકવાણાના દેર, અનુષ્કા અને વ્યોમના કાકા. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૩/૧/૨૬ના રોજ ૫ થી ૭. સ્થળ : લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિરની બાજુમાં, કાર્ટર રોડ નં. ૩, બોરીવલી ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

આકોલાવાળા જોગી હાલ મુંબઈ, સ્વ. નટવરલાલ મેઘજી જોગીના ધર્મપત્ની મનોરમાબેન નટવરલાલ જોગી (ઉં. વ. ૮૮) તે સ્વ. ભાઈલાલભાઈ ગોવિંદભાઈ વલેરાના બેન. સ્વ. ગોપાલદાસ તથા વિઠ્ઠલદાસ મેઘજી જોગીના ભાભી. સ્વ. શરદભાઈ ગોપાલદાસ જોગીના કાકી. તા. ૨૦/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે. તેમની સાદડી તા. ૨૩/૧/૨૬ના શુક્રવારે સાંજે ૪- ૫. સ્થળ : ૮૦૩, વાસુપૂજ્ય દર્શન, મામલતદાર વાડી રોડ નંબર ૩, મલાડ (વેસ્ટ).બંધ છે.

## પારસી મરણ

સોલી રૂસ્તમજી દારુના તે ખુશચેહરના ધની. તે મરહુમો મેહરબાઇ રુસ્તમજી દારુનાના દીકરા. તે ઝુબીનના પપા. તે અરનીનના સસરા. તે હેઝાન ને કયારાના બપાવા (ઉં.વ. ૮૮). રે. ઠે. ૩૦૫-૩૦૯, ઝવેરી બિલ્ડિંગ, ચોથે માળે, રૂમ નં.૨, રાજા રામ મોહન રાય રોડ. ઓલબ્લેસ બાગની સામે, ચર્નીરોડ આગળ, ગીરગાંવ-મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૧-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની બેનેટ નં.૬માં ડુંગરવાડી પર છે જી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી સાયન હાલ ઘાટકોપર સ્વ. નિર્મળાબેન પ્રતાપરાય દોશીના સુપુત્ર ભાવેશભાઇ (ઉં. વ. ૬૭) તે આશાબેનના પતિ. તે ચિંતનભાઇના પિતાશ્રી. તે મિન્નતિબેનના સસરા. તે કિશોરભાઇના નાના ભાઇ. તથા શ્વસુર પક્ષે સ્વ. વનમાળીદાસ આણંદજીભાઇ પારેખના જમાઇ. તા. ૨૦-૧-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૧-૨૬ શનિવારના સવારના ૯.૩૦થી ૧૧. ઠે. શ્રી સુમતિનાથ જિનાલય નૂતન સંકુલન, નાથાલાલ પારેખ માર્ગ, અરોરા સિનેમાની નજીક, કિંગ્સ સર્કલ, માટુંગા (ઇસ્ટ).

**૧૪ ગામ વિશા પોરવાલ જૈન**

ઊંઝા નિવાસી હાલ ઘાટકોપર ડો. બાબુલાલ ચુનીલાલ શાહ (ઉં. વ. ૮૬) તા. ૨૧-૧-૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. રીટાબેનના પતિ. ડો. અમીત, ડો. સ્વપનીલનના પિતાશ્રી. હેતલ, દર્શનાના સસરાજી. સ્વ. રાયકુમાર ગુજ્જર (પૂના) ના જમાઇ. મહેન્દ્રભાઇ સુમતીભાઇ શાહના કાકા. તે ફોરમ, કાવ્યા, ધ્વનિ, મોહિતના દાદાજી. પ્રાર્થનાસભા તા. ૨૪-૧-૨૬ શનિવારના ૯થી ૧૦.૩૦, ઠે. સ્વામીનારાયણ હોલ, ૯૦ ફીટ રોડ, લવંડર બો પાસે, ગરોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ વેસ્ટ સ્વ. કાળીદાસ હરજીવનદાસ શાહના સુપુત્ર ચિ. અરવિંદભાઇ (ઉં. વ. ૮૭) રવિવાર, તા. ૧૮-૧-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. કૈલાસબેનના પતિ. સુનિલ, ચેતન, હિના, સીમા તથા (કાજલ) છાયા પરેશકુમાર ક્નાડીયાના પિતાશ્રી. અ. સૌ. દીપ્તિના સસરા. વસંતબેન રસિકલાલ શાહ કોળીયાકવાળાના ભાઇ. સસરા પક્ષે પરવડી નિવાસી હાલ ગોરેગામ સ્વ. રમણીકલાલ ગોપાલજી શાહ તે પ્રવીણભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. કમળાબેન, સ્વ. વસંતબેન તથા સ્વ. વિલાસબેનના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ સાંતાક્રુઝ હિંમતલાલ (બટુકભાઇ) ત્રિભોવનદાસ સલોત (ઉં. વ. ૯૬) તા. ૨૧-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નિર્મળાબેનના પતિ. રાજેન્દ્રભાઇ પંકજભાઇ અને ઇલાબેન ભૂપતભાઇ મારફતિયા, સ્વ. નયનાબેન શરદભાઇ મહેતા અને આશાબેનના પિતાશ્રી. હેમાબેન તથા માધુરીબેનના સસરા. પાર્થ, જાનવી, શિવાંશી અને શિવિકાના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૬૦૧/એલિગંટ ઓરકીડ, ભાર્ગવ નર્સિંગ હોમની સામે, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના રત્નકુક્ષી ગંગાબાઇ દામજી સાવલા (ઉં. વ. ૯૧) તા. ૨૧-૧-૨૬ના અવસાન પામેલ છે. આસુ રવજીના પુત્રવધૂ. સંસાર પક્ષે પ.પુ. ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા, પ.પૂ.સા. શ્રીતીર્થગુણાશ્રીજી મ.સા., પ.પુ.સા. શ્રી હેતગુણાશ્રીજી મ.સા., સ્વ. કલ્યાણજી, મહેન્દ્ર, ભાનુબેનના માતાજી. પુંજા લધાના દીકરી. વેલજી, ખીમજી, ખેતશી, જેઠાલાલ, સાકરબેનના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) સમય : ૪.૦૦ થી ૫.૩૦. નિ. મહેન્દ્ર દામજી સાવલા, ૭૦૨, સિધ્ધાંત, આત્મારામ સાવંત માર્ગ, અશોકનગર, કાંદીવલી (પૂર્વ), મુંબઇ-૪૦૦૧૦૧.

બિદડાના રતન શાંતીલાલ હીરજી દેઢીયા (ઉં. વ. ૭૪) ૨૧-૧-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઇ હીરજીના પુત્રવધૂ. નવિન, કમલેશ, પલ્લવીના માતુશ્રી. વડાલા દેવકાંબેન ગાંગજી શામજીના પુત્રી. સ્વ. કેશવજી, શાંતીલાલ, સુભાષ, રાજેન્દ્ર, સ્વ. ઉર્મીલા, સુશીલાના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. નિ. શાંતીલાલ હીરજી દેઢીયા, ૨૦૨, વિકાસ એપાર્ટમેન્ટ, રાજાવાડી, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૭૭.

ભુજપુરના ચુનીલાલ નાનજી માલદે (મકડા ફરીયો) (ઉં. વ. ૮૨) તા. ૨૧-૧-૨૬નાં અવસાન પામેલ છે. મુરીમા કાનજી માલદેના પૌત્ર. હરીબાઇ નાનજીના પુત્ર. દામજી અમૃતલાલ, દિપક, ચંચળબેન, કલાવતીના ભાઇ. ભોરારાના ગોવા મુરગના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મીના દિપક માલદે, ૨/૩૦૪, ત્રીજા માળે, નટરાજ સોસાયટી, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇસ્ટ) ૪૦૧૨૦૯.

નાના આસંબીયાના અશ્વિસ્ત્રભાઇ ગાંગજી છેડા (ઉં. વ. ૭૪) તા.૧૯-૧-૨૬ના અવસાન પામેલ છે. મઠાંબાઈ ગાંગજીના પુત્ર. નીલમબેન (નર્મદાબેન)ના પતિ. નેહુલ, અમિતના પિતા. નરેશ (નરપત), મહેન્દ્ર, ધનવંતીબેન, રાયણ મંજુલાબેન ભવાનજી, કાંડાગરા પ્રફુલ્લાબેન કલ્યાણજીના ભાઇ. જવેરબેન ગોવિંદજીના જમાઈ. પ્રા.યોગી સભાગૃહ, પહેલે માળે, દાદર (સે.રે.), સમય : ૧૦.૩૦ થી ૧૨. નિ. અશ્વિસ્ત્ર ગાંગજી છેડા/શાહ. ૩૮૬, આશા બિલ્ડીંગ, તેલંગ ક્રોસ રોડ નં.૩, માટુંગા (સે.રે.), મું. ૪૦૦૦૧૯.

**મોઢ વણિક**

જામનગર નિવાસી હાલ નવી મુંબઈ, રવિશ મહેન્દ્ર શેઠના ધર્મપત્ની જયશ્રી રવિશ શેઠ (ઉં.વ. ૫૪) તા. ૨૦/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ઈશા તથા શ્રુતિના માતા, સ્મિતના સાસુ, લીપા જતીન મહેતાના ભાભી, વર્ષા રાકેશ શેઠ અને રાધા મનોજ ગુમાની બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ૬, દેવઆશિષ, પ્લોટ ૨૩૨, વાશી, મું. ૪૦૦૦૩૨.

**કપોળ**

રાજુલાવાલા હાલ મલાડ, ગં.સ્વ. હંસાબેન શામળદાસ વીરજીભાઈ દોશી (ઉં. વ.૯૩) તે વસંતરાય દુર્લભદાસ મહેતાની પુત્રી. ગિરધરલાલ ઠાકરશી દોશી તથા રણછોડરાય ઠાકરશી દોશીની પુત્રવધૂ. જયંતીલાલ, સ્વ. નવીનચંદ્ર તથા ભાનુમતી ચંપકલાલ ગાંધીના બહેન, જગમોહનદાસ અને પ્રતાપરાય દુર્લભદાસ દોશીની ભાણેજ. મંગળવાર તા. ૨૦-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


# મેટિની

# રેહમાનને કામ નથી મળતું, કારણ કે...

## કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

**સાઉથની ડબ્ડ ફિલ્મોથી હિન્દી ફિલ્મ દર્શકોમાં જાણીતા બનેલા આ આગવા સંગીતકારનું નામ વિવાદમાં સપડાયું છે.**



મૂળ નામ એ. એસ. દિલીપ કુમાર પણ ૨૩ વર્ષની ઉંમરે ધર્માંતરણ પછી અલ્લારખા રેહમાન બનેલા આ અલાયદા સંગીતકારનું નામ વિવાદમાં ઘેરાયું છે. એક ઈન્ટરવ્યૂમાં સંગીતકારે વ્યથા ઠાલવી છે - ફરિયાદ કરી છે કે છેલ્લા આઠ વર્ષમાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી મળતા કામમાં ઓટ આવી છે અને એનું કારણ જાતિવાદ હોઈ શકે છે. રેહમાને કોમ્યુનલ શબ્દ વાપર્યો છે જેનો અર્થ મુસ્લિમ થાય. સાથે સંગીતકારે એમ પણ કહ્યું છે કે 'ક્રિયેટિવ નથી એવા લોકો પાવરફુલ બની ગયા હોવાથી પોતાને કામ ઓછું મળી રહ્યું છે...'

આ પછી રેહમાન ઉમેરે છે કે 'મોઢા પર કોઈ નથી કહેતું, પણ વાયા વાયા વાત મારા કાન સુધી પહોંચે છે કે નિર્માતા તો તમારી પાસે મ્યુઝિક કંપોઝ કરાવવા માગતા હતા, પણ મ્યુઝિક કંપનીઓએ ઉપરવટ થઈ તેમના પાંચ કમ્પોઝરને કામ આપી દીધું. હું કામની શોધમાં નથી અને મારે મને કામ આપો એવી ટહેલ નથી નાખવી. સામે ચાલીને મળશે એ જ કામ હું કરીશ. હું લાયક હોઈશ એ જ કામ મને મળશે.'

ઈન્ટરવ્યૂમાં રેહમાને બીજી પણ કેટલીક વાત કરી છે, પણ 'જાતિવાદને કારણે કદાચ મને કામ ઓછું મળી રહ્યું છે' એ બેસૂરા મુદ્દાને કારણે સંગીતકાર સામે તોપ તાકવામાં આવી છે. અલબત્ત, કદાચ નામની ઢાલ રેહમાને વાપરી છે, પણ ધર્મને કારણે (મુસ્લિમ હોવાને કારણે) પોતાને કામ ઓછું મળી રહ્યું છે એ વાત સો ટકા ખોટી તો છે જ, વાહિયાત પણ છે. હા, કયા સંગીતકારને કામ આપવું એના બદલાયેલાં વ્યવસાયિક કારણોની દલીલમાં વજૂદ છે ખરું.

કોમ્યુનલ હોવાને કારણે કામ ઓછું મળી રહ્યું છે એ દલીલ સદંતર ખોટી છે એ સાબિત પણ કરવું પડે એમ નથી. હાલ રેહમાન પાસે જે હિન્દી ફિલ્મો છે એમાં પહેલું નામ તોતિંગ બજેટ ધરાવતી નિતેશ તિવારીની 'રામાયણ'નું જ આવે. વાત દીવા જેવી સ્પષ્ટ છે કે જો ધર્મ આડખીલી બનતો હોય તો હિન્દુ સંસ્કૃતિનો મહિમા ગાતી 'રામાયણ' ફિલ્મનું સંગીત તૈયાર કરવાની તક રેહમાનને ન મળે. આ સિવાય અન્ય છ હિન્દી ફિલ્મ અને એક ટીવી સિરીઝના સંગીત પર એ કામ કરી રહ્યા છે અથવા સંગીત તૈયાર થઈ ગયું છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસ તરફ નજર નાખશો તો એવા અનેક ઉદાહરણ મળશે કે લોકોને ગમી ગયું હોય એવું સંગીત આપ્યું હોવા છતાં સંગીતકારને ફિલ્મ મળતી બંધ થઈ હોય. આવું થવાના એકથી વધુ કારણ આપવામાં આવ્યા હતા.

મદન મોહન કેવા સફળ અને સુરીલા સંગીતકાર હતા એની છણાવટ કરવાની ન હોય, પણ એમની કારકિર્દી પર નજર નાખવાથી સંગીતકાર તરીકેનું કામ કેમ છીનવાઈ જાય એનું સચોટ કારણ ચોક્કસ જડી આવે છે. શરૂઆત ૧૯૫૦ના પ્રારંભમાં અને ૧૯૫૮ની 'અદાલત'થી ('યૂં હસરતોં કે દાગ મોહબ્બત મેં ધો લિયે' યાદ હશે) બોલબાલા થઈ અને ૧૯૬૦ના શંકર જયકિશન, એસ. ડી. બર્મન અને ઓ. પી. નય્યરના દબદબાવાળા દાયકામાં પણ મદનજીની ૨૫થી વધુ ફિલ્મ રિલીઝ થઈ અને 'ગઝલ સમ્રાટ'નું બિરુદ મળ્યું. જોકે, પાંચમા નહીં, પચીસમાં પુછાતા આ અફલાતૂન સંગીતકારના ૧૯૭૦ના દાયકામાં એવા વળતા પાણી થયા કે હતાશા અને શરાબ સેવનને કારણે ૧૯૭૫માં એમનું અવસાન થયું. મદન મોહનને કામ નહીં મળવા માટે ક્યારેય કોઈ અંગત કારણ આપવામાં નહોતું આવ્યું. મુખ્ય કારણ હતું હિન્દી ફિલ્મ સંગીતમાં કેટલાક સમીકરણ બની રહ્યા હતા જેમાં એક્ટરનો ફલાણા સંગીતકાર માટે આગ્રહ જવાબદાર હતો. જેમ કે રાજ કપૂર કામ કરતા હોય એ ફિલ્મમાં શંકર જયકિશનનો જ આગ્રહ રાખવામાં આવતો. એવી જ રીતે દેવ આનંદ બર્મન પિતા - પુત્ર અને દિલીપ કુમાર નૌશાદ સાબનો આગ્રહ રાખતા થઈ ગયા હતા. એક સમય હતો જ્યારે તલત મેહમૂદ જ દિલીપ કુમારને પ્લેબેક આપતા પણ પછી દિલીપ કુમાર મોહમ્મદ રફીનો આગ્રહ રાખતા થયા અને તલતજીનું પત્તુ કપાઈ ગયું.

બીજી એક વાત એ પણ બની કે 'તીસરી મંઝિલ'માં રાહુલ દેવ બર્મનના પાશ્ચાત્ય છાંટવાળા મ્યુઝિકથી સંગીત રસિકો પ્રભાવિત થયા. લોકોની રુચિ બદલાઈ અને મદન મોહન જ નહીં અન્ય સંગીતકાર પણ હાંસિયામાં ધકેલાઈ ગયા. આવું તો ચાલ્યા કરે. છેવટે ફિલ્મ મેકિંગ એક વ્યવસાય છે અને એમાં દરેકની પસંદગી અને ગ્રાહકને એટલે કે દર્શકને શું ગમશે એને પ્રાધાન્ય અપાય એ સ્વાભાવિક બાબત ગણાય. આવા બીજા અનેક ઉદાહરણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઉપલબ્ધ છે.

આ પરિપ્રેક્ષ્યમાં રેહમાનને કામ કેમ નથી મળતું એની ચર્ચા થવી જોઈએ કે સંગીતકારે આત્મમંથન કરવું જોઈએ. ફિલ્મ વર્તુળોમાં એક એવું કારણ આપવામાં આવી રહ્યું છે કે રેહમાન જે પ્રકારનું સંગીત આપવા માટે જાણીતા છે એ માટે રુચિ ઘટી રહી છે. એમનો પ્રભાવ ઓસરી રહ્યો છે એવી પણ દલીલ થાય છે.

બીજી એક દલીલ એ પણ કરવામાં આવી છે કે રેહમાનનું મહત્તમ કામ મણિ રત્નમ, સુભાષ ઘઈ, આશુતોષ ગોવારિકર અને રામગોપાલ વર્મા સાથે હતું. આ મેકરો હવે વ્યસ્ત નથી. ગુલઝાર અને જાવેદ અખ્તરનાં ગીતોની ધૂન બનાવવા માટે પણ રેહમાન ખ્યાતિ ધરાવે છે. જોકે, આ બંને અવ્વલ ગીતકાર પણ બહુ ઓછું કામ કરી રહ્યા છે. બીજી એક વાત એ પણ છે કે તાજેતરનું હિટ થયેલું સંગીત જોશો તો એમાં જૂનાં ગીતો મોડર્ન સ્ટાઈલમાં રિમિક્સ કરીને કે પછી સોશ્યલ મીડિયાના રીલ કે પછી અમુક પ્રકારનો ધ્વનિ ધરાવતા ટ્રેન્ડનો પ્રભાવ જોવા મળે છે. રેહમાન એવું સંગીત ન આપી શકે અને આપવું પણ ન જોઈએ. કામ ન મળવા માટે આ અને આવાં કારણોની દલીલ કરવી જોઈતી હતી. સંગીતનું ઘસાયેલું સ્તર કે બદલાયેલી રુચિના રોદણાં રડ્યા હોત તો લેખે લાગત. સુભાષ ઘઈની ફિલ્મનું 'તાલ સે તાલ મિલા' રેહમાને જ સ્વરબદ્ધ કર્યું છે ને...

જોકે આ બધા વચ્ચે સમય સાથે બદલાઈ જવા તૈયાર રહેવું જોઈએ (જે કદાચ રેહમાન માટે શક્ય નહીં હોય) અથવા તો 'ઈઝ્ઝત - એ - શોહરત - એ - ઉલ્ફત એ સબ કુછ ઈસ દુનિયા મેં રહતા નહીં, આજ મૈં હૂં જહાં કલ કોઈ ઔર થા, યે ભી એક દોર હૈ વો ભી એક દોર થા' એ રાજેશ ખન્નાના ડાયલોગની વાસ્તવિકતા સ્વીકારી આવતી કાલે સમય પાછો આવી શકે છે એની આશા રાખવી જોઈએ.

રેહમાને કહ્યું છે કે 'હું કામ શોધવા નહીં જાઉં.' મિસ્ટર રેહમાન, તમારી મરજી. બાકી અમિતજીનું ઉદાહરણ યાદ કરી જોજો. ભાઈદાસ હોલમાં સંજય ગોરડિયા નિર્મિત જયા બચ્ચનના 'માં રિટાયર હોતી હૈ'નું ગ્રાન્ડ રિહર્સલ ચાલી રહ્યું હતું ત્યારે અમિતજી ત્યાં આવેલા ત્યારે એમના ચહેરા પર નિરાશાનું જંગલ જોઈને થોડી પીડા અનુભવી હતી, પણ અમિતજી હાથ જોડીને બેસી ન રહ્યા અને 'યશજી, મારી પાસે કોઈ કામ નથી. મને કામ મળી શકે?' એ મતલબની રજૂઆત કરી. યશ ચોપડાની 'મોહબ્બતેં'થી અમિતજીની સિનિયર સિટિઝનની ઈનિંગ્સની શરૂઆત થઈ અને ૨૫ વર્ષ પછી પણ અડીખમ છે. કામ કરવું હોય ત્યારે માગવામાં છોછ ન હોવો જોઈએ. હા, કોની પાસે માગવું એમાં ચીવટ જરૂર રાખી શકાય. ■



# પરવીન બાબી
## શાપિત સૌંદર્યની શાનદાર રાજકુમારી...

## સ્ટાર-ચાર-કલાકાર

સંજય છેલ



અમિતાભ સાથે જોડી જબરી જામી, પણ...

*'મને લોકો સમજતા જ નથી. હું ખૂબ ડરી ગઈ છું.'*

*'કોઈ મારી જાન પાછળ પડ્યા છે. મને મારી નાખવા માગે છે...'*

*'એ ખૂબ સુંદર હતી, ખૂબ બુદ્ધિશાળી હતી, પરંતુ અત્યંત એકલી હતી.'*

**સૌરાષ્ટ્ર**ના જૂનાગઢમાં બાબી રાજવંશની હવેલીમાં ૧૯૫૪માં જન્મેલી પરવીન બાબી બાળપણથી જ વિદ્રોહી હતી. રાજગૌરવ ને વૈભવમાં ઉછરેલી પરવીનમાં આત્મવિશ્વાસ ને આઝાદીની તડપ જન્મજાત હતી. જૂનાગઢમાં શાળા-કોલેજમાં નાનાં - મોટાં ગુજરાતી નાટકો પણ કર્યા. પછી ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ આવી. કોલેજમાં એની સુંદરતા ને સેક્સ અપીલ, સિગરેટ પીવાની અદા વગેરેએ ત્યારના સંકુચિત શહેરમાં ચકચાર જગાવેલી. એ દરમિયાન ફિલ્મ નિર્દેશક બી. આર. ઇશારાની નજર પરવીન પર પડી ને ફિલ્મ 'ચરિત્ર'માં જામનગરના હેંડસમ સ્ટારક્રિકેટર સલિમ દુરાની સામે હીરોઇન બનાવી. મુંબઈએ પરવીનને ઓળખ આપી ને સિનેમાએ સ્ટાર બનાવી. સિત્તેરના દાયકામાં બોલિવૂડમાં હીરોઈનની ઇમેજ એટલે 'શરમાળ ને સંયમી કન્યા', પણ પરવીન બાબીએ એ વ્યાખ્યા તોડી નાખી. એ બિકિનીમાં આવી, વેસ્ટર્ન વસ્ત્રોમાં આત્મવિશ્વાસ સાથે પડદા પર છવાઇ ગઇ. ભારતીય સિનેમામાં મોડર્ન ને આઝાદ ઔરતની નવી જ ઇમેજ ઊભી કરી.

એ પછી 'દીવાર', 'નમક હલાલ', 'કાલિયા', 'અમર અકબર એન્થની', 'મહાન' ફિલ્મોમાં પરવીન-અમિતાભની જોડી ખૂબ જામેલી. એની સ્ક્રીન પ્રેઝન્સ અને ગ્લેમરને લીધે ત્યારના યુવાનો માટે પરવીન પોસ્ટર ગર્લ બની, એક સ્વપ્નસુંદરી! ગોસિપ મેગેઝિન્સનાં કવર પેજ - ખાસ કરીને એ પહેલી બોલિવૂડ અભિનેત્રી હતી, જે વિખ્યાત 'TIME' મેગેઝિનના કવર પેજ પર ચમકી હતી! આવી પ્રસિદ્ધિ સાથે વિદેશી પ્રવાસો- ફાઈવ સ્ટાર હોટેલ્સની પાર્ટીઓ, શરાબ, ડ્રગ્ઝ વગેરે એની લાઇફ સ્ટાઇલ બની ગઇ, પરંતુ આ ચમકદમકની અંદર ધીમે ધીમે એનામાં એક અદશ્ય ડર જનમતો ગયો.

પરવીન અત્યંત સંવેદનશીલ સ્ત્રી હતી. જેને ચાહતી એને પૂરા મનથી પ્રેમ કરતી. ડેની ડેન્ઝોંગપા સાથે પરવીનનો બહુ લાંબો સંબંધ રહ્યો. ત્યારબાદ કબીર બેદી એના જીવનમાં આવ્યો. હેંડસમ કબીર તે સમયનો આંતરરાષ્ટ્રીય સ્ટાર હતો ને 'સંદોકન' નામની મિનિ ટીવી સિરીઝ પછી એ યુરોપમાં ખૂબ લોકપ્રિય હતો. કબીરની સાથે પરવીન ઈટાલી ગઈ, પણ ત્યાં કબીરને લોકો ઓળખતા હતા,

પરવીનને નહીં. સ્ટાર પરવીન એ અવહેલના ઝેલી ના શકી. રોમમાં ઇટાલિયન અભિનેત્રી જીના લોલોબ્રિજિડા તરફથી બેઉને ડિનરનું આમંત્રણ મળ્યું. જીનાએ કબીરનું ભવ્ય સ્વાગત કર્યું, પરંતુ પરવીન સાથે વાત પણ ના કરી. ડાન્સ દરમિયાન જીનાએ પરવીનને પૂછ્યું કે 'તું અહીં શું કરી રહી છે?' પરવીને જવાબ આપ્યોઃ 'હું મારા પ્રેમી સાથે આવી છું કેમ?'

પરવીનને શાંત પાડતા કબીરે એને કહ્યું કે તે જીનાથી વધારે સુંદર છે એટલે જીના ઈર્ષા કરે છે. પરંતુ પરવીન આ અપમાન સહન કરી શકી નહીં અને બંને ડિનર પહેલાં જ પાર્ટી છોડીને નીકળી ગયા.

આ ઘટનાએ પરવીનના મનની અસુરક્ષાને વધુ ને વધુ ઘેરી બનાવી દીધી.

પછી ત્યારના ફ્લોપ ડિરેક્ટર મહેશ ભટ્ટ, પરવીનના જીવનમાં આવ્યા. બંને લિવ-ઇન સંબંધમાં રહ્યા. એ સમયગાળામાં જ પરવીનની માનસિક સ્થિતિ ઝડપથી બગડવા લાગી.

૧૯૭૯ની એક સાંજે મહેશ જુહૂમાં પરવીનના ફ્લેટમાં ગયા. બહાર પરવીનની મા ઊભી હતી. તેમણે ભટ્ટને ધીમેથી કહ્યુંઃ 'પરવીનની હાલત સારી નથી.'

મહેશ ભટ્ટ, અંદર ગયા ત્યારે બેડરૂમમાં પરફ્યુમની તીવ્ર સુગંધ ફેલાઈ હતી. ડ્રેસિંગ ટેબલ પર અનેક પરફ્યુમની બોટલો લાઈનમાં ગોઠવેલી. પરવીન, દીવાલ ને પથારી વચ્ચેની સાંકડી જગ્યા પાસે ફિલ્મી કપડાઓ વચ્ચે બેઠી હતી. એના હાથમાં રસોડાનું ચાકુ હતું. એ ટોર્ચના પ્રકાશની સામે ડરી ગયેલ પ્રાણી જેવી લાગતી હતી.

જ્યારે મહેશ ભટ્ટે એને પૂછ્યું કે 'તું શું કરી રહી છે,' ત્યારે પરવીને તેમને ચુપ રહેવાનો ઈશારો કર્યો ને ધીમેકથી કહ્યું કે કોઈ એને મારી નાખવા માગે છે! એણે કહ્યું કે છત પરનું ઝૂમર એના પર પાડવામાં આવશે. પછી એણે ભટ્ટનો હાથ પકડી તેમને રૂમમાંથી બહાર ખેંચી કાઢ્યા.

આ ઘટના વિશે ભટ્ટે અનેક સાયકિયાટ્રિસ્ટ્સ સાથે ચર્ચા કરી, પરંતુ પરવીનની સ્થિતિ સુધરતી જ નહોતી. એ પોતાના જ ઘરમાં ગભરાઇને આમતેમ શંકામાં ફરતી રહેતી. ક્યારેક કહેતી કે એ.સી.માં ઝેરી જીવડો છે જે એને મારવા માગે છે. મહેશ ભટ્ટે એ.સી. ખોલાવી બતાવ્યું, છતાં પરવીનનો ભ્રમ દૂર જ થતો નહોતો. ક્યારેક તે કહેતી કે જીવડો પરફ્યુમમાં છે. ક્યારેક કહેતી કે પંખામાં છે.

નિષ્ફળ મહેશ ભટ્ટ એ વખતે પરવીનની મદદથી સંઘર્ષનાં દિવસો ગુજારતા. એકવાર અચાનક પરવીન ચીસ પાડવા લાગી કે કારમાં બોમ્બ છે. એણે ચાલતી કારમાંથી કૂદવાની પણ કોશિશ કરી. મહેશ ભટ્ટે, માંડ માંડ પરવીનને સંભાળી લીધી. રસ્તા પર લોકોને લાગ્યું કે એ બંને વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે, જ્યારે હકીકતમાં મહેશ ભટ્ટ એની જાન બચાવી રહ્યા હતા.

પરવીન 'સ્કિઝોફ્રેનિયા' નામની ગંભીર માનસિક બીમારીથી પીડાઈ રહી હતી. જેમાં દર્દીને સતત જાતજાતના ભ્રમ થાય. પરવીનને લાગતું કે અમિતાભ એને મારવા માગે છે. ઘણીવાર એ પ્રિન્સ ચાર્લ્સને પણ પોતાની જાનનો દુશ્મન ગણાવતી! આ ભય- ભ્રમણા ને શંકાને લીધે પરવીને પોતાની દુનિયાને એકલતામાં સંકોરી લીધી.

૧૯૮૪ની આસપાસમાં પરવીન અચાનક, ફિલ્મો છોડીને, ભારત છોડીને વિદેશ ભાગી ગઈ. અમેરિકા, લંડન ને સ્વિટ્ઝર્લેન્ડમાં ફરી. આધ્યાત્મિક શાંતિની શોધમાં ઓશોના આશ્રમમાં ગઈ ને પછી યુ. જી. કૃષ્ણમૂર્તિ પાસે રહી પણ ભયભીત મનને ક્યાંય શાંતિ મળી નહીં.

૧૯૮૯માં મુંબઈ પાછી આવી, પણ બોલિવૂડથી બિલ્કુલ દૂર રહી. જુહૂના ફ્લેટમાં સાવ એકલી એકાંતમાં જીવવા લાગી. દિવસો સુધી ઘરની બહાર નીકળતી નહીં, બારીઓ બંધ રાખતી. કોઈ કરતા કોઇને મળતી નહીં.

મને બરોબર યાદ છે જુહૂ તારા રોડ પર હું કારમાં હતો ને પરવીન રિક્ષામાં...

એ ફૂલીને જાડી -સ્થૂળ થઈ ગયેલી. મેં એની સામે જોયું ને એ ગાળો ભાંડવા માંડી.


મેં ડ્રાઇવરને કાર ભગાવવા કહ્યું. એની વિસ્ફારિત આંખો હું ક્યારેય નહીં ભૂલી શકું, કારણકે ૧૯૮૩માં હું ટીનએજર હતો ત્યારે મેં પરવીનને મારા ડ્રેસ ડિઝાઇનર આન્ટી સ્વ. લીના દરુના ઘરે જોયેલી. ત્યારે 'રૂપ રૂપનો અંબાર' શબ્દ મને પહેલીવાર સમજાયેલો!

આખરે જાન્યુઆરી ૨૦૦૫માં પરવીનના ઘરની બહાર અખબાર ને દૂધના પેકેટના ઢગલા જમા થવા લાગ્યા. ત્રણ દિવસ પછી ફ્લેટનો દરવાજો તોડવામાં આવ્યો. અંદર પરવીન બાબીની કાયા કોહવાયેલી મળી આવી. પોસ્ટમોર્ટમ મુજબ એ ડાયાબિટીસથી પીડાતી હતી, પગમાં ગેન્ગ્રીન થયેલું અને લાંબા સમયથી બરોબર જમી પણ નહોતી.

એક દૌરની સૌથી સેક્સી ને હસમુખ અભિનેત્રીના જીવન પર આમ ૨૦ જાન્યુઆરીની ૨૦૦૫ને દિવસે (કે રાતે?) પૂર્ણ વિરામ મુકાઈ ગયું...

૩ દિવસ પહેલાં જ એ શાપિત સૌંદર્યની ૨૧મી પુણ્યતિથિ હતી... ■

# અવસર ને સૂર્યોદયમાં એક સમાનતા છે, મોડું કરવાવાળા એ ખોઈ બેસે છે...




અરવિંદ વેકરિયા

તુષારભાઈ 'ફેરા'માં અંદર થઈ ગયાં એનો જરાપણ અણસાર ન આવવા દીધો. કલ્પના પણ નહોતી કે તે કેવો 'બિઝનેસ' કરતાં હશે. જોકે તે આ માટે ખરેખર દોષિત હશે કે નહીં! સંભવ છે કે એનાં સાળાએ કહ્યું એ મુજબ અઠવાડિયા પછી હકીકત શું છે એ ખબર પડે, કદાચ. કલાકારોને સચેત કરી નાંખ્યાં હતાં અને એ કહેવાની હિંમત ક્યાંથી આવી ગયેલ એની આજ સુધી ખબર નથી પડી.અઠવાડિયા પછી 'બહાર' આવશે કે નહીં એ અટકળનો વિષય હતો. હવે તો બધું વિચારીને કરવું પડે એવો સમય આવી ગયો છે. સમયે શીખવાડ્યું છે કે પોતાનાં પર પણ શંકા કરવાનું, બાકી અમે તો પારકા ઉપર પણ ભરોસો કરતાં'તા. નિર્માતા તુષારભાઈ એનું તાજું ઉદાહરણ. એ નિર્માતા તો હતા અને આ પહેલાં પણ એમની સાથે નાટકો કરેલાં. નિર્માતાનું પદ હવે માત્ર સંબોધન, સન્માન મેળવવા લાયક બનવું પડે. નાટક માટે બધાની આટલી મહેનત, લોકોનો આટલો સરસ પ્રતિસાદ અને સંસ્થાઓ પણ શો લેતી થઈ ગયેલ... આવેલું આ સુખ 'ફેરા' એ ફેરવી નાંખ્યું. હવે? સુખ શોધવું પડે એનાથી મોટું દુઃખ શું?

આ બધાં વિચારોમાં અટવાયેલું મગજ, ત્યાં ફોનની ઘંટડી વાગી... સામે છેડે મુકેશ રાવલ હતો. (આજે હયાત નથી)વાત એણે શરૂ કરીઃ 'હાય, દાદુ! તારું નાટક '...મળે સુર..' જોયું. ખૂબ ગમ્યું. એમાં પણ એક સંવાદ મને અપીલ કરી ગયો... ' મેં પરાણે કહ્યું, 'થેંક્યુ...મુકેશ! કયા સંવાદે તને અપીલ કરી?' એણે વળતો જવાબ આપ્યો, 'ત્રણ દંપતીમાંથી જે અહમમાં અટવાતું કપલ... જેમાં પતિનો રોલ તુષાર ત્રિવેદી કરે છે. પતિ-પત્નીના અહમના ટકરાવને કારણે તુષારનો સંવાદ જે પતિ-પત્ની એ સમજવા જેવો છે : પતિ-પત્નીનો ઝગડો એટલે વહેલી સવારે ફૂલ પર પડેલી ઝાકળ જેવો, હજુ સમજાય-નસમજાય ત્યાં તો ઊડી જાય.

મને થયું કે મુકેશે નાટક બહુ ધ્યાનથી જોયું લાગે છે. એણે એનાં પુરાવા રૂપે તરત ફોન ઉપર પૂછ્યું :

'તારાં નાટકના નિર્માતાને કોઈ પ્રોબ્લેમ આવ્યો છે?'

હું તાજુબ પામી ગયો. નક્કી મેં જે ખુલ્લાં મને વાત કરેલી એમાંથી જ કોઈ કલાકારે મુકેશ સામે એ વાત કરી. છુપાવવાની વાત ખુલ્લી કરી નાંખી લાગે છે. આટલી ખાનગી રાખવાની વાત કેમ જાહેર થાય.?

મેં થોડાં અટકતાં અટકતાં જવાબ આપ્યો, 'હા, થોડો પ્રોબ્લેમ તો થયો છે. અઠવાડિયામાં ક્લેરિટી મળી જશે.'

'જો કોઈ તકલીફ હોય તો હું આખું પ્રોડક્શન લઈ લેવાં તૈયાર છું' એ બોલ્યો. મેં કહ્યું, 'થેંક યુ , મુકેશ! પણ વાત...' ત્યાં જ મુકેશ શરૂ થઈ ગયો,

'કોઈ જબરજસ્તી નથી દાદુ. આ તો નાટક મને ગમ્યું છે અને ચાલે એવું છે. વાર્તામાં નવીનતા લાગી. બાકી વિજય રાવલ તારી સાથે કાલે ડિટેઇલમાં વાત કરશે. બાકી તારી ઇચ્છા.' કહી ફોન મુક્યો.

મને થયું કે અવસર અને સૂર્યોદયમાં એક સમાનતા છે, મોડું કરવાવાળા એ ખોઈ બેસે છે. થયું, મારાં મને કહ્યું કે આ તક ગુમાવવી ન જોઈએ. બીજા મને આ વિચાર ટપારતાં કહ્યું કે આખુ પ્રોડક્શન વેચી દેવાની વાત ન કરતો. અઠવાડિયા પછી ધાર કે તુષારભાઈ 'પ્રગટ' થયાં એ પહેલાં કોઈ લેખિત કરાર બનાવી નાખ્યાં એ પણ કોઈ સત્તા વગર, તો તુષારભાઈને શું જવાબ આપીશ? તારો સંજોગોવસાત લીધેલ નિર્ણય તુષારભાઈ સ્વીકારશે? નાટક ચાલતું રહે તો મને પણ 'કવર' મળવાનાં હતા જો કે તુષારભાઈ સાથે હવે પારિવારિક સંબધ બંધાય ગયેલાં. કાગળીયા અને જો સહી-સિક્કા થઈ ગયાં હશે તો મુકેશને પણ શું જવાબ આપું? દાલ-રોટી નીકળે એટલે આવો નિર્ણય જલ્દી કઈ રીતે લઉં? રોટલી કમાવી એ મોટી વાત નથી, પરિવાર સાથે બેસીને ખાવી એ મોટી વાત છે. અને તુષારભાઈ પારિવારિક સભ્ય બની ગયેલાં...

બીજે દિવસે વિજય રાવલનો ફોન આવ્યો. 'દાદુ, મુકેશ સાથે તારે વાત થઈને? ખબર નહીં અમારામાંથી વાત કોણે મુકેશને કહી હશે? વાત વધુ ફેલાવી ન જોઈએ. તુષારભાઈનો કોઈ દોષ હશે કે નહીં એ તો પુરવાર થાય ત્યારે ખબર પડે. એ માટે હાલ અઠવાડિયું તો રાહ જોવાની જ હતી.'

વિજય કહે, 'એ બાબત તું ચિંતા ન કર...જેણે પણ તારાં ગ્રુપમાંથી મુકેશને કહ્યું હશે એ તારાં નાટકનાં ભલા માટે જ કહ્યું હશે કે નાટક ચાલુ રહે. તને એ 'નામ' મળે તો પણ તું મૂંગો રહે એવી મારી મિત્રભાવે સલાહ છે.'

મેં કહ્યું, 'ભલે... હવે મૂળ વાત કહે.'

વિજયે ફરી વાતનું અનુસંધાન સાધ્યું :

'જો દાદુ, ફેરામાં 'અંદર' ગયેલાં ક્યારે 'બહાર' આવે તે કહી ન શકાય. મુકેશનો બ્રધર છે-દેવેશ રાવલ (હયાત નથી) જેને કન્સ્ટ્રકશનનું કામ છે. મુકેશ સાથે એ તારું નાટક અટકી ન પડે એટલે આખું પ્રોડક્શન પોતાને હસ્તક લઈ લેવા માંગે છે. તું જો, આ બાબત 'હા' પાડે તો એગ્રીમેન્ટ બનાવી નાખીએ.'

હું જરા ચોંકી ગયો. મેં કહ્યું, 'ખરાબ નહીં લગાડતો પણ.. મારાં અને તુષારભાઈનાં સંબંધ જરા જુદા છે. એમની હાલની સ્થિતિનો ગેરલાભ લઈ સંબંધ ઉપર પ્રશ્નાર્થ ન મૂકી શકું. વાસ્તવિક સંબંધ લખવાનાં, વાંચવાના કે જાહેરમાં બતાવવાનાં નહીં પણ જીવવાનાં હોય છે... પ્રોડક્શન તો હું ન વેંચી શકું!'

વિજય બોલ્યો, 'તો તું જ કહે... નાટક સારું બન્યું છે, લોકોને પસંદ પડ્યું છે ત્યારે નિર્માતાની પરિસ્થિતિને કારણે બંધ કરી દેશે? નાટક જો ચાલતું રહેશે તો બધાને ફાયદો છે. વાત રહી સંબંધ નિભાવવાની, તો આ કલિયુગ છે. આટલાં લાગણીવેડામાં આવેલી તક વેડફવા જેવી નથી એવું મારું માનવું છે.'

મેં કહ્યું, 'દોસ્ત, તારો આભાર! પણ પ્રોડક્શન વેંચી દઉં એનાં કરતાં એક કામ ન થઈ શકે? જ્યારથી આપણે નક્કી કરીએ ત્યારથી તમે નાટકનો દોર તમારાં હાથમાં લઈ લો. થિયેટરની તારીખ નક્કી કરવી અને એનું ભાડું ભરવું તેમજ જા.ખ. બાબત દીપક સોમૈયા સાથે ક્લિયર વાત કરી લેવી અને કલાકારોને મહેનતાણું ચુકવવું વગેરે બધું તમારે સાંભળી લેવું. શોનું જે કલેક્શન થાય એ તમારું પછી એમાં ફાયદો હોય કે ખોટ. જો તુષારભાઈ આવી જાય તો પછી એ જ નિર્માતાની ફરજ અદા કરતાં થઈ જશે'

'ઓહ! ઠીક છે. હું મુકેશ-દેવેશ સાથે વાત કરી તને જણાવું.'

તુષારભાઈ સાથેનો સંબંધ મારે અકબંધ રાખવો હતો. ચણતર ભીંતનું હોય કે સંબંધનું, ચણાય એટલે ખાસ કાળજી માગી લે.! ■

**ડબલ રિચાર્જ**

*એક સર્વે મુજબ ૪૦% લોકો પત્નીથી પરેશાન છે અને ૬૦% લોકોને તેમની પત્નીઓએ ભાગ જ નહોતો લેવાં દીધો....*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# રેહમાનનાં કેટલાં ગીતો તમે ગણગણી શકો?

## હિન્દી ફિલ્મ સંગીતમાં ધ્વનિની ક્રાંતિ લાવનારા આ સંગીતકારનાં કેટલાં ગીત રસિકોના હોઠ પર રમતા હશે એ ચકાસશો તો હેરત થશે

હિન્દી ફિલ્મનાં ગીત - સંગીતનો જોટો જગમાં જડવો મુશ્કેલ છે. મૂક ચિત્રપટ બોલપટ બન્યા ત્યારથી (૧૪ માર્ચ ૧૯૩૧) અમુક અપવાદ બાદ કરતાં ગીત - સંગીત હિન્દી ફિલ્મોનો અવિભાજ્ય અને અવિસ્મરણીય હિસ્સો રહ્યા છે. પહેલા બોલપટ 'આલમ આરા'માં સાત ગીત હોવાની સત્તાવાર નોંધ છે. ૧૯૩૧થી ૧૯૪૧ દરમિયાનના દશકમાં કલકત્તાની ન્યૂ થિયેટર્સની ફિલ્મો તેમ જ વી. શાંતારામ - વિષ્ણુપંત દામલેની પ્રભાત ફિલ્મ કંપની અને દેવિકા રાણી - હિમાંશુ રાયની બોમ્બે ટોકિઝની ફિલ્મોનો જમાનો હતો. ન્યૂ થિયેટર્સની ફિલ્મોમાં રવીન્દ્ર સંગીતને પ્રાધાન્ય હતું અને સંગીતકારોમાં રાયચંદ બોડલ, પંકજ મલિક, કે. સી. ડે અને તિમિર બરન જેવા સંગીતકારનો પ્રભાવ હતો. એમની સ્વર રચનાઓમાં મેલડીને પ્રાધાન્ય હતું. લોક સંગીતને પ્રાધાન્ય હતું.પંકજ મલિક જેવા અત્યંત પ્રતિભાશાળી સંગીતકાર સ્વરાંકનમાં પશ્ચિમી વાદ્યોનો ઉપયોગ કર્યો, પણ મૃદુતા જાળવીને. બોમ્બે ટોકીઝના ચિત્રપટમાં સરસ્વતી દેવીના કમ્પોઝિશન્સ હોય કે અનિલ વિશ્વાસના પ્રભાતની 'વતન' ફિલ્મનાં ગીતો હોય, એમાં પણ એક નિશ્ચિત ટેમ્પો રહેતો.

૧૯૪૧માં આવી દલસુખ પંચોલી નિર્મિત 'ખજાનચી'. હિન્દી ફિલ્મ સંગીતના જાણકાર અને અભ્યાસુઓના અભિપ્રાય અનુસાર આ ફિલ્મના સંગીત દિગ્દર્શક ગુલામ હૈદરએ ૧૯૩૦ના દાયકાની ધીમી ગતિના તેમજ શાસ્ત્રીય રાગ પર આધારિત સ્વરાંકન શૈલીને ફગાવી પંજાબી લોક સંગીતનો આશરો લઈ સ્ફૂર્તિદાયક સંગીત (વાઈબ્રન્ટ રિધમ) આપ્યું. પંજાબી શૈલીમાં વાગતા ઢોલકનો પહેલી વાર હિન્દી ફિલ્મના સંગીતમાં વ્યાપકપણે ઉપયોગ થયો અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગીત - સંગીતમાં નવા યુગના મંડાણ થયા. બોક્સ ઓફિસ પર 'ખજાનચી' એ વર્ષની નંબર વન હિટ સાબિત થઈ એમાં એના સંગીતનો મોટો ફાળો હતો. પંચોલી ફિલ્મના સંગીતની સફળતાથી એટલા ખુશ થયા કે તેમણે સંગીતકાર ગુલામ હૈદરને એ સમયે સ્ટેટસ ગણાતી રાલી સાઈકલ ભેટ આપી હતી.

'ખજાનચી' પછી ૧૯૪૦ના દાયકાના અંત ભાગમાં અને વિશેષ તો ૧૯૫૦ - ૬૦ના દાયકામાં હિન્દી ફિલ્મ સંગીતના સુવર્ણકાળ (ગોલ્ડન પિરિયડ)નો પ્રારંભ થયો. ૧૯૫૦ના દાયકામાં લોક સંગીત અને શાસ્ત્રીય રાગ આધારિત સ્વરાંકન હિન્દી ફિલ્મનાં ગીતોમાં પ્રમુખપણે જોવા મળ્યા. સી. રામચંદ્ર, એસ. ડી. બર્મનની અમુક રચનામાં પશ્ચિમી અસર વર્તાઈ હતી.

૧૯૬૦નો દાયકો તો હિન્દી ફિલ્મ સંગીતનો સર્વોત્તમ દાયકો કહી શકાય એવા નાયાબ કમ્પોઝિશન્સ મળ્યા. શંકર જયકિશન, કલ્યાણજી આનંદજી, રવિ, રોશન, ચિત્રગુપ્ત, પી. નય્યર, એસ. ડી. - આર. ડી. બર્મન, લક્ષ્મીકાંત પ્યારેલાલ... અનેક સિતારા ઝળહળી રહ્યા હતા.

આમાંથી કોઈ એક સંગીતકારનું નામ લો - જેમ કે શંકર જયકિશન, તરત જ 'આજા સનમ મધુર ચાંદની મેં હમ, રમૈયા વસ્તાવૈયા, દોસ્ત દોસ્ત ના રહા, બહારોં ફૂલ બરસાઓ' સહિત અનેક ગીત તમારા કાનમાં ગુંજવા લાગે. એ ગીતની પંક્તિઓ સ્વરાંકન સાથે તમને મોઢે હશે, ક્યાં આલાપ લીધો છે ને ક્યાં એકોર્ડિયન કે સેક્સોફોન વાગ્યું છે એ તમે ખાતરી સાથે કહી શકશો. અન્ય સંગીતકાર વિશે પણ લગભગ જ આ પરિસ્થિતિ હશે. હા, કદાચ સંગીતકાર - ગીતના કોમ્બિનેશનમાં ભૂલ થઈ શકે છે, પણ ગીત તો એના તાલ, ઠેકા અને શબ્દો સાથે યાદ આવ્યા વિના નહીં રહે.

હવે વાત કરીએ ૧૯૯૦ના દાયકાની. મણિરત્નમની 'રોજા' રિલીઝ થઈ ૧૯૯૨માં. ફિલ્મ તમિળ ભાષામાં હતી અને હિન્દીમાં ડબ કરવામાં આવી હતી. ફિલ્મ તો લોકોને ગમી, પણ એના સંગીતથી જનતા મંત્રમુગ્ધ થઈ. હિન્દીમાં ડબ કરવામાં આવેલાં ગીતોની તરજનો ધ્વનિ હિન્દી ફિલ્મ સંગીતના રસિયા પહેલી જ વાર સાંભળી રહ્યા હતા. એ. આર. રેહમાન નામના ૨૫ વર્ષના સાઉથના સંગીતકારે સંગીતના ધ્વનિમાં ક્રાંતિ કરી હોવાનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું. ઓર્કેસ્ટ્રેશન અને સ્વરાંકન રેહમાનનાં ગીતોની પ્રમુખ સિદ્ધિ હતી. ૧૯૯૫ના વર્ષમાં સાઉથનો યંગસ્ટર વન ફિલ્મ વન્ડર નથી એ સિદ્ધ થઈ ગયું. પહેલા આવી મણિરત્નમની જ 'બોમ્બે'. આ ફિલ્મનાં ગીતોએ ધૂમ મચાવી. અને પછી આવી રામગોપાલ વર્માની 'રંગીલા'. પહેલી બંને ફિલ્મ તમિળ ભાષામાં બની હતી અને એના ગીતો એ ભાષામાં જ તૈયાર થયા હતા. હિન્દીમાં તો માત્ર ધૂન અનુસાર શબ્દ ગોઠવવામાં આવ્યા હતા. 'રંગીલા' પૂર્ણપણે હિન્દી ફિલ્મ હતી. એના હિન્દી ગીત લખ્યા હતા 'બોમ્બે' માટે ડબ્ડ ગીત લખનારા મેહબૂબ કોટવાલ નામના ગીતકારે. 'રંગીલા' ફિલ્મ હિટ થઈ અને સંગીત સુધ્ધાં સુપરહિટ થયું. એ. આર. રેહમાન સ્ટાર સંગીતકાર બની ગયા.




રેહમાન ઉત્તરોત્તર સફળતા મેળવતો ગયો અને ગુલઝાર તેમ જ જાવેદ અખ્તર સાથેની એની જુગલબંધીએ અનોખા ફિલ્મ સંગીતના નિર્માણમાં નિમિત્ત બની. ફિલ્મફેર એવોર્ડ, નેશનલ એવોર્ડ અને ઓસ્કર સુધ્ધાં મળ્યો.

ગ્રેટ.... પણ સંગીત પ્રેમીઓ, હૈયે હાથ મૂકીને કહો કે રેહમાનનાં કેટલાં ગીત તમે શબ્દો સાથે ગણગણી શકો એમ છો? આંકડો દસ સુધી પહોંચતા હાંફી જશો. કહેવાનું તાત્પર્ય એ છે કે મ્યુઝિક ડિરેક્ટર એ. આર. રેહમાને કર્ણાટકી, હિન્દુસ્તાની ક્લાસિકલ, કવ્વાલીને આધુનિક સંગીત વાદ્યોના ઓર્કેસ્ટ્રેશન અને ઇલેક્ટ્રોનિક સાઉન્ડથી ગીતોને અલાયદા બનાવ્યાં, એક અલગ અનુભવ કરાવ્યો, પણ એમનું સ્વરાંકન ગીતના શબ્દો પર હાવી થઈ ગયું. બીટ્સમાં શબ્દો દબાઈ ગયા. અને એટલે જ તમને રેહમાનના અનેક ગીતોના ટ્યુન યાદ હશે, એનાથી પ્રભાવિત થયા હશો, પણ એ ગીતની એકાદ લાઈન સિવાય શબ્દો તમને ભાગ્યે જ યાદ હશે. પહેલાના સંગીતકારોના સ્વરાંકનમાં રેહમાન જેવી ટેક્નિકલ નિપુણતા નહોતી, પણ ગજબનું માધુર્ય હતું. રેહમાને નિઃશંક અદ્ભુત ગીતો આપ્યાં છે અને ગુલઝાર તેમ જ જાવેદ અખ્તર કહે છે એમ રેહમાને ફિલ્મો માટે ગીત લખવાની પદ્ધતિમાં ક્રાંતિ લાવી દીધી. ગીતનું ફોર્મેટ જ બદલી નાખ્યું.

અદ્ભુત, પણ ફરી એક વાર કહું છું, કોશિશ કરી જુઓ કે સંગીતકાર રેહમાનનાં કેટલાં ગીત તમે શબ્દો સાથે ગણગણી શકો છો?

બાજી મારો... તમે હારી જશો...!

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા


# ફિલ્મ્સની સક્સેસ બોક્સ ઓફિસની બહાર

## ઓટીટીએ બોલિવૂડમાં સફળતાની વ્યાખ્યા કેવી રીતે બદલી એ જાણવા જેવું છે.

એક સમય હતો જ્યારે બોલિવૂડ ફિલ્મનું ભવિષ્ય માત્ર એક જ દિવસે નક્કી થઈ જતું હતું : શુક્રવાર. ફિલ્મના ફર્સ્ટ ડે કલેક્શન પછી વીકએન્ડ ટ્રેન્ડ અને સોમવારના અંક જોઈને જ ટ્રેડ અને મીડિયા ફિલ્મને હિટ, ફ્લોપ કે ડિઝાસ્ટર જાહેર કરી દેતા. ફિલ્મ કેટલી ચાલી? એનો અર્થ સીધો કેટલા કરોડ કમાયા? એવો થતો, પરંતુ આજે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રી એ તબક્કે આવી પહોંચી છે જ્યાં ફિલ્મનું જીવન શુક્રવારથી શરૂ થઈને ત્યાં જ પૂરું થતું નથી. ઘણી વખત તો ફિલ્મની સાચી જર્ની થિયેટરમાં નહીં, પરંતુ ઓટીટી પ્લેટફોર્મ પર શરૂ થાય છે. એટલે જ આજે હિટ ફિલ્મની વ્યાખ્યા પૂરી રીતે બદલાઈ રહી છે.

આ બદલાવ અચાનક આવ્યો નથી. કોરોના કાળ દરમિયાન જ્યારે થિયેટર્સ બંધ હતા, ત્યારે 'ગુલાબો સિતાબો', 'શકુંતલા દેવી', 'લુડો', 'શેરની' જેવી ફિલ્મ્સ સીધી ઓટીટી પર રિલીઝ થઈ. એ સમયે દર્શકો પાસે કોઈ બોક્સ ઓફિસ નંબર નહોતા, કોઈ ફર્સ્ટ ડે રિપોર્ટ નહોતા. ફિલ્મ માત્ર એની વાર્તા, અભિનય અને અનુભવ પરથી જ જોવાઈ. ત્યાંથી એક મહત્ત્વનો ફેરફાર શરૂ થયો. ચર્ચા કેટલું કમાયું પરથી ખસીને ફિલ્મ કેવી લાગી તરફ જવા લાગી. થિયેટર્સ ખુલ્યા પછી પણ આ આદત રહી ગઈ. હવે દર્શકો ફિલ્મને જજ કરવા માટે ઓટીટી વ્યૂઅરશિપ, રીવોચ વેલ્યુ, સોશ્યલ મીડિયા ચર્ચા અને સમય સાથે એ કેટલી યાદ રહે છે તેને પણ મહત્ત્વ આપે છે.

પાછલાં થોડાં વર્ષોમાં એવી ઘણી ફિલ્મ્સ આવી છે જે થિયેટરમાં ખાસ ચાલી નહીં, પરંતુ ઓટીટી પર આવીને નવી ઓળખ મેળવી ગઈ. 'લાલ સિંહ ચઢ્ઢા' એનું મોટું ઉદાહરણ છે. બહુ મોટી અપેક્ષાઓ સાથે રિલીઝ થયેલી આ ફિલ્મ થિયેટરમાં લાંબી ન ચાલી શકી અને ઝડપથી ફ્લોપ ગણાઈ ગઈ, પરંતુ Netflix પર આવ્યા પછી ઘણા દર્શકોએ ફિલ્મને શાંતિથી, પ્રેશર વગર જોઈ અને એની લાગણીસભર બાજુને સ્વીકારી. ભલે ફિલ્મ હિટ ન બની હોય, પરંતુ એ સાબિત થયું કે થિયેટરમાં નિષ્ફળતા એટલે દર્શકોનો સંપૂર્ણ ઇનકાર નહીં.













આ જ વાત 'વિક્રમ વેધા' સાથે પણ જોવા મળી. ફિલ્મને ઓપનિંગ સારું મળ્યું, પરંતુ જેટલી મોટી ફિલ્મ હતી એ પ્રમાણે બોક્સ ઓફિસ પર ટકી શકી નહીં. ઓટીટી પર આવ્યા પછી ફિલ્મના પર્ફોર્મન્સની ચર્ચા વધી. એ જ રીતે 'ભીડ', 'એન એક્શન હીરો' અને 'જયેશભાઈ જોરદાર' જેવી ફિલ્મ્સ થિયેટરમાં અસર ન કરી શકી, પરંતુ ઓટીટી પર આવ્યા પછી એમના વિષય અને પ્રયાસ માટે વાતો થઈ.

આવી બદલાતી પરિસ્થિતિમાં મધ્યમ બજેટ અને કન્ટેન્ટ આધારિત ફિલ્મ્સને ખાસ ફાયદો થયો છે. 'લાપતા લેડીઝ' થિયેટરમાં સામાન્ય રન પછી ઓટીટી પર આવી અને ધીમે ધીમે વર્ષની સૌથી વખાણેલી ફિલ્મ્સમાં સામેલ થઈ. એની સાદગી, પર્ફોર્મન્સ અને લાગણીસભર વાર્તાએ ઓટીટી દર્શકો સાથે કનેક્શન બનાવ્યું. આવી ફિલ્મ્સ થિયેટરમાં મોટા 'શો-શરાબા' વચ્ચે ઘણી વખત દબાઈ જાય છે, પરંતુ ઓટીટી પર એમને પોતાની જગ્યા મળે છે. 'કટહલ ' અને 'ઝિવગાટો' જેવી ફિલ્મ્સ પણ એ જ કેટેગરીમાં આવે છે.

આ બધાની સાથે ઇન્ડસ્ટ્રીની વિચારધારા પણ બદલાઈ છે. આજે મોટાભાગના પ્રોડ્યુસર ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં જ ઓટીટી ડીલ ફાઈનલ કરી લે છે. મજબૂત ઓટીટી સેલ થિયેટરમાં થતી ખોટને કવર કરી શકે છે અથવા રિસ્ક ઘટાડે છે એટલે હવે માર્કેટિંગ પણ બદલાયું છે. 'શેરશાહ' ફિલ્મ સીધી ઓટીટી પર આવી અને દર્શકોએ તેની ચર્ચા કરી અને હિટ નીવડી ત્યારે તેનું એક ઓટીટી હિટ ફિલ્મની જેમ જ માર્કેટિંગ કરવામાં આવ્યું હતું.

સોશ્યલ મીડિયા એ બદલાવને વધુ તેજ બનાવે છે. ઓટીટી પર ટ્રેન્ડ થતી ફિલ્મ, ક્લિપ્સમાં ફરતી ફિલ્મ, રીલ્સમાં દેખાતી ફિલ્મ, ઘણી વખત બોક્સ ઓફિસ હિટ ફિલ્મ કરતાં વધુ હાજરી અનુભવે છે. '12th Fail' એનું ઉત્તમ ઉદાહરણ છે.

ફિલ્મે થિયેટરમાં ધીમે પરંતુ સ્થિર કમાણી કરી, પરંતુ સાચી સફળતા ત્યારે આવી જ્યારે દર્શકોએ પોતાની રીતે ફિલ્મને ભલામણ કરવી શરૂ કરી. ઓટીટી અને સોશ્યલ મીડિયાએ મળીને થિયેટર ફિલ્મને લાંબું જીવન આપ્યું.

આજે ઘણા લોકો ખાસ કરીને નાની, લાગણીસભર ફિલ્મ્સ માટે થિયેટર જવા કરતાં ઓટીટી રિલીઝની રાહ જુએ છે. જો ફિલ્મમાં મોટો સ્કેલ, એક્શન કે ઇવેન્ટ ફીલ ન હોય તો ઘરે આવી જશે એવી માનસિકતા વધી છે. એટલે જ મોટી મસાલા ફિલ્મ્સ થિયેટરમાં ચાલે છે, જ્યારે ડ્રામા અને સ્લાઈસ ઓફ લાઈફ ફિલ્મ્સ ઘણી વખત ઓટીટી પર દર્શકો શોધે છે. આજના સમયમાં ફિલ્મ થિયેટરમાં ફ્લોપ હોવા છતાં કુલ મળીને નફાકારક બની શકે છે. આ વિચાર દસ વર્ષ પહેલાં અકલ્પનીય હતો.

કેટલાક ફિલ્મમેકર્સ માને છે કે આ રીતે સિનેમાનો સામૂહિક અનુભવ ખોવાઈ રહ્યો છે, છતાં એ પણ સત્ય છે કે ઓટીટી એ ફિલ્મ્સને લાંબું જીવન આપ્યું છે અને વધુ લોકો સુધી પહોંચાડી છે. આ રીતે જુઓ તો શુક્રવારથી ઓટીટી સુધીનો પ્રવાસ માત્ર પ્લેટફોર્મનો બદલાવ નથી, પરંતુ વિચારધારાનો બદલાવ છે. અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી, ઇચ્છા હોય કે ન હોય, આ બદલાયેલા અર્થ સાથે જીવવાનું શીખી ગઈ છે.

**લાસ્ટ શોટ**

*આજની ટ્રેડ ભાષા બદલાઈ છે. હવે ઓટીટી હિટ, ડિજિટલ સક્સેસ, મોસ્ટ વોચ્ડ જેવા શબ્દો સામાન્ય બની ગયા છે.*

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

### અમને તો 'ધુરંધર' જ જોઈએ ...'ટોક્સિક' નહીં!



અનિલ થડાની

રવિનાના પતિ અનિલ થડાની એમની જીદ માટે જાણીતાં છે. પોતાની ડિસ્ટ્રિબ્યુટ કરેલી ફિલ્મોને વધુમાં વધુ શો મળે એ માટે અનિલભાઈ ગમે તે હદે જઈ શકે છે. ભૂતકાળમાં તેમણે થિયેટર માલિકોને બ્લેકમેઈલ કર્યા હોવાનાં દાખલા પણ સામે આવ્યા છે.

જોકે દરેક વખતે જીદ ચાલી જ જાય એ શક્ય નથી હોતું.


આ વખતે અનિલ થડાનીનો કાકચીયો ઘાણમાં આવ્યો છે! ઇદના દિવસે 'ધુરંધર'નો બીજો ભાગ અને 'ટોક્સિક' એક સાથે રિલીઝ થવાની છે. થડાનીએ થિયેટર માલિકોને બ્લેકમેઈલ કરવાનો ફરીથી પ્રયાસ કર્યો. તેમની કંપનીએ 'બોર્ડર ટુ' જે આજે રિલીઝ થઇ છે એનું એડવાન્સ બુકિંગ બધી જ જગ્યાએ એક સાથે શરૂ ન કરાવ્યું.

થડાનીએ શરત મૂકી કે 'ટોક્સિક'ને 'ધુરંધર ટુ' જેટલાં જ સ્ક્રિન આપો તો બધે એડવાન્સ બુકિંગ ખોલું, પણ 'ધુરંધર' તો ધુરંધર છે!

એ હજી પણ થિયેટરો અને મલ્ટિપ્લેક્સ માટે દૂધ આપતી ગાય બની રહી છે. હવે, એનાં બીજા ભાગની રાહ જબરદસ્ત ઉત્કંઠાથી આખો દેશ જોઈ રહ્યો હોય તો એમાં થડાનીની ધમકી કેમની કામમાં આવે?

એટલે એક્ઝિબીટરોએ અનિલભાઈને સ્પષ્ટ ના પાડી દીધી. કહી દીધું કે આ શક્ય નથી. આટલું જ નહીં, એમણે તો અનિલ થડાનીને સલાહ પણ આપી દીધી કે 'ધુરંધર' સામે 'ટોક્સિક'ને રિલીઝ કરવી એ આત્મહત્યા જ ગણાશે. બહેતર એ રહેશે કે એને તમે સોલો રિલીઝ કરો. ટૂંકમાં, આ વખતે અનિલ થડાનીએ પારોઠનાં પગલાં ભરવાં પડે એવી સ્થિતિ ઊભી થઇ છે.

### આનંદ - ઈરોસ વચ્ચે 'આધ્યાત્મિક' યુદ્ધ!



આનંદ એલ. રાય

આનંદ એલ. રાય અને ઈરોસ વચ્ચેની લડાઈ લગભગ છ-આઠ મહિના જૂની છે. યાદ છે? જ્યારે ઈરોસે 'રાંઝણા'નો એન્ડ બદલીને એને તમિળમાં ફરીથી રજૂ કરી હતી? એ સમયે આનંદ એલ. રાયે કોર્ટમાં જવાની ધમકી આપી હતી. કારણકે AIની મદદથી ફિલ્મનાં કરુણ અંતને હેપ્પી એન્ડમાં ફેરવી નાખવા માટે એમને વિશ્વાસમાં લેવામાં ન હતા આવ્યાં. પછી રાયે 'તનુ વેડ્સ મનુ'નો આગલો ભાગ પોતે બનાવશે એવી વાત કરી હતી, ત્યારે ઈરોસે કોર્ટમાં જવાનું કહી દીધું હતું.


હવે આ બંનેની લડાઈમાં નવો ટ્વિસ્ટ આવ્યો છે. રાયની 'તેરે ઈશ્ક મેં' જે ડિસેમ્બરમાં આવી હતી તેને તેમણે 'રાંઝણાની અધ્યાત્મિક રિમેક' એવી ટેગલાઈન આપવામાં આવી હતી. તો ઈરોઝના બોસલોગ હવે ગુસ્સામાં આવી ગયાં છે. એમણે રાય ઉપર સીધો રૂપિયા ૮૪ કરોડનો નુકસાનીનો દાવો ફટકારી દીધો છે. ઈરોસનું કહેવું છે કે 'રાંઝણા' નામ ઉપર એમનો કોપીરાઈટ છે.

આથી, એનો ઉપયોગ રાય કે બીજું કોઈ પણ એમની મંજૂરી વગર ન કરી શકે.

ઈરોસનું તો એવું પણ કહેવું છે કે ફક્ત રાંઝણા જ નહીં, પરંતુ 'કુંદન શંકર' અને 'મુરારી' પાત્રોનાં નામ પર પણ તેનો હક્ક છે.

મામલો ભલે કોર્ટમાં ગયો હોય પણ આવા મામલાઓમાં છેવટે તો ઘીના ઠામમાં ઘી પડ્યું જ રહેતું હોય છે.

### બધે જ છવાશે 'બોર્ડર'નો જાદુ




જ્યારે હાથી ચાલતો હોય ત્યારે એને બધાં જ જગ્યા આપી દેતાં હોય છે. બોલિવૂડની મોટી ફિલ્મો પણ હાથી જેવી હોય છે. એ જ્યારે રિલીઝ થવાની હોય ત્યારે એને 'સોલો રિલીઝ' મળી જતી હોય છે. એમાંય અનિલ થડાની જેવા ડિસ્ટ્રિબ્યુટર હોય તો તો પછી શોની સંખ્યા પણ બમ્પર મળી જતી હોય છે.


આ જ ન્યાયે 'બોર્ડર ટુ' બમ્પર શો સાથે આજે રિલીઝ થઇ છે. એટલું જ નહીં થિયેટર અને મલ્ટીપ્લેક્સ માલિકોને અમુક નિયમો પણ સમજાવી દેવામાં આવ્યાં છે. નિયમ ક્રમાંક એક અનુસાર સિંગલ સ્ક્રિન થિયેટરોએ બે અઠવાડિયા આ ફિલ્મ ફરજિયાત દેખાડવાની રહેશે.

નિયમ ક્રમાંક બે એવું કહે છે કે જે મલ્ટીપ્લેક્સમાં ૪ થી ૬ સ્ક્રિન્સ છે ત્યાં એક અઠવાડિયું દરરોજ ૧૪ થી ૧૮ શોઝ દેખાડવાનાં છે જ. નિયમ ક્રમાંક ત્રણ ૩ સ્ક્રિન્સ ધરાવતાં મલ્ટીપ્લેક્સને એમ કહે છે કે તમારે દરરોજ ૧૨ શો તો દેખાડવાના જ છે એમાં કોઈ મીનમેખ ન થવો જોઈએ.

પરંતુ, કિન્તુ, બટ... 'બોર્ડર ૨'ની લંબાઈ પૂરા ૩ કલાક અને ૧૯ મિનિટની છે. હવે ભલે સ્ક્રિન્સની સંખ્યા વધુ હોય પણ આટલી લાંબી ફિલ્મ માટે દરરોજ અને એ પણ એક અઠવાડિયા માટે આટલા બધાં શો ગોઠવી શકાશે એ એક પ્રશ્ન છે. અને યક્ષપ્રશ્ન તો એ છે કે જો આમ થાય તો બે શો વચ્ચે પછી સાફસૂફી માટે ટાઈમ કેટલો બચશે?

વિચારો, ચતુરો ... વિચારો ! ■

**કટ એન્ડ ઓકે..**



*રોહિત શેટ્ટી નિર્દેશિત અને જ્હોન અબ્રાહમ અભિનીત મુંબઈના પૂર્વ કમિશનર રાકેશ મારિયાનાં જીવન પર આધારિત ફિલ્મનું નામ 'મારિયા ...ઓ મારિયા' હશે કે પછી 'મારિયા આઈપીએસ'?!*

ફિલ્મનામા
નરેશ શાહ

# ફર્ઝી... ફ્રોડની ફેન્ટાસ્ટિક દુનિયા

*‘હમ લોગ મિડલ ક્લાસ નહીં, મિડલ ફિંગર ક્લાસ હૈ!’*

*‘આ અમીરોએ બનાવેલી સિસ્ટમ છે કે જેમાં ગરીબ જિંદગીભર વ્યાજ ભરતો રહે છે અને એ (અમીર) વ્યાજ ખાતો રહે છે...’*

*‘પૈસાથી ખુશી મળતી નથી... આ ડાયલોગ માત્ર એ લોકો જ માર્યા કરે છે, જેની પાસે પૈસા છે જ નહીં!’*

*‘સબ કે અંદર એક ચોર હૈ, સીર્ફ ચાન્સ કે લીએ વેઈટ કરતાં હૈ!’*

*‘જબ નીચે આગ નહીં લગતી, તબ તક ઈન્સાન રોકેટ નહીં બન પાતા હૈ!’*

આ સંવાદોના અન્ડર કરંટમાંથી ડિઝાઈન થયેલી વાર્તા એટલે પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થયેલી સાડા સાત કલાક લાંબી ‘ફર્ઝી’ વેબ સિરીઝ. પાયાની જરૂરિયાતોનો અભાવ માણસને ક્રાઈમ કરવા ઉશ્કેરતો હોય છે, એવી માન્યતા ભલે દૃઢ હોય પણ પૂર્ણ સચ્ચાઈ છે કે ખોખલી મહત્ત્વાકાંક્ષા કે ઊંચે ઊડવાની ઉતાવળ ય માણસને ક્રાઈમની લપસણી સપાટી પર મૂકી દેતી હોય છે અને શાહિદ કપૂર-વિજય સેતુપતિ - કે. કે. મેમન - અમોલ પાલેકર તેમ જ ઝાકિર હુસૈન જેવા તગડા અભિનેતાઓ સાથેની ‘ફર્ઝી’ વેબસિરીઝ આ જ ફિલોસોફી પર આધારિત છે.




એક ક્રિમિનલ પિતાનો ટીનએજ પુત્ર સિદ્ધાંતવાદી પત્રકાર-નાના પાસે ઉછરીને મોટો થાય છે. નાના તેને એક ઉત્તમ ચિત્રકાર-પેઈન્ટર બનાવવાની તાલીમ આપે છે ત્યારે તેને સપનામાં પણ ખ્યાલ નથી કે પૌત્ર સન્ની (શાહિદ કપૂર) પોતાની આ સુપર આર્ટનો કેવો બેતુકો ઉપયોગ કરવાનો છે. આજકાલ ‘ધૂરધંર’ ફિલ્મે ધમાલ બોલાવી છે અને આ ધમધમાટ આગામી માર્ચ મહિના પછી પણ ચાલતો રહેવાનો છે. આ ‘ધૂરંધર’ ફિલ્મના પ્રથમ ભાગમાં પાકિસ્તાનમાં ટ્રેઝરી લેવલ પર છપાતાં ભારતીય ચલણનો અછડતો ઉલ્લેખ પણ છે. ફર્ઝી વેબ સિરીઝમાં નકલી નોટની જ વાત છે પણ એ ભારતના પરિપેક્ષમાં છે. વિશ્વવિખ્યાત ચિત્રોની નકલ (ફર્સ્ટ કોપી) બનાવતાં-બનાવતાં ‘ફર્ઝી’નો સન્ની પાંચસો રૂપિયાની નકલી નોટ બનાવે છે અને અંડરવર્લ્ડમાં ‘આર્ટિસ્ટ’ તરીકે જાણીતો થઈ ‘પાંચમાં પૂજાવા’ લાગે છે. તેની સાથે મિત્ર ફિરોઝ (ભુવન અરોરા) પણ રેકેટમાં સામેલ છે. સામા પક્ષે વિદેશમાં રહીને નકલી નોટ બનાવીને ભારતમાં ઘુસાડતાં મનસુર દલાલ (કે. કે. મેનન)ની પાછળ પડેલો સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમનો ઈન્સ્પેક્ટર માઈકલ (વિજય સેતુપતિ) છે.

માઈકલને તો મનસૂર દલાલ જેવા મગરમચ્છને પકડવામાં દિલચસ્પી છે, પણ એક ક્રોસ રોડ પર તેનો ભેટો અને અથડામણ પરફેક્ટ નકલી નોટ બનાવતા ‘આર્ટિસ્ટ’ સાથે ય થવાનો છે, એ આપણે જાણીએ છીએ છતાં સાડા સાત કલાકની વેબ સિરીઝ તમે રાત ઉજાગરા કરીને પૂરી કરો છો, કારણ કે... હિન્દી વેબ સિરીઝમાં આટલું બારિક રિસર્ચ, શાર્પ સ્ટોરી ટેલિંગ, દિલધડક ટ્વિસ્ટ અને ક્લાસિક પાત્રલેખન-અભિનયની જુગલબંદી ભાગ્યે જ થતી હોય છે.

‘આર્ટિસ્ટ’ (શાહિદ કપૂર) નકલી પાંચસોની નોટ બનાવે એ પહેલાં ઓરિજિનલ ચલણની બારીકાઈ તેમજ વિશિષ્ટતા દર્શાવવામાં આવી છે, એ ખરેખર લાજવાબ છે. એક ડાયલોગ પણ છે કે - ‘લોગ જીસ કે (પૈસા-રૂપિયા) પીછે પાગલ હૈ, ઉસે કભી ધ્યાન સે દેખતે ભી નહીં!’

‘ફેમિલી મેન’ જેવી એકદમ સફળ સિરીઝની ત્રણ સિઝન આપનારી ડિરેક્ટર જોડી રાજ (નિદિમોરું) અને ડીકે (ક્રિષ્ના) એ ‘ફર્ઝી’માં પણ કમાલ કરી છે, કારણ કે તેમનું પેપર વર્ક (રાજ-ડી. કે. ઉપરાંત રાઘવ દત્ત, સુમન કુમાર, સીતા મેનન) એકદમ જબ્બરદસ્ત છે. વેબ સિરીઝમાં સંશોધકનો સ્ટડી, ક્રિમીનલનું રિસર્ચ, માનવીય કુંઠા, મુફલિસનો આક્રોશ તેમજ નિયતિના આટાપાટાનો સુભગ સમન્વય થયો છે તો રાશી ખન્ના સહિતના તમામનું કાસ્ટિંગ પરફેક્ટ છે. જો કે સૌથી વધારે મજા તમને તામિલ એક્સેન્ટમાં હિન્દી બોલતાં વિજય સેતુપતિ આપે છે. આ બંદો હિન્દી સ્ક્રીનમાં તહેલકો મચાવશે એ લખી રાખજો. વિજય સેતુપતિ અને નેતા બનતાં ઝાકિર હુસૈન વચ્ચેનાં દૃશ્યો અને (ટેલિફોનીક) વાતચીત આ લખનારની દૃષ્ટિએ ‘ફર્ઝી’ની સૌથી મોટી હાઈલાઈટ્સ છે.

ઓટીટી પ્લેટફોર્મ પર ‘ફર્ઝી’ નામનો બ્લાસ્ટ પણ શાનદાર રીતે થયો છે એટલે ૨૦૨૬માં તેનો બીજો પાર્ટ પણ આવવાનો છે એટલે ‘ફર્ઝી’ વેબ સિરીઝના પ્રથમ ભાગ વિષેના આ લખાણને તમારે માત્ર ક્રેડિટ નોટ જેટલું જ મહત્ત્વ આપવું કારણ કે પિક્ચર (ફર્ઝી) અભી (તમારે જોવાનું) બાકી હૈ, મેરે દોસ્ત! ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ કલાકારોની એવી એક ફિલ્મ જાણો છો જેના નામમાં ખાવાની આઈટમ આવે છે?**

૧) સંજીવ કુમાર - મૌસમી ચેટરજી

૨) સુપ્રિયા પાઠક - રાજીવ મહેતા

૩) આફતાબ શિવદાસાણી- આમના શરીફ

૪) ગોવિંદા - રવીના ટંડન

૫) નવાઝુદ્દીન સિદ્દીકી - આથીયા શેટ્ટી

૬) રાજકુમાર રાવ - આયુષ્યમાન ખુરાના, કૃતિ સેનન

૭) કબીર સદાનંદ - તનિષા

## ક્વિઝ (બ)

**આ ગીતો કઈ ફિલ્મના છે અને એની ગાયિકા કોણ છે ?**

૧) જિમી જિમી જિમી આજા આજા આજા

૨) લૈલા મૈં લૈલા ઐસી હું લૈલા હર કોઈ ચાહે મુજસે મિલના અકેલા

૩) તિતલી ઉડી ઉડ જો ચલી ફૂલ ને કહા આજા મેરે પાસ

૪) તુમ અપના રંજો ગમ અપની પરેશાની મુજે દેદો તુમ્હે ઉનકી કસમ...

૫) બિછડે અભી તો બસ કલ પરસો, લંબી જુદાઈ ચાર દીનોકા પ્યાર

૬) દિલ મેં મીઠી મીઠી મચતી હૈં હલચલ,દિલ બોલે બૂમ બૂમ.

૭) બોલે રે પપી હરા પપી હરા ...

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# બોલિવૂડની એક આગવી મર્દાની અભિનેત્રી રાણી મુખર્જી



**સતત એક પાત્ર જીવી જનારી અભિનેત્રી તરીકે રાણી મુખર્જી ફિલ્મરસિકો પર અમીટ છાપ છોડી રહી છે. ૨૦૧૪માં ‘મર્દાની’ ફિલ્મનો પહેલો ભાગ આવ્યો ત્યાર પછી તે અંગત જિંદગીમાં એક પુત્રીની માતા બની, પણ ફરી ફિલ્મમાં સક્રિય થવાનો ચાર વર્ષે નિર્ણય કર્યા પછી તે ‘મર્દાની-ટુ’માં લેડી ઈન્સ્પેક્ટર શિવાની શિવાજી રોય તરીકે પાછી ફરી અને હવે એ ફરી સાત વર્ષે તે ‘મર્દાની-થ્રી’માં એ જ પાત્ર દ્વારા ત્રાટકવા તૈયાર છે.**

‘મર્દાની’ અને ‘મર્દાની-ટુ’માં પુરુષ વિલન સાથે બાખડનારી રાણી મુખર્જી આ વખતે મહિલા વિલન - ખલનાયિકા - અમ્માજી સાથે બાથ ભીડવાની છે. ૩૦ જાન્યુઆરીએ રિલીઝ થનારી આ ફિલ્મ સત્યઘટના પર આધારિત છે અને પહેલી બે ફિલ્મ કરતાં આ ફિલ્મ વધુ છાપ છોડશે એમ મનાય છે.

૨૦૧૪માં આદિત્ય ચોપરા સાથે લગ્ન કર્યા પછી ‘યશરાજ બેનર’ની જ ફિલ્મોમાં અભિનય કરતી રાણી મુખર્જીએ તેની કારકિર્દી દરમિયાન મોટાભાગની ફિલ્મો ‘યશરાજ’માં જ કરી છે. ૨૧ માર્ચ ૧૯૭૮માં રામ મુખર્જી અને ક્રિષ્ના મુખર્જીને ત્યાં જન્મેલી રાણી મુખર્જીએ તેનું શિક્ષણ માણેકજી કૂપર સ્કૂલમાં લીધું છે અને મીઠીબાઈ કોલેજ ઑફ આર્ટસ અને એસએનડીટી વિમેન્સ યુનિવર્સિટીમાંથી તેણે હોમ સાયન્સમાં ડિગ્રી મેળવી છે.

કાજોલ જેવી ઉત્કૃષ્ટ અભિનેત્રીની પિત્રાઈ બહેન રાણી પણ અભિનયમાં કાજોલને બરાબરની ટક્કર આપી છે. તેણે પોતાની કારકિર્દી દરમિયાન એક નેશનલ એવૉર્ડ અને એક વાર ફિલ્મફેર એવૉર્ડ મેળવ્યા છે. રાણી એવી એકમાત્ર અભિનેત્રી છે જેણે એક જ વર્ષે જુદી - જુદી બે કેટેગરીમાં ફિલ્મફેર એવૉર્ડ મેળવ્યા છે.

૨૦૦૪માં મણિરત્નમની ‘યુવા’ ફિલ્મમાં તેણે શ્રેષ્ઠ અભિનેત્રીનો અને એ જ વર્ષે કુણાલ કોહલીની ‘હમ તુમ’ ફિલ્મ માટે તેને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી અભિનેત્રી તરીકે પણ તેણે એવૉર્ડ મેળવ્યો હતો.

એ જ રીતે તેને નેશનલ એવૉર્ડ ૨૦૨૩માં આવેલી ફિલ્મ ‘મિસીસ ચેટર્જી વર્સીસ નોર્વે’ ફિલ્મ માટે મળ્યો હત.. આઠ ફિલ્મફેર એવૉર્ડ, પાંચ વાર આઈફા એવૉર્ડ, સાત વાર સ્ક્રીન એવૉર્ડ, બે વાર સ્ટારડસ્ટ એવૉર્ડ, પાંચ વાર ઝી સિને એવૉર્ડસ મેળવનારી રાણી બોલિવૂડના પુરુષ અદાકારો વચ્ચે એકમાત્ર મર્દાની અદાકારા છે એમ કહીએ તો એમાં કાંઈ જ ખોટું નથી.

રાણીએ તેની અભિનયની કારકિર્દીની માત્ર ૧૮ વર્ષની ઉંમરે બંગાળી ફિલ્મથી કરી હતી. એના દિગ્દર્શક તેનાં પિતા રામ મુખર્જી હતા. હિન્દીમાં તેની પહેલી ફિલ્મ અમજદ ખાનના પુત્ર શાદાબ ખાન સાથે હતી. ‘રાજા કી આયેગી બારાત’ ૧૯૯૬માં રિલીઝ થઈ હતી, પણ તે બોકસ ઓફિસ પર જરાય ચાલી નહોતી.


જોકે, ૧૯૯૮માં આમિર ખાન સાથેની ‘ગુલામ’ અને શાહરુખ ખાન સાથેની ‘કુછ કુછ હોતા હૈ’ને બોક્સઓફિસ પર જબરદસ્ત સફળતા મળ્યા પછી રાણીને ક્યારેય પાછું ફરીને જોવાની જરૂર નથી પડી. તેણે જે ફિલ્મો કરી છે, તેમાં તેણે અમિટ છાપ છોડી છે અને રાણીની મોટાભાગની ફિલ્મો બોક્સઓફિસ ગજાવતી રહી છે.

રાણીની સફળ ફિલ્મોની વાત કરીએ તો હેલો બ્રધર, બાદલ, હે રામ, હદ કર દી આપને, બિચ્છુ, ચોરી ચોરી ચૂપકે ચૂપકે, નાયકઃ ધ રિયલ હીરો, કભી ખુશી કભી ગમ, પ્યાર દિવાના હોતા હૈ, મુઝસે દોસ્તી કરોગે, સાથિયા, ચલતે ચલતે, કલ હો ના હો, યુવા, હમ તુમ, વીર ઝારા, બ્લેક, બંટી ઔર બબલી, કભી અલવિદા ના કહેના, મર્દાની, હિચકી, મર્દાની-ટુ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. રાણીએ બોલિવૂડની ખાન ત્રિપૂટી આમિર ખાન, સલમાન ખાન અને શાહરુખ ખાન તેમ જ સૈફ અલી ખાન સાથે સફળ ફિલ્મોમાં અભિનય કર્યો છે. જોકે, એક સમયે લગ્ન પછી તેની કેટલીક ફિલ્મો નિષ્ફળ પણ ગઈ હતી, પણ ‘મર્દાની’ ફિલ્મે તેને બોલિવૂડમાં ફરી સ્થાપિત કરી દીધી છે.

‘મર્દાની-થ્રી’ પછી રાણી શાહરુખ ખાન સાથે ‘કિંગ’માં અને એ પછી તે ‘ઓહ માય ગોડ’ - સિરીઝની ત્રીજી ફિલ્મમાં દેખાશે. આ ફિલ્મની વિશેષતા એ છે કે આ ફિલ્મમાં પહેલી જ વાર રાણી અક્ષય કુમાર સાથે કોઈ ફિલ્મમાં આવી રહી છે. અક્ષય અને રાણી બંને સફળ કલાકાર હોવા છતાં બંનેએ સાથે ક્યારેય કામ કર્યું નથી. આમ ‘ખિલાડી’ અને ‘મર્દાની’ પહેલી જ વાર સાથે ચમકશે... ■

ટૂંકું ને ટચ
રશ્મિ શુકલ

# પ્રજાસત્તાક પર્વ પર સિનેમાના વારસાને રજૂ કરશે સંજય લીલા ભણસાલી



આ વર્ષનો પ્રજાસત્તાક પર્વ ભારતીય સિનેમા માટે સુવર્ણ અક્ષરે લખાશે. દેશના ઇતિહાસમાં પહેલીવાર કર્તવ્ય પથ પર યોજાનારી પરેડમાં ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીની ભવ્ય ઝલક જોવા મળશે. આ ગૌરવશાળી ક્ષણે હિન્દી સિનેમાના દિગ્ગજ ડિરેક્ટર સંજય લીલા ભણસાલી ફિલ્મ જગતનું પ્રતિનિધિત્વ કરશે. ભારતીય ફિલ્મોની કલા અને તેની દાયકાઓ જૂની સફરને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ ખાસ આયોજન કર્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સંજય લીલા ભણસાલી દ્વારા તૈયાર કરવામાં આવેલી વિશેષ ઝાંખી ભારતીય સિનેમાની સંસ્કૃતિ અને તેની કલાત્મકતાને ઉજાગર કરશે. આ માત્ર પરેડ નથી, પરંતુ વૈશ્વિક સ્તરે ભારતીય સિનેમાની ઓળખની ઉજવણી છે. આ ઉપરાંત, ઓસ્કર વિજેતા સંગીતકાર એમ.એમ. કીરાવાણી ‘વંદે માતરમ’ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે એક નવી ધૂન રજૂ કરશે. આ ખાસ પ્રસ્તુતિમાં દેશભરના અંદાજે ૨,૫૦૦ કલાકારો ભાગ લેશે, જે સમગ્ર માહોલને દેશભક્તિના રંગે રંગી દેશે.

સંજય લીલા ભણસાલી તેમની ભવ્ય ફિલ્મો અને ઝીણવટભરી કલાકારી માટે જાણીતા છે. ૧૯૯૬માં ‘ખામોશી’ થી શરૂઆત કરનાર ભણસાલીએ ‘હમ દિલ દે ચુકે સનમ’, ‘દેવદાસ’ અને ‘બાજીરાવ મસ્તાની’ જેવી માસ્ટરપીસ ફિલ્મો આપી છે. અત્યાર સુધીમાં સાત નેશનલ ફિલ્મ એવોર્ડ્સ અને પદ્મશ્રીથી સન્માનિત આ ફિલ્મમેકરે તાજેતરમાં ‘હીરામંડી’ દ્વારા OTT પ્લેટફોર્મ પર પણ સફળતા મેળવી છે. મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે ભારતીય સિનેમાની વિરાસતને રજૂ કરવા માટે ભણસાલીથી શ્રેષ્ઠ બીજુ કોઈ હોઈ શકે નહીં.

હાલમાં સંજય લીલા ભણસાલી તેમના આગામી પ્રોજેક્ટ્સને લઈને ખૂબ જ વ્યસ્ત છે. તેઓ સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુર સ્ટારર ફિલ્મ ‘દો દીવાને શહેર મેં’ ને કો-પ્રોડ્યુસ કરી રહ્યા છે, જે ફેબ્રુઆરીમાં રિલીઝ થવાની છે. આ ઉપરાંત, તેમની સૌથી ચર્ચિત ફિલ્મ ‘લવ એન્ડ વોર’ છે, જેમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ જોવા મળશે. સિનેમાના આ દિગ્ગજ કલાકાર હવે રાષ્ટ્રીય મંચ પર ભારતની ફિલ્મી સફરને કેવી રીતે રજૂ કરે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. ■

OTTનું હોટસ્પોટ

## ૨૪ જાન્યુઆરી-૩૧ જાન્યુઆરી દરમિયાન ટી-૨૦ અને અક્ષય કુમારના શોની બોલબાલા

ન્યૂ ઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ હારી ગયા પછી હવે ટી-૨૦ સિરીઝ શરૂ થઈ રહી છે. ૨૧, ૨૩,૨૫, ૨૮ અને ૩૧ જાન્યુઆરીએ રમતગમતના ચાહકોને એ માણવાની મજા પડવાની છે. ત્યારે સોની લીવ અને સોની ટી.વી. પર ૨૭ જાન્યુઆરીથી અક્ષય કુમારના સંચાલન હેઠળ ‘વ્હીલ ઓફ ફોર્ચ્યુન’ નામનો કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે. KBC કરતાં એકદમ અલગ જ ફોર્મેટ ધરાવનાર આ શો. ‘કૌન બનેગા કરોડપતિ’ નો ખાલીપો ભરી શકશે કે કેમ એ તો સમય જતાં જાણ થશે.

* નેટફિલક્સઃ

બોલિવૂડમાં સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મનો વિક્રમ નોંધાવનારી ‘ધૂરંધર’ ૩૦ જાન્યુઆરીએ આ ઓટીટી પ્લેટફોર્મ ગજાવવા આવી રહી છે. આદિત્ય ધર દિગ્દર્શિત આ ફિલ્મમાં રણવીર સિંહ, અક્ષય ખન્ના, સંજય દત્ત, અર્જુન રામપાલ, આર. માધવન, સારા અર્જૂન, માનવ ગોહિલ અને રાકેશ બેદી છે.

*જિયો હોટસ્ટારઃ આ ઓટીટી પ્લેટફોર્મ પર શુક્રવાર, ૨૩ જાન્યુઆરીના દક્ષિણના સ્ટાર કિચ્ચા સુદીપને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી ફિલ્મ ‘માર્ક’ રજૂ થશે. આ સિવાય, ૨૩ જાન્યુ.એ જ વિજય વર્મા, ફાતિમા સના શેખ, નસીરુદ્દીન શાહ અભિનીત ફિલ્મ ‘ગુસ્તાખ ઈશ્ક’ રજૂ થશે અને આજે જ શ્રીયા સરન, ગોપાલ દત્ત, નકુલ મહેતા અભિનીત ‘સ્પેશ જનરેશન’ રજૂ થશે.

સોમવારે ૨૬ જાન્યુઆરી નિમિત્તે દેશભક્તિની અનેક ફિલ્મો ઓટીટી પર રજૂ થશે.

# કર્ણાટકના રાજ્યપાલે વિધાનસભા સંબોધનમાં ફક્ત ત્રણ લાઈન વાંચી

## પછી ગૃહ છોડી ગયાઃ સરકાર લાલઘૂમ, સુપ્રીમ કોર્ટમાં જશે

નવી દિલ્હી : કર્ણાટકની કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની સરકાર રાજ્યના રાજ્યપાલ થાવરચંદ ગેહલોટ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જવાનું વિચારી રહી છે. રાજ્યપાલ ગેહલોટ વિધાનસભાના તેમના સંબોધનમાં ફક્ત ત્રણ લાઈન વાંચીને રાજ્ય વિધાનસભા છોડી ગયા હતા. ગેહલોટે બુધવારે કર્ણાટક વિધાનસભામાં પરંપરાગત સંબોધન કરવાની ના પાડી હતી. તેમને યુપીએ યુગના મનરેગાને પાછો ખેંચવા માટેના કેન્દ્ર વિરુદ્ધના ઉલ્લેખ સામે વાંધો હતો.

મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયાએ કહ્યું હતું કે રાજ્યપાલે સરકારે તૈયાર કરેલું પ્રવચન ન વાંચીને બંધારણનો ભંગ કર્યો હતો. રાજ્યપાલે આ સાથે કેન્દ્ર સરકારની કઠપૂતળી તરીકે કામ કર્યું છે. પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે દર નવા વર્ષે રાજ્યપાલને વિધાનસભાના બન્ને ગૃહને સંબોધન કરવાનું હોય છે અને રાજ્ય પ્રધાનમંડળે તૈયાર કરેલું પ્રવચન વાંચવાનું હોય છે. આ બંધારણીય છે, કારણ કે ભારતીય બંધારણની ૧૭૬ અને ૧૬૩મી કલમ કહે છે કે રાજ્યપાલે સરકારે કે પ્રધાનમંડળે તૈયાર કરેલું ભાષણ વિધાનસભામાં વાંચવું જોઈએ. રાજ્યપાલે આમ કરવાને બદલે પોતે તૈયાર કરેલું પ્રવચન વાંચ્યું હતું.. આનાથી ભારતીય બંધારણ અને કલમ ૧૭૬ અને ૧૬૩નો ભંગ થયો છે. આ રાજ્યપાલનું પ્રવચન ન હોઈ શકે. રાજ્યપાલે બંધરણ પ્રમાણેની તેની ફરજ અદા કરી નથી, આથી અમે આનો વિરોધ કરીશું. અમે એ તપાસી રહ્યા છેકે આની સામે સુપ્રીમ કોર્ટમાં જઈ શકાય કે નહીં. ■

# વિવાદાસ્પદ ભોજશાળામાં વસંત પંચમીએ હિન્દુ અને મુસ્લિમ બંને કોમને પ્રાર્થના કરવાની સુપ્રીમની છૂટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશના ધાર જિલ્લાના વિવાદાસ્પદ ભોજશાળા-કમલ મૌલા મસ્જિદમાં શુક્રવારે વસંત પંચમીએ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી હિન્દુઓને પ્રાર્થના કરવાની છૂટ આપી હતી, જ્યારે મુસ્લિમોને બપોરે એક વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી નમાઝ પઢવાની છૂટ આપી હતી.

સર્વોચ્ચ અદાલતે ગુરુવારે આદેશ આપ્યો હતો કે નમાઝ પઢવા માટે મુસ્લિમ કોમમાંથી કોણ આવશે એની યાદી આપવામાં આવશે. હિન્દુ અને મુસ્લિમ જૂથોએ ભોજશાળા સંકુલમાં ૨૩ જાન્યુઆરીએ ધાર્મિક પ્રવૃત્તિની છૂટ માગી હતી. શુક્રવારે વસંત પંચમી નિમિત્તે સરસ્વતી પૂજા પણ થશે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જોયમાલા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીએ બન્ને પક્ષોને એકમેક માટે પારસ્પરિક આદર રાખવાની અને રાજ્ય અને જિલ્લા વહીવટીતંત્રને કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં મદદ કરવાની અપીલ કરી હતી.

બેન્ચે કહ્યું હતું કે વધારાના સોલિસિટર જનરલ અને એડવોકેટ જનરલે સૂચવ્યું હતું કે મુસ્લિમ કોમના કેટલા જણ નમાઝ પઢવા આવશે એ જાણ્યા બાદ તેમને બપોરના એક વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી નમાઝ પઢવાની છૂટ અપાશે. આ જ રીતે હિન્દુઓને પણ વસંત પંચમી પરંપરાગત્ સમારોહ કરવાની છૂટ આપશે. (એજન્સી)■

### સૂર્યોદયથી સૂર્યાસ્ત પૂજા-અર્ચના અને બપોરે ૧થી ૩ નમાઝ

વિવાદાસ્પદ ભોજશાળા-કમલ મૌલાના મસ્જિદ ખાતે તણાવ નિર્માણ ન થાય તે માટે સુપ્રીમ કોર્ટે મધ્યસ્થી કરતા મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં મોટા પ્રમાણમાં પોલીસ અને અર્ધલશ્કરી દળને ગોઠવી દેવામાં આવ્યાં હતાં. આ વરસે હિન્દુ તહેવાર વસંત પંચમી પણ શુક્રવારે જ આવતો હોવાને કારણે બંને સમુદાયના લોકોએ એ સ્થળે પ્રાર્થના કરવાનો-નમાઝ પઢવાનો દાવો કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તની ખંડપીઠે ચુકાદો આપ્યો હતો કે શુક્રવાર, ૨૩ જાન્યુઆરીએ હિન્દુ સમુદાયના લોકો સૂર્યોદયથી સૂર્યાસ્ત દરમિયાન એ જગ્યાએ પૂજા-પ્રાર્થના કરી શકશે અને મુસ્લિમો બપોરે ૧:૦૦થી ૩:૦૦ વાગ્યા દરમિયાન નમાઝ પઢી શકશે. કોર્ટે મુસ્લિમ સમુદાયને નમાઝમાં કેટલા લોકો હાજરી આપશે તેની યાદી અગાઉથી જિલ્લા વહીવટીતંત્રને પૂરી પાડવાનો આદેશ આપ્યો છે. ■

# શીખ-વિરોધી રમખાણોના કેસમાં સજ્જન કુમાર નિર્દોષ

નવી દિલ્હીઃ દિલ્હીની એક કોર્ટે ગુરુવારે કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સજ્જન કુમારને ૧૯૮૪ના શીખ-વિરોધી રમખાણો દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીના જનકપુરી વિસ્તારમાં હિંસા ભડકાવવાના કેસમાં નિર્દોષ જાહેર કરતા કહ્યું કે ફરિયાદ પક્ષ વાજબી શંકાથી વધુ આરોપો સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે.

ખાસ ન્યાયાધીશ ડીઆઈજી વિનય સિંહે એ વાત પર ભાર મૂક્યો હતો કે કોર્ટ પીડિતો અને તેમના પરિવારો દ્વારા સહન કરાયેલા આઘાતને સમજે છે, પરંતુ આ કેસમાં આરોપીના દોષિત ઠેરવવાનો નિર્ણય ફક્ત વર્તમાન કેસમાં રજૂ કરાયેલા પુરાવાના આધારે થવો જોઈએ. કમનસીબે, આ કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા મોટાભાગના સાક્ષીઓ સાંભળેલી વાતો છે, અને/અથવા તે સાક્ષીઓ છે જેમણે ત્રણ દાયકા સુધી આરોપીનું નામ આપવામાં નિષ્ફળ રહ્યા હતા.

ન્યાયાધીશે કહ્યું કે એવા કોઈ વિશ્વસનીય પુરાવા નથી કે કુમાર ગુનાના સ્થળે હાજર હતા અથવા તેમને કોઈએ ત્યાં જોયા હતા.

તેમણે ઉમેર્યું હતું કે, આ કથિત ઘટના અંગે કોઈ તોફાની ટોળાને ઉશ્કેરવાનો કે કાવતરું ઘડવાનો કોઈ પુરાવો મળ્યો નથી.

કુમારને સમાન ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવ્યા હોવાના દલીલને નકારી કાઢતા, કોર્ટે કહ્યું કે વ્યક્તિને ૧૦૦ ગુનામાં દોષિ ઠેરવી શકાય છે, પરંતુ ૧૦૧મા ગુનામાં દોષી ઠેરવવા માટે, વાજબી શંકા નહિ પણ પુરાવા જરૂરી છે.

જનકપુરી હિંસા કેસમાં કુમાર સામે રમખાણો, ગેરકાયદે સભા, આગચંપી, વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા, હત્યાનો પ્રયાસ, પૂજા સ્થળને નુકસાન પહોંચાડવા અથવા અપવિત્ર કરવા અને આવા ગુનાઓને પ્રોત્સાહન આપવા સહિતના વિવિધ ગુનાઓ માટે આરોપો ઘડવામાં આવ્યા હતા.

હાલમાં જેલમાં રહેલા કુમારને ગયા વર્ષે પચીસ ફેબ્રુઆરીના રોજ સરસ્વતી વિહાર વિસ્તારમાં જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની હત્યાના કેસમાં ટ્રાયલ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. ■

# માથે કરોડો રૂપિયાનું ઈનામ ધરાવતા ટોચના માઓવાદી સહિત ૧૬ ઠાર

ચાઇબાસાઃ ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૬ માઓવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. જેમાં ટોચના નેતા અનલ દાનો પણ સમાવેશ થાય છે. જેના માથે ૨,૩૫ કરોડ રૂપિયાનું ઈનામ હતું. આ જાણકારી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર સીઆરપીએફની કોબ્રા યુનિટના લગભગ ૧,૫૦૦ સૈનિકો કિરીબુરુ પોલીસ સ્ટેશન વિસ્તારના સારંડા જંગલના કુમડીમાં ઓપરેશનમાં રોકાયેલા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે અમને ૧૬ માઓવાદીઓના મૃતદેહો મળી આવ્યા છે. જેમાં તેના ટોચના નેતા પતિરામ માઝી ઉર્ફે અનલ દાનો પણ સમાવેશ થાય છે. આ દરમિયાન ભારે માત્રામાં હથિયાર અને દારૂગોળો પણ જપ્ત કરવામાં આવ્યો છે. ગુરુવારે સવારે ૬ વાગ્યે શરૂ થયેલું એન્કાઉન્ટર ગઈકાલે મોડે સુધી ચાલી રહ્યું હતું.

તેમણે જણાવ્યું કે સારંડા જંગલમાં માઓવાદીઓ વિરુદ્ધ ઓપરેશન મંગળવારથી ચાલી રહ્યું છે, પરંતુ ગોળીબાર ગુરુવારે સવારે શરૂ થયો હતો. પોલીસ મહાનિરીક્ષક(ઓપરેશન્સ) માઇકલ રાજ એસએ જણાવ્યું કે પોલીસે સારંડા જંગલમાં અનલ દા અને તેના જૂથની હાજરીની બાતમી મળ્યા બાદ આ અભિયાન હાથ ધર્યું હતું. ■

# ઍર ઈન્ડિયાના અમદાવાદમાં ક્રેશ થયેલા વિમાનમાં પહેલા દિવસથી જ પ્રૉબ્લેમ હતો

વોશિંગ્ટન ડીસીઃ ૧૨ જૂન, ૨૦૨૫નો દિવસ અમદાવદના ઈતિહાસમાં કાળા દિવસ તરીકે નોંધાયેલો રહેશે. આ દિવસે જ એર ઇન્ડિયાની ફ્લાઈટ એઆઇ ૧૭૧ બી. જે. મેડીકલ કોલેજની એક હોસ્ટેલ પર ક્રેશ થઇ હતી. આ દુર્ઘટનામાં ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા.

ફએએસ એ મોટો દાવાઓ કરતા જણાવ્યું કે વિમાન એર ઇન્ડિયાને સોંપવામાં આવ્યા બાદ ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ ના રોજ વિમાન ભારતમાં આવ્યું તે દિવસથી સિસ્ટમ ફેઇલ્યોરની શરૂઆત થઈ હતી અને છતાં ૧૧ વર્ષ સર્વિસમાં રહ્યું. આ દરમિયાન વિમાનમાં વારંવાર ઇલેક્ટ્રિકલ ફેઇલ્યોર, ધુમાડો નીકળવો, ઇલેક્ટ્રિકલ સર્જ અને પાવર ડિસ્ટ્રીબ્યુશન પાર્ટ્સનું ઓવરહિટીંગ જેવી સમસ્યાઓ સર્જાઈ હતી.

ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી એ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ યુએસ સેનેટ સમક્ષ એક અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો કે વીટી-એએનબી રજિસ્ટર્ડ વિમાન, એર ઇન્ડિયામાં જોડાયું ત્યારથી તેમાં સિસ્ટમ ફેઇલ્યોરની સમસ્યા સર્જાઈ રહી હતી. ■

# યુરોપિયન યુનિયને બે વર્ષ માટે સમાપ્ત કર્યા જીએસપી લાભો, ભારતની ૮૭ ટકા નિકાસ પર લાગશે વધુ ટૅરિફ

નવી દિલ્હીઃ યુરોપિયન યુનિયન (ઈયુ) એ ભારત અને બે અન્ય દેશો માટે એક પ્રેફરન્શિયલ સ્કીમ હેઠળ ટેક્સટાઈલ અને પ્લાસ્ટિક જેવા ક્ષેત્રોને મળનારા એક્સપોર્ટ લાભોને ૧, જાન્યુઆરીથી સસ્પેન્ડ કરી લીધા છે. આ પગલાથી ૨૭ દેશોના જૂથમાં ભારતના શિપમેન્ટને અસર કરશે. આ નિર્ણય એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે બંને પક્ષો ૨૭ જાન્યુઆરીએ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) માટે વાટાઘાટો સમાપ્ત કરવાની જાહેરાત કરે તેવી શક્યતા છે.

યુરોપિયન યુનિયનના સત્તાવાર જર્નલ અનુસાર, યુરોપિયન કમિશને ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કેટલાક જીએસપી લાભાર્થી દેશો - ભારત, ઇન્ડોનેશિયા અને કેન્યાને આપવામાં આવેલી ચોક્કસ ટેરિફ પ્રેફરેન્સ ૨૦૨૬-૨૦૨૮ માટે સસ્પેન્શન સંબંધિત નિયમન લાગુ કરવા માટેના નિયમો નક્કી કર્યા છે. તે ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૮ સુધી લાગુ રહેશે.

આના પર ટિપ્પણી કરતા થિંક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (જીટીઆરઆઈ) એ જણાવ્યું હતું કે ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી ભારતને ઈયુ બજારમાં એક ''મોટો ફટકો'' લાગ્યો છે કારણ કે યુરોપિયન યુનિયન દ્વારા જીએસપી (જનરલાઇઝ્ડ સ્કીમ ઓફ પ્રેફરેન્સ) લાભોને સસ્પેન્ડ કર્યા પછી તેની ૮૭ ટકા નિકાસ વધુ આયાત ટેરિફ લાગશે. તેમાં કહેવામાં આવ્યું છે કે કૃષિ અને ચામડા સહિત માત્ર ૧૩ ટકા નિકાસને જ આ યોજના હેઠળ બેનિફિટ્સ મળતા રહેશે.

જીએસપી છૂટછાટો ભારતીય નિકાસકારોને ઈયુ માર્કેટમાં એમએફએન (મોસ્ટ ફેવર્ડ નેશન) ટેરિફ કરતા ઓછા ભાવે મોકલવાની મંજૂરી આપે છે. હવે ઈયુએ ભારતીય માલસામાનના ૮૭ ટકા મૂલ્ય માટે છૂટછાટો સ્થગિત કરવામાં આવી છે. સરળ શબ્દોમાં કહીએ તો એક પ્રોડક્ટ પર ૧૨ ટકા ટેરિફ લાગે છે પરંતુ જીએસપી હેઠળ માત્ર ૯.૬ ટકા ચૂકવવું પડશે. આ વર્ષે ૧ જાન્યુઆરીથી આ લાભ સમાપ્ત થાય છે અને નિકાસકારોએ સંપૂર્ણ ૧૨ ટકા ડ્યુટી ચૂકવવી પડશે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| भोंदू | ખોસવું |
| भोर | મૂર્ખ |
| भोंपू | ભૂકંપ |
| भोंकना | એન્જીનની સીટી |
| भोंचाल | પ્રભાત |

### જાણવા જેવું

ધરમજી સાથે રૂપેરી પડદા પર જોરદાર જોડી જમાવનારાં હેમા માલિનીએ તેમની સાથે ૧૮ હિટ અને ૧૫ ફ્લોપ ફિલ્મો આપી હોવાનો હિસાબ કિતાબ છે. જોકે, હિન્દી ફિલ્મોમાં ફેવરિટ શું કલાકાર તરીકે હેમાજીના લિસ્ટમાં શશી કપૂર, રાજેશ ખન્ના અને દેવ આનંદનાં નામ પહેલાં આવે છે.

### ગુજરાત મોરી મોરી રે

'ફૂલ ખિલે હૈં ગુલશન ગુલશન'થી અફાટ લોકપ્રિયતા મેળવનારી તબસ્સુમે કઈ ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું એ કહી શકશો?

અ) મિયાં ફુસકી
બ) લીલુડી ધરતી
ક) કન્યાદાન
ડ) ઉપર ગગન વિશાળ

### નોંધી રાખો

યાદ રાખજો કે જીવન ટૂંકું અને ઝંઝાળ લાંબી છે. ઝંઝાળ ટૂંકી હશે તો જરૂરથી જીવન સુખમય અને લાંબું લાગશે એટલું નક્કી છે.

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ■ |
| ૭ | | | ■ | ૮ | | ■ | ૯ | | |
| ■ | ૧૦ | | ૧૧ | | ■ | ૧૨ | ■ | | ■ |
| ૧૩ | | ■ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ |
| | ■ | ૧૭ | | | ■ | ■ | ૧૮ | | |
| ૧૯ | | | ■ | ■ | ૨૦ | ૨૧ | | ■ | |
| | ■ | ૨૨ | ૨૩ | | ■ | | ■ | ૨૪ | |
| ■ | ૨૫ | ■ | | ■ | ૨૬ | | ૨૭ | | ■ |
| ૨૮ | | ૨૯ | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |
| ■ | ૩૨ | | ■ | ૩૩ | | ■ | ૩૪ | | ■ |

**આડી ચાવી**

૧. તાબે, કાબૂમાં (૨)
૩. અમૃત (૨)
૫. રોષ, ગુસ્સો (૨)
૭. વૃદ્ધાવસ્થા (૩)
૮. જંગલ (૨)
૯. સાચવણી, સંભાળ (૩)
૧૦. નાની, માની મા (૪)
૧૩. કાયા, દેહ (૨)
૧૪. પ્રતિસ્પર્ધી (૩)
૧૭. યાદ, સ્મૃતિ (૩)
૧૮. --- કરવું=વારેવારે યાદ કરવું (૩)
૧૯. દેડકો (૩)
૨૦. નિંદા, બદગોઈ (૩)
૨૨. તોરી, મિજાજી (૩)
૨૪. ફૂલ (૨)
૨૬. કાપડ, કાગળ વગેરે કાપતા પડતો કચરો (૪)
૨૮ ઝીણો કણ (૩)
૩૦. અતિશય --- બાળકને બગાડે (૨)
૩૧. ભાગ્યે, ક્વચિત્ (૩)
૩૨. પુરોહિત (૨)
૩૩. ભમ્મર (૨)
૩૪. --- આગળ શાણપણ નકામું (૨)

**ઊભી ચાવી**

૧. જૈનોનાં એક તીર્થંકર (૪)
૨. સંભવ (૩)
૩. કૂજાના ઘાટનું એક વાસણ (૩)
૪. અનાજ (૨)
૫. શોધ, ખોળ (૨)
૬. મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ (૩)
૧૧. ---, વાચા, કર્મણા (૩)
૧૨. શત્રુ, દુશ્મન (૨)
૧૩. જાપતો, દેખરેખ (૪)
૧૫. સુતારનું એક ઓજાર (૩)
૧૬. અમૂલ્ય (૪)
૧૭. અભરખો (૩)
૨૧. લખેલું (૩)
૨૩. ક્રોધ, ગુસ્સો (૨)
૨૪. ઉત્તમતા, શ્રેષ્ઠતા (૪)
૨૫. અંકુર (૩)
૨૬. કરિયાતાનાં સ્વાદનું (૩)
૨૭. રજોગુણ (૩)
૨૯. પોપટ (૨)
૩૦. લાલો --- વગર લોટે નહીં (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | મે | ૨ લો | ■ | ૩ ચા | રુ | ■ | ૪ વે | રા | ૫ ન |
| ગ | ■ | ૬ હ | રિ | ત | ■ | ૭ ના | દ | ■ | જ |
| ૮ મ | ર | ચું | ■ | ૯ ક | ૧૦ મી | નું | ■ | ■ | રા |
| ત | ■ | ૧૧ બ | ૧૨ ક | ■ | હું | ■ | ૧૩ મા | ૧૪ ગ | ણું |
| ■ | ૧૫ મ | ક | સ | દ | ■ | ૧૬ ખો | ■ | દ્વા | ■ |
| ■ | દ | ■ | મ | ■ | ૧૭ દે | રા | ૧૮ સ | ર | ■ |
| ૧૯ આ | દ | ત | ■ | ૨૦ રા | ■ | ૨૧ ક | ર | ■ | ૨૨ હા |
| લ | ■ | ■ | ૨૩ સા | વ | ૨૪ જ | ■ | ૨૫ ફ | સ | લ |
| બે | ■ | ૨૬ ગૂં | ચ | ■ | ૨૭ ખ | ત | રો | ■ | ચા |
| ૨૮ લ | ફં | ગુ | ■ | ૨૯ ના | મી | ■ | ૩૦ શી | ત | લ |

### ઓળખાણ પડી?

સાઉથની ચારેય ભાષાની ફિલ્મોમાં સફળતા મેળવી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગ જમાવવા કોશિશ કરતી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) પૂજા હેગડે
બ) નયનતારા
ક) રશ્મિકા મંદાના
ડ) કીર્તિ સુરેશ



### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

એવરગ્રીન દેવ આનંદ અને અફલાતૂન દિગ્દર્શક વિજય આનંદે સાથે અભિનય કર્યો હોય એવી ફિલ્મ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) જ્વેલ થીફ બ) જોની મેરા નામ ક) કાલા બાઝાર ડ) કાલા પાની

### માઈન્ડ ગેમ

શાહરુખ ખાન મુંબઈમાં હજી લોકપ્રિય નહોતો થયો ત્યારે હેમા માલિનીએ એને કઈ ફિલ્મમાં અભિનય કરવાની તક આપી હતી?

અ) મોહિની બ) ટેલ મી ઓ ખુદા ક) સ્વામી ડ) દિલ આશના હૈ

### સુડોકુ-૯૨૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | | ૨ | | |
| ૯ | ૭ | | | ૬ | | | ૮ | ૩ |
| ૩ | | | ૮ | | ૫ | | | ૯ |
| ૨ | | ૮ | ૯ | | ૭ | ૬ | | ૪ |
| | ૬ | | | | | | ૫ | |
| ૭ | | ૫ | ૬ | | ૧ | ૯ | | ૨ |
| ૬ | | | ૧ | | ૪ | | | ૫ |
| ૪ | ૮ | | | ૨ | | | ૯ | ૧ |
| | | ૩ | | | | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ | ૮ |
| ૮ | ૨ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૫ | ૬ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૮ | ૫ | ૧ | ૭ | ૯ |
| ૨ | ૫ | ૮ | ૧ | ૪ | ૩ | ૬ | ૯ | ૭ |
| ૯ | ૬ | ૧ | ૮ | ૭ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૧ | ૨ |
| ૫ | ૭ | ૨ | ૩ | ૯ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૩ | ૮ | ૪ | ૭ | ૬ | ૧ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૯ | ૬ | ૫ | ૨ | ૪ | ૭ | ૮ | ૩ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| भाँड | વિદુષક |
| भाँडा | વાસણ |
| भाखना | કહેવું |
| भाटा | ઓટ |
| भाग्य | નસીબ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
આશા ભોસલે

**ઓળખાણ પડી?**
યુવા

**માઈન્ડ ગેમ :**
ગજની

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
જાગતે રહો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) લજિતા ખોના (૧૭) નિખિલ બંગાળી (૧૮) હર્ષા મહેતા (૧૯) અમીશી બંગાળી (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) કિરીટ છેડા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભરત કજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેશ સંઘવી (૨૯) ચેતના છેડા (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ડાયના સંતોકે (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નિતીન જયંતિલાલ બજરિયા (૪૩) પ્રવીણ વોરા (૪૪) નીતા દેસાઈ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડૉ. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) દીપિકા દોશી

ક્વિઝ (અ) ૧) અંગુર, ૨) ખીચડી ધ મૂવી, ૩) આલુ ચાટ, ૪) સેન્ડવિચ, ૫) મોતીચુર ચકનાચૂર, ૬) બરેલી કી બરફી, ૭) પોપકોર્ન ખાઓ મસ્ત હો જાઓ

ક્વિઝ (બ) ૧) ડિસ્કો ડાન્સર - પાર્વતી ખાન, ૨) કુરબાની - કંચન, ૩) સુરજ - શારદા, ૪) શગુન - જગજીત કૌર, ૫) હિરો - રેશમાં, ૬) સ્ટાર - નાઝિયા હસન, ૭) ગુફી - વાણી જય રામ



**કારભાર માટે સજ્જ:** મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી ચાર વર્ષના વિલંબ બાદ યોજાઈ તેને ધ્યાનમાં રાખીને મુંબઈ મનપા દ્વારા પાલિકાના સભાગૃહનું રંગ-રોગાન અને પહેલી સભા માટે સજ્જ કરવાનું કામ ચાલી રહ્યું છે. (અમય ખરાડે)

# મહાલક્ષ્મી પાસે કેબલ સ્ટેઈડ ફ્લાયઓવર ઓક્ટોબરમાં ખુલ્લો મૂકવાની યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાલક્ષ્મી રેલવે સ્ટેશન પાસે કેબલ સ્ટેઈડ ફ્લાયઓવરનું કામ હાલમાં ચાલી રહ્યું છે, જે ડૉ.ઈ. મોસેસ રોડ અને કેશવરાવ ખાડ્યે રોડને જોડે છે. કેબલ-સ્ટેડ બ્રિજને ટેકો આપવા માટે ૭૮.૫ મીટર ઊંચા પાયલૉન (વિશાળ સ્ટીલ કોલમ)બનાવવામાં આવી રહ્યો છે, જેનું પંચાવન ટકા કામ પહેલા જ પૂરું થઈ ગયું છે. પાયલૉન, એપ્રોચ રોડ અને તેની સાથે સંકળાયેલા તમામ કામ સમયસર પૂર્ણ કરીને ફ્લાયઓવરને ૩૧ ઑક્ટોબર, ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણ રીતે ચાલુ કરવાની પાલિકાની યોજના છે. મહાલક્ષ્મીનો આ બ્રિજ પાલિકાનો પહેલો કેબલ સર્પોટેડ પુલ છે, જે રેલવે ટ્રેક પર બનેલો છે અને મહાલક્ષ્મી રેલવે સ્ટેશન નજીક પશ્ચિમ રેલવે દ્વારા સાત રસ્તાને મહાલક્ષ્મી મેદાન સાથે જોડશે. આ પુલ ૮૦૩ મીટર લાંબો અને ૧૭.૨ મીટર પહોળો હશે, જેમાં રેલવે કોરિડોરની પહોળાઈ ૨૩.૦૧ મીટર હશે. બાંધકામથી અસરગ્રસ્ત વૃક્ષોને બચાવવા માટે પાલિકાએ બ્રિજ એલાઈનમેન્ટમાં ડિઝાઈનની ગોઠવણ કરી છે.



પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે કેબલ સ્ટેડ બ્રિજનો પાયલૉન એક મહત્ત્વનો ભાર સહન કરનારો ઘટક છે, તેના પર ફ્લાયઓવરના ડેકને આધાર આપનારા કેબલ તાણેલા હોય છે. પ્રસ્તાવિત પુલ માટે ૭૮.૫ મીટર ઊંચાઈનો પાયલોન ઊભો કરવામાં આવી રહ્યો હોઈ તેની ઊંચાઈ અને તેની રચના એન્જિનિયરિંગની દૃષ્ટિએ પડકારજનક છે. આ પીલર ઉચ્ચ ગુણવત્તાના કોંક્રીટ અને મજબૂત સ્ટીલ ઘટકોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે, જે પવન, ધરતીકંપ, ટ્રાફિકના લોડ અને લાંબા ગાળાનો ઉપયોગ સામે સ્થિરતા અને ટકાઉ નિશ્ચિત કરે છે. તબક્કવાર બાંધકામને સરળ બનાવવા માટે પાયલોન કરતા ઊંચી એક ક્રેન સ્થળ પર રાખવામાં આવી છે. પાયલોનનું લગભગ પંચાવન ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને બાકીના બધા કામ ટાઈમટેબલ મુજબ આગળ વધી રહ્યા છે. પાયલોન અને તેની સાથે સંકળાયેલા કામ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

અભિજિત બાંગરે વધુમાં જણાવ્યું હતું કે પશ્ચિમ અને પૂર્વ બંને બાજુએ મોટાભાગના પાયલોન ઊભા કરવામાં આવ્યા છે પણ ટ્રાફિક ડાયવર્ઝનના કામને કારણે પાંચ પાયલોનના કામ હજી પણ બાકી છે. બંને બાજુના એપ્રોચ રોડના કામ પણ હાથ ધરવામાં આવ્યા નથી પણ બાકીના તમામ કામ ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. પાલિકાના બ્રિજ વિભાગ, સ્થાનિક વોર્ડ ઓફિસ અને ટ્રાફિક પોલીસ સાથે સંકલનમાં ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં પુલ અને તેની સાથે સંકળાયેલા કામ પૂરા કરવાનું લક્ષ્ય છે. ■

# બીએમસી ચૂંટણી બાદ ભાજપ અને શિવસેના જૂથ નેતાની પસંદગી માટે બેઠકો યોજશે: અમિત સાટમ

મુંબઈ: ભાજપ આગામી બે થી ત્રણ દિવસમાં તેના નવા ચૂંટાયેલા કોર્પોરેટરોની બેઠક યોજશે જેથી તેઓ જૂથ નેતા પસંદ કરી શકે અને કોંકણ વિભાગીય કમિશનર સાથે જૂથ નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી શકે, એમ પાર્ટીના મુંબઈ એકમના વડા અમિત સાટમે ગુરુવારે જણાવ્યું હતું.

૧૫ જાન્યુઆરીની નાગરિક ચૂંટણીમાં પાર્ટીના સાથી પક્ષ, એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના,પણ આ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી બંને પક્ષો નોંધણી માટે કોંકણ વિભાગીય કમિશનરનો સંપર્ક કરશે, એમ સાટમે પત્રકારોને જણાવ્યું હતું.

''ભાજપ એવું નેતૃત્વ પૂરું પાડશે જે મુંબઈના રહેવાસીઓની અપેક્ષાઓ પૂરી કરે. શહેર ખાડા, પાણી ભરાવા અને ભ્રષ્ટાચારથી મુક્ત થશે,'' સાટમે કહ્યું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મુંબઈ પહેલાથી જ વિકાસ કરી રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું.

ભાજપે તેમને નાગરિક ચૂંટણીઓ માટે જાણી જોઈને મોટી મુસ્લિમ વસ્તી ધરાવતા વોર્ડ ફાળવ્યા છે, તેવા શિવસેનાના કેટલાક નેતાઓના દાવાઓનો જવાબ આપતા, સાટમે કહ્યું કે બેઠક વહેંચણીને અંતિમ સ્વરૂપ આપતા પહેલા દરેક બેઠક પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

''હાલ ભાજપ ૧૦૯ વોર્ડનું વિશ્લેષણ કરી રહ્યું છે જ્યાં ભાજપ કે શિવસેનાના ઉમેદવાર ચૂંટણી હારી ગયા છે, અને વિશ્લેષણ પૂર્ણ થયા પછી જ આરોપો પર ટિપ્પણી કરવામાં આવશે. ભાજપ અને શિવસેના વચ્ચે કોઈ ગેરસમજ નથી અને ગઠબંધન ખામીઓનો અભ્યાસ કરશે અને ભવિષ્યની ચૂંટણીઓમાં તેનું પ્રદર્શન સુધારવા માટે કામ કરશે,'' એમ સાટમે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ભાજપને ગર્વ છે કે મહાનગરમાં એક મહિલા મેયરપદ સંભાળશે. મુંબઈના મેયરપદ માટે અનામતનો ખુલાસો કરતા, સાટમે કહ્યું કે તે અગાઉ અનુસૂચિત જાતિના ઉમેદવાર માટે અનામત હતું અને તેથી આ વખતે તેને એસસી અનામતમાંથી બાકાત રાખવામાં આવ્યું છે.

ચૂંટણીમાં થયેલી નાગરિક સંસ્થાઓને મૂળાક્ષરો પ્રમાણે ગોઠવવામાં આવી હતી અને બીએમસી ૧૭મા સ્થાને રહી હતી, જેના કારણે આ વખતે ઓબીસી અનામત લાગુ પડતું નથી. સાટમે નિર્દેશ કર્યો કે આરક્ષણ પહેલા અઢી વર્ષ પછી અમલમાં આવી શકે છે.

સાટમે રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની મજાક ઉડાવતા કહ્યું કે પાર્ટી મુંબઈ નાગરિક ચૂંટણીમાં સિંગલ ડિજિટમાં બેઠકો મેળવવાના આઘાતમાંથી બહાર આવ્યા પછી જ તર્કસંગત રીતે બોલશે. (પીટીઆઈ) ■

# નાશિકમાં પિક-અપ વૅન બસ સાથે ટકરાતાં ચારનાં મોત

નાશિક: નાશિકમાં પિક-અપ વૅન અને લક્ઝરી બસ સામસામે ટકરાતાં ચાર પ્રવાસીનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે બે ગંભીર રીતે ઘવાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ અકસ્માત રવિવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ માલેગાંવ તાલુકામાં મનમાડ-માલેગાંવ રોડ પર વરહાણે ગામ નજીક બન્યો હતો. માલેગાંવ તરફ જઈ રહેલી લક્ઝરી બસ સામેથી આવેલા પિક-અપ વાહન સાથે ભટકાઈ હતી.અકસ્માતને કારણે પિક-અપ વૅનમાંના ત્રણ જણે જીવ ગુમાવ્યા હતા. મૃતકોની ઓળખ શેખ અતા-ઉર રેહમાન શેખ અબીદ (૪૦), સત્તાર ખાન મોહમ્મદ ખાન (૪૦) અને યાકુબ શેરુ ખાન (૨૭) તરીકે થઈ હતી. ત્રણેય માલેગાંવના રહેવાસી હતા. (પીટીઆઈ)■




**વિન્ટેજ કાર ફિએસ્ટા:** નીતિન ડોસા અને વિજય કલાંત્રી દ્વારા વીસીસીસીઆઈ વિન્ટેજ કાર ફિએસ્ટા-૨૦૨૬ની જાહેરાત કરવામાં આવી હતી. વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશન સાથે મળીને મુંબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ ખાતે ૨૪થી ૨૬ જાન્યુઆરી દરમિયાન વિન્ટેજ કાર ફિએસ્ટાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રોલ્સ રોયસના ૧૦૦ વર્ષની ઉજવણી કરવામાં આવશે અને ૧૯૨૮થી લઈને ૨૦૨૪ સુધીની રોલ્સ રોયસ મૂકવામાં આવશે. (અમય ખરાડે)



**મેયરની રાહ:** ગુરુવારે એક તરફ મનપાના મેયરપદ માટે આરક્ષણની લોટરી ચાલી રહી હતી, ત્યારે બીજી તરફ રાણીબાગમાં ચાર વર્ષથી ખાલી પડેલા મેયરના બંગલાનું રંગરોગાન અને સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું હતું, જ્યાં મુંબઈના નવા મેયર આવીને રહેશે. (અમય ખરાડે)

# કલ્યાણ-ડોંબિવલી, થાણે અને ઉલ્હાસનગર નાગરિક સંસ્થાઓમાં મહાયુતિના મેયર હશે: ભાજપ

મુંબઈ : કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મહાયુતિનો મેયર હશે,કારણ કે પાંચ મનસે કોર્પોરેટરોએ મહાનગરપાલિકામાં ભાજપના સાથી શિવસેનાને ટેકો આપવાની ઓફર કરી છે, એમ મહારાષ્ટ્ર ભાજપના વડા રવિન્દ્ર ચવ્હાણે બુધવારે ભારપૂર્વક જણાવ્યું છે . ચવ્હાણે એમ પણ કહ્યું હતું કે ઉલ્હાસનગર અને થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ મહાયુતિના મેયર હશે.

ગયા અઠવાડિયે તેમની અને શિવસેનાના નેતા શિંદેની ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મેયર પદો પર વિગતવાર ચર્ચા થઈ હતી. પરંતુ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દાવોસથી પાછા ફર્યા પછી તેમની અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચે મુંબઈમાં સંયુક્ત બેઠકમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે, એમ ચવ્હાણે ઉમેર્યું.

કલ્યાણ-ડોંબિવલીમાં મનસે કોર્પોરેટરોએ શિંદે જૂથને જાહેર કરેલો ટેકો ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) માટે એક આંચકા સમાન છે કારણ કે બંને પક્ષોએ તાજેતરની બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી સાથે મળીને લડી હતી.

૧૨૨ સભ્યોની કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, શિવસેના ૫૩ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી છે, જ્યારે સાથી પક્ષ ભાજપ ૫૦ બેઠકો સાથે બીજા ક્રમે છે. પાંચ મનસે કોર્પોરેટરોના ટેકા સાથે, ગઠબંધનમાં હવે ૧૦૮ સભ્યો છે. શિવસેના (યુબીટી), કોંગ્રેસ અને એનસીપી (એસપી) એ અનુક્રમે ૧૧, ૨ અને ૧ બેઠક જીતી છે.

૧૩૧ સભ્યોના થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, શિવસેનાએ ૭૫ બેઠકો જીતી છે, જ્યારે તેના સાથી ભારતીય જનતા પાર્ટીએ ૨૮ બેઠકો જીતી, જે નાગરિક સંસ્થા પર નિયંત્રણ મેળવવા માટે જરૂરી ૬૬ ના બહુમતી આંકને આરામથી વટાવી ગઈ છે. ૭૮ સભ્યોની ઉલ્હાસનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, ભાજપ અને શિવસેના બંને શાસક મહાયુતિ ગઠબંધનના ઘટક પક્ષો સ્વતંત્ર રીતે ચૂંટણી લડ્યા અને અનુક્રમે ૩૭ અને ૩૬ બેઠકો જીતી. શિવસેનાએ પાછળથી પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન આઘાડીના બે નવા ચૂંટાયેલા કોર્પોરેટરોનો ટેકો મેળવીને પોતાનો પક્ષ મજબૂત કર્યો. (પીટીઆઈ)■

# બીડમાં દીપડાએ કર્યો હુમલો

## સ્કાર્ફને કારણે મહિલા બચી ગઇ

બીડ: બીડ જિલ્લામાં દીપડાએ બુધવારે ૪૫ વર્ષની મહિલા પર હુમલો કર્યો હતો, પણ મહિલાના ગળામાં વીંટળાયેલા જાડા સ્કાર્ફને કારણે દીપડો પોતાના દાંત તેના ગળામાં ખૂંપાવી શક્યો નહોતો અને મહિલા બચી ગઇ હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર બીડ જિલ્લાના શિરુર કાસાર તહેસીલમાં બુધવારે બપોરે આ ઘટના બની હતી. મહિલાની ઓળખ મનકર્ણ શિવરામ નેટકે તરીકે થઇ હોઇ તે શિરુર કસાર તહેસીલના કોલવાડીની રહેવાસી છે. મહિલા બુધવારે બપોરે રુપ્પુર શિવાર ખાતે આવેલા પોતાના ખેતરમાં ગઇ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ તેમણે સવારે નજીકના ડુંગરાળ વિસ્તારમાં ત્રાડનો અવાજ સંભળાયો હતો, પણ ખેતરોમાં કામ કરનારા લોકોએ તેના પર ધ્યાન આપ્યું નહોતું.

દરમિયાન મહિલા બપોરે ખેતરમાં કામમાં વ્યસ્ત હતી ત્યારે દીપડો તેના તરફ ધસી આપ્યો હતો. દીપડાએ મહિલા પર હુમલો કર્યો હતો અને પોતાના દાંત મહિલાના ગળામાં ખૂંપવાનો પ્રયાસ કર્યો હતો. સદ્નસીબે મહિલાએ ગળામાં જાડો સ્કાર્ફ વીંટાળેલો હતો અને દીપડો પોતાના દાંત મહિલાના ગળામાં ખૂંપાવી શક્યો નહોતો. (પીટીઆઈ)■

# સગીરાના અપહરણનો આરોપી પોલીસ લોકઅપમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો

નાગપુર: સગીરાનું અપહરણ કરવા બદલ ધરપકડ કરાયેલો ૧૯ વર્ષનો આરોપી નાગપુર પોલીસના લોકઅપમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

જરીપટકા પોલીસ સ્ટેશનમાં અપહરણ અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં મનોજકુમાર રામજી ભાટિયાની તાજેતરમાં ઉત્તર પ્રદેશથી ધરપકડ કરવામાં આવી હતી.

ઉત્તર પ્રદેશથી નાગપુર લાવવામાં આવ્યા બાદ મનોજકુમારને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. કોર્ટના રિમાન્ડ મળ્યા બાદ મનોજકુમારને પોલીસ લોકઅપમાં રાખવામાં આવ્યો હતો.

ગુરુવારે રૂટિન ચેકઅપ દરમિયાન લોકઅપમાં મનોજકુમાર ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ અંગે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી અને મનોજકુમારના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પ્રક્રિયા મુજબ આ પ્રકરણે તપાસ હાથ ધરવામાં આવી હતી, એમ અન્ય પોલીસ અધિકારીએ કહ્યું હતું.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના હંડિયા ગામનો રહેવાસી મનોજકુમાર શિક્ષણ માટે નાગપુરમાં આવ્યો હતો અને જરીપટકા વિસ્તારમાં રહેતો હતો. એ સમયગાળામાં તેણે તેના વતનની સગીરાનું અપહરણ કર્યું હતું.

સગીરાના પરિવારે આ પ્રકરણે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે મનોજકુમારને ટ્રેસ કર્યો હતો અને સગીરાનો છુટકારો કરાવ્યો હતો. બંનેને બાદમાં નાગપુર લવાયાં હતાં.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તેમણે મનોજકુમારના મૃત્યુ અંગે તેના પરિવારને જાણ કરી હતી. આ પ્રકરણે તપાસ કરવામાં આવી રહી છે અને ઘટના સમયે ફરજ પર હાજર પોલીસકર્મીઓનું નિવેદન નોંધવામાં આવ્યું છે. (પીટીઆઇ)■

# મહારાષ્ટ્ર સરકારે લઘુમતી તાલીમ અને સંશોધન સંસ્થા માટે ૧૧ જગ્યાઓને મંજૂરી આપી

મુંબઈ : લઘુમતી તાલીમ અને સંશોધન સંસ્થા (MRTI) ની સ્થાપનાના દોઢ વર્ષથી વધુ સમય પછી, મહાયુતિ સરકારે સંસ્થા માટે ૧૧ જગ્યાઓને મંજૂરી આપી છે. રાજ્ય મંત્રીમંડળે ૭ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ MRTI ની સ્થાપનાને મંજૂરી આપી હતી. જોકે, છત્રપતિ શાહુ મહારાજ સંશોધન, તાલીમ અને માનવ વિકાસ સંગઠન (SARTHI), મહાત્મા જ્યોતિબા ફૂલે સંશોધન અને તાલીમ સંસ્થા (MAHAJYOTI) અને અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT) એ તાત્કાલિક કામગીરી શરૂ કરી અને નોંધપાત્ર અનુદાન મેળવ્યું, પરંતુ માનવબળના અભાવે MRTI ની પ્રગતિ અટકી ગઈ.

આ મુદ્દા તરફ સરકારનું સતત ધ્યાન દોરી રહેલા સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય રઈસ શેખે સરકારના નિર્ણયનું સ્વાગત કરતા કહ્યું કે MRTI એ લઘુમતી યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ વર્ગો વહેલી તકે શરૂ કરવા જોઈએ. ''હવે જ્યારે સરકારે ૧૧ જગ્યાઓને મંજૂરી આપી છે, ત્યારે તેણે સ્ટાફની નિમણૂક ઝડપી બનાવવી જોઈએ,'' શેખે કહ્યું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ અને માર્ગદર્શન શક્ય તેટલી વહેલી તકે શરૂ થવું જોઈએ. ''પૂર્ણ-સમયના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરની નિમણૂક કરવી જોઈએ, અને પૂરતું ભંડોળ પૂરું પાડવું જોઈએ. MRTI અને અન્ય સમુદાયો માટે બનાવાયેલ સંસ્થાઓ વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. છત્રપતિ સંભાજીનગરમાં મુખ્ય મથક હોવાથી, રાજ્યભરના યુવાનોની સુવિધા માટે તાત્કાલિક એક વેબસાઇટ શરૂ કરવી જોઈએ,'' શેખે ટિપ્પણી કરી. લઘુમતી સમુદાયોના માત્ર ૨ ટકા વિદ્યાર્થીઓ જ ગ્રેજ્યુએશન સુધી પહોંચે છે તેવો નિર્દેશ કરતા શેખે ઉમેર્યું કે સંસ્થા માટે પીએચડી શિષ્યવૃત્તિ ઓફર કરવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

સરકારી ઠરાવ (GR) મુજબ, નિયમિત ભરતી પૂર્ણ ન થાય ત્યાં સુધી કર્મચારીઓને ડેપ્યુટેશન પર નિયુક્તિ કરવામાં આવશે જેથી સંસ્થાનું કાર્ય શરૂ થઈ શકે.

નીચેના ડેટા શિક્ષણના તફાવતને દર્શાવે છે

ઉચ્ચ શિક્ષણ નોંધણી (લઘુમતી): આશરે ૪.૮% થી ૫.૨% (ખાસ કરીને મુસ્લિમોની રાષ્ટ્રીય સરેરાશ ઘણીવાર અન્ય જૂથો કરતાં ઓછી હોય છે).

સ્નાતક : ચોક્કસ લઘુમતી ક્ષેત્રોમાંથી આશરે ૨% યુવાનો સ્નાતક સુધી પહોંચે છે.

સિવિલ સર્વિસીસ પ્રતિનિધિત્વ: રાજ્ય સ્તરના ગેઝેટેડ પદો પર લઘુમતી પ્રતિનિધિત્વ સામાન્ય રીતે વિભાગના આધારે ૨% થી ૬% ની વચ્ચે હોય છે.

સાક્ષરતા દર (મહારાષ્ટ્ર લઘુમતી): જ્યારે રાજ્યનો સરેરાશ ઊંચો છે (આશરે ૮૨%), ત્યારે કેટલાક લઘુમતી-કેન્દ્રિત જિલ્લાઓમાં વિદ્યાર્થીઓમાં માધ્યમિક શાળા પૂર્ણ કરવામાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે.■

# મુંબઈમાં પ્રદૂષણ નિયંત્રણ રાખવા પાલિકાની આકરી કાર્યવાહી

## ઍર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ બેસાડવાનું ટાળનારી ૧૦૬ કન્સ્ટ્રક્શન સાઈટને સ્ટોપ વર્ક નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા અનેક ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે, તેના ભાગરૂપે મુંબઈ મહાનગરપાલિકાની હદમાં રહેલી તમામ કન્સ્ટ્રક્શન સાઈટ પર 'એર ક્વોલિટી સેન્સર્સ' બેસાડવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. તેમ જ એક હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચના મોટા પ્રોજેક્ટમાં રેફરન્સ એર ક્વોલિટી મોનિટર બેસાડવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે છતાં પાલિકાના નિયમોનું અનેક જગ્યાએ પાલન કરવામાં આવતું ન હોવાનું જણાઈ આવ્યા બાદ પાલિકાએ મુંબઈની આવી ૧૦૬ કન્સ્ટ્રક્શના સાઈટને સ્ટોપ વર્કની નોટિસ ફટકારી છે.

પાલિકાના પર્યાવરણ વિભાગના ઉચ્ચ અધિકારીને જણાવ્યું હતું કે મુંબઈમાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે ૨૮ મુદ્દા સાથેની ગાઈડલાઈન બહાર પાડી હતી, તેનું પાલન કરવું તમામ કન્સ્ટ્રક્શન સાઈટ માટે ફરજિયાત છે. કન્સ્ટ્રક્શન સાઈટ પર 'એર ક્વોલિટી સેન્સર્સ' બેસાડવાનું અને એક હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચના મોટા પ્રોજેક્ટમાં રેફરન્સ એર ક્વોલિટી મોનિટર બેસાડવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. છતાં અનેક સાઈટ પર આ સાધનો હજી સુધી બેસાડવામાં આવ્યાં નથી. તેથી આવા તમામ કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ બંધ કરવા માટે નોટિસ તાત્કાલિક ધોરણે ફટકારવાનો આદેશ આપવામાં આવ્યા બાદ ગુરુવારે ૧૦૬ સાઈટને સ્ટોપ વર્ક નોટિસ મોકલવામાં આવી હતી, જેમાં ખાનગી બાંધકામ સહિત રેલવે પુલના બાંધકામ, એસઆરએ પ્રોજેક્ટ, મ્હાડા પ્રોજેક્ટ વગેરે બાંધકામનો પણ સમાવેશ થાય છે.

સંબંધિત વિભાગ અને અધિકારીઓ દ્વારા સાઈટ પર સતત ઈન્સ્પેકશન કરવાનું કામ પણ ચાલી રહ્યું છે.

વાયુ પ્રદૂષણ પ્રકરણમાં હાઈ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી પર શુક્રવાર, ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના સુનાવણી થવાની છે. તો અગાઉના ડ્રાફ્ટ પ્લાન મુજબ દરેક કન્સ્ટ્રક્શન સાઈટ પર ઈન્સ્પેકશન ચાલુ રાખવાનો પાલિકા પ્રશાસને તમામ વોર્ડ સ્તરે આદેશ આપ્યો છે. તેમાં જ્યાં નિયમોનો ભંગ થતો હોવાનું જણાઈ આવે ત્યાં તાત્કાલિક ધોરણે સ્ટોપ વર્કની નોટિસ ફટકારવાનું પણ કહેવામાં આવ્યું છે. ■

# બાંગ્લાદેશની બબાલમાં સ્કૉટલૅન્ડ ફાવી રહ્યું છેઃ જાણીએ આ યુરોપિયન દેશની ક્રિકેટ વિશે...



દુબઈ/એડિનબર્ગઃ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) અને બાંગ્લાદેશ સરકારે પોતાના ક્રિકેટરોને અસલામતીના ભયને ધ્યાનમાં રાખીને ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારત નહીં મોકલવાનું નક્કી જ કરી લીધું છે અને બીજી રીતે કહીએ તો એણે વર્લ્ડ કપનો બહિષ્કાર કર્યો છે એ જોતાં સ્કૉટલૅન્ડની ટીમને આ વિશ્વ કપમાં રમવાનું આમંત્રણ અપાશે. આઇસીસી હવે બાંગ્લાદેશની વધુ એક વિનંતી નહીં જ માને એવું માનીને ચાલીએ તો સ્કૉટલૅન્ડના ક્રિકેટરો આજકાલમાં પ્રૅક્ટિસ શરૂ કરી દેશે તો પણ નવાઈ નહીં લાગે.

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા છે. દરરોજ ઓછામાં ઓછા એક હિન્દુ નાગરિકની હત્યા કરવામાં આવે છે. આ ગંભીર પરિસ્થિતિમાં બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહમાનની આઇપીએલમાંથી હકાલપટ્ટી કરવામાં આવી એના પ્રત્યાઘાતમાં બાંગ્લાદેશ પોતાના ખેલાડીઓને સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા વર્લ્ડ કપ માટે ભારત ન મોકલવા મક્કમ છે.

### બાંગ્લાદેશના સ્થાને સ્કૉટલૅન્ડ જ કેમ?

બાંગ્લાદેશ થોડા દિવસથી આઇસીસી સાથે નકામું બાથ ભીડી રહ્યું છે એનો સીધો ફાયદો યુરોપના દેશ સ્કૉટલૅન્ડને થયો છે. જે દેશો ટી-૨૦ના રૅન્કિંગ મુજબ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય નથી થઈ શક્યા એ તમામ દેશોમાં સ્કૉટલૅન્ડ મોખરે છે એટલે એનો નંબર લાગી ગયો. બીજું, આઇસીસીની નીતિ મુજબ જો કોઈ મોટો ક્રિકેટ-દેશ ક્વૉલિફાય થવા છતાં ટૂર્નામેન્ટમાંથી નીકળી જાય તો ક્રિકેટની દૃષ્ટિએ બીજા મજબૂત દેશને જ એન્ટ્રી કરવા મળે. યુરોપમાંથી આ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થયેલા દેશોમાં સ્કૉટલૅન્ડ જરાક માટે ક્વૉલિફિકેશન રહી ગયું હતું. સ્કૉટલૅન્ડની ક્રિકેટ ટીમ થોડા વર્ષોથી બહુ સારું રમે છે. પોતાનાથી ચડિયાતી રૅન્કના દેશોને આ ટીમ હરાવી ચૂકી છે.

### અગાઉ પણ સ્કૉટલૅન્ડ ફાવી ગયું હતું!

અગાઉના એક ટી-૨૦ વર્લ્ડ કપમાંથી ઝિમ્બાબ્વેની બાદબાકી થતાં સ્કૉટલૅન્ડને રમવાનો મોકો મળ્યો હતો. આ વખતે એનો નંબર બાંગ્લાદેશના સ્થાને લાગી રહ્યો છે. સ્કૉટલૅન્ડ ભૂતકાળમાં ઘણી વખત વન-ડે અને ટી-૨૦ વર્લ્ડ કપમાં રમી ચૂક્યું છે.

### સ્કૉટલૅન્ડમાં પ્રથમ ક્રિકેટ મૅચ ૧૭૮૫માં રમાઈ!

સ્કૉટલૅન્ડનું નામ આઇસીસીના અસોસિયેટ દેશોમાં છે અને મોટા ક્રિકેટ-રાષ્ટ્રોમાં એનું સ્થાન પણ નથી, પરંતુ રસપ્રદ બાબત એ છે કે સ્કૉટલૅન્ડમાં પ્રથમ ક્રિકેટ ૧૭૮૫ની સાલમાં ઍલોઆ શહેરમાં રમાઈ હતી.

જોકે સ્કૉટલૅન્ડમાં પહેલી વાર પૂર્ણ ક્રિકેટ મૅચ રમાઈ હોય એવું ૧૮૬૫માં બન્યું હતું. એ મૅચ ઇંગ્લૅન્ડની સરે કાઉન્ટીની ટીમ સામે રમાઈ હતી જેમાં સ્કૉટલૅન્ડની ટીમનો ૧૭૨ રનથી વિજય થયો હતો. ૧૯મી સદીમાં સ્કૉટિશ ટીમે એક વાર ઑસ્ટ્રેલિયાની ટીમને હરાવી હતી.

### વન-ડે અને ટી-૨૦માં કેવો રેકૉર્ડ છે?

સ્કૉટલૅન્ડ નાના-મોટા દેશો સામે કુલ ૧૭૫ વન-ડે રમ્યું છે જેમાંથી ૮૧ મૅચ જીત્યું છે, ૮૪ મૅચ હાર્યું છે અને એક મૅચ ટાઇ થઈ છે. સ્કૉટલૅન્ડ ૧૦૯માંથી ૪૯ ટી-૨૦માં જીત્યું છે, પંચાવનમાં હાર્યું છે અને એક મૅચ ટાઇ થઈ છે. ■

# બાંગ્લાદેશના સપોર્ટમાં પાકિસ્તાન વર્લ્ડ કપનો બહિષ્કાર કરવા વિચારે છેઃ અહેવાલ

કરાચીઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)માં હાલમાં ફુલ મેમ્બર રાષ્ટ્રોમાં એક તરફ ૧૪ દેશ છે અને બીજી બાજુ બાંગ્લાદેશ-પાકિસ્તાન છે અને આ સ્થિતિ ગુરુવારે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ના અભૂતપૂર્વ નિર્ણયને પગલે વધુ ઉગ્ર બની ગઈ હતી જેમાં બીસીબીના નિર્ણયને પાકિસ્તાનનો ટેકો મળ્યો છે. બીસીબીએ બાંગ્લાદેશ સરકાર સાથેની વાટાઘાટ પછી જાહેર કર્યું હતું કે ફેબ્રુઆરીમાં બાંગ્લાદેશના ક્રિકેટરોને ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારત નહીં જ મોકલવામાં આવે અને આઇસીસીએ બાંગ્લાદેશની મૅચો શ્રીલંકામાં રાખવાની શરત માન્ય રાખવી જ પડશે.

કેટલાક અહેવાલ જણાવે છે કે આઇસીસી જો બાંગ્લાદેશની શરત માન્ય નહીં રાખે તો બાંગ્લાદેશની સાથે પાકિસ્તાન પણ ટી-૨૦ વર્લ્ડ કપનો બહિષ્કાર કરશે. જોકે એ માટે પાકિસ્તાને સત્તાવાર રીતે ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લેવું પડે.

આઇસીસીએ બુધવારે બાંગ્લાદેશના બોર્ડને કડક ભાષામાં કહી દીધું હતું કે તેમણે તેમના ખેલાડીઓને ભારત મોકલવા જ પડશે. કહેવાય છે કે બાંગ્લાદેશ હઠ પકડીને બેઠું રહેશે તો આઇસીસી વર્લ્ડ કપમાં તેના સ્થાને સ્કૉટલૅન્ડને રમવા બોલાવશે.

હવે જો પાકિસ્તાન પણ વિશ્વ કપનો બહિષ્કાર કરશે તો સ્કૉટલૅન્ડની જેમ અગાઉ ક્વૉલિફાય ન થઈ શકનાર દેશને વર્લ્ડ કપમાં એન્ટ્રી અપાશે. જોકે પાકિસ્તાનનો કોઈ ભરોસો નહીં. એ જો વર્લ્ડ કપનો બહિષ્કાર કરશે તો પાકિસ્તાનમાં જ ક્રિકેટપ્રેમીઓ વિફરી શકે. ઉલ્લેખનીય છે કે વર્લ્ડ કપમાં પાકિસ્તાનની મૅચો ભારતમાં નહીં, પણ શ્રીલંકામાં રમાવાની છે. હવે બાંગ્લાદેશ પણ જીદ કરી રહ્યું છે કે પાકિસ્તાનની માફક એને પણ હાઇબ્રીડ મૉડેલ મુજબ ભારત સિવાયના દેશમાં (શ્રીલંકામાં) રમવાનો નિર્ણય લેવાય. ■

# આજે બીજી ટી-૨૦

▶ સૅમસન, કિશનની કસોટી



**ગાવસકરનો 'જાદુઈ' સ્પિનરઃ** બુધવારે બે વિકેટ લેનાર વરુણને ગાવસકરે જાદુઈ સ્પિનર તરીકે ઓળખાવ્યો છે.

રાયપુરઃ ન્યૂ ઝીલૅન્ડ સામેની પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝમાં આજે બીજો મુકાબલો (સાંજે ૭.૦૦ વાગ્યાથી) છે જેમાં આઇપીએલમાં કમાલ બતાવતા કેટલાક ખેલાડીઓની અગ્નિપરીક્ષા થશે. નાગપુરમાં ભારતે બુધવારે ૪૮ રનથી વિજય મેળવ્યો ત્યાર બાદ હવે રાયપુરના રણમેદાનમાં જંગ ખેલાશે. આ મૅચ જીતીને સૂર્યકુમારની ટીમ ૨-૦થી સરસાઈ લઈ શકશે.

બુધવારે અભિષેક શર્મા (૮૪ રન) અને રિન્કુ સિંહે (અણનમ ૪૪ રન) આતશબાજી કરીને ટીમ ઇન્ડિયાને વિજય અપાવ્યો ત્યાર બાદ હવે એ દિવસના બે નિષ્ફળ બૅટ્સમેન સંજુ સૅમસન (૧૦ રન) અને ઇશાન કિશન (આઠ રન)ની કસોટી છે.

બુધવારે વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલને હાથની આંગળી પર કાપો પડી ગયો હતો અને બોલિંગમાં સ્પેલ પૂરો નહોતો કરી શક્યો. જો આજે અક્ષર નહીં રમી શકે તો કદાચ તેના સ્થાને હર્ષિત રાણાને પ્લેઇંગ-ઇલેવનમાં સમાવાશે. ■

# બાર પાકિસ્તાની ક્રિકેટરોના 'લાખના બાર હજાર થઈ ગયા'

▶ પાકિસ્તાની ક્રિકેટરો પૉન્ઝીના શિકાર થયાઃ કરોડો રૂપિયા જેને આપ્યા એ બિઝનેસમૅન દેશમાંથી ભાગી ગયો!



કરાચીઃ ' લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે' એ કહેવત પાકિસ્તાન ક્રિકેટમાં લાગુ પડી રહી છે, કારણકે સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન જેવા ભૂતપૂર્વ પાકિસ્તાની કૅપ્ટનો તેમ જ શાહીન શાહ આફ્રિદી, ફખર ઝમાન, શાદાબ ખાન બીજા એક ભૂતપૂર્વ કૅપ્ટન સહિત કુલ ૧૨ જેટલા ખેલાડીઓ પાકિસ્તાનમાં ' પૉન્ઝી' સ્કિમના શિકાર થયા છે. આ ક્રિકેટરોએ કરોડો રૂપિયા ગુમાવ્યા હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોના મતે આ ખેલાડીઓએ કુલ મળીને એક અબજ રૂપિયાની રકમ પૉન્ઝી સ્કિમમાં ગુમાવી દીધી હોવાનું મનાય છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના ધ્યાનમાં આ વાત આવી છે અને બોર્ડ આર્થિક કૌભાંડની તપાસ કરી રહ્યું હોવાનું જણાય છે. આ ખેલાડીઓએ એક પાકિસ્તાની બિઝનેસમૅનની લલચામણી સ્કિમમાં કરોડો રૂપિયા રોક્યા હતા, પણ હવે એ બિઝનેસમૅન પાકિસ્તાન છોડીને ભાગી ગયો છે.

સૂત્રો જણાવે છે કે ' આ બિઝનેસમૅન પાકિસ્તાની ખેલાડીઓમાં ખૂબ જાણીતો હતો. તેણે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ના કેટલાક ફ્રૅન્ચાઇઝીને સ્પૉન્સર પણ કર્યા હતા. આ વેપારીએ શરૂઆતના થોડા મહિનામાં ખેલાડીઓને નફાની તગડી રકમ આપી હતી એટલે ખેલાડીઓએ તેને વધુ મોટી રકમ ઇન્વેસ્ટમેન્ટ તરીકે આપી હતી. જોકે પછીથી તેણે ખેલાડીઓની મૂળ રકમ પોતાની પાસે રાખીને તેમને નફાની રકમ આપવાની બંધ કરી હતી.

પાકિસ્તાનના ખેલાડીઓએ આ બિઝનેસમૅનનો સંપર્ક કર્યો ત્યારે તેણે કહ્યું કે ' મેં બહુ મોટું નુકસાન કર્યું છે. તમારા તો શું મારું રોકાણ પણ મારા હાથમાંથી જતું રહ્યું છે એટલે હું તમને તમારા પૈસા પાછા આપી શકું એમ નથી.'

સૂત્રોએ જણાવ્યું હતું કે ' ખેલાડીઓને બિઝનેસમૅને આટલું કહ્યા પછી તેના ફોન કૉલના તેમ જ મૅસેજીસના જવાબ આપવાના બંધ કરી દીધા હતા અને પાકિસ્તાન છોડીને ક્યાંક જતો રહ્યો હતો. ઘણા પાકિસ્તાની ક્રિકેટરોએ માત્ર પોતાના જ નહીં, પોતાના સગાંસંબંધીઓના પૈસા પણ આ બિઝનેસમૅન પાસે રોક્યા હતા. આ ખેલાડીઓએ કરોડો રૂપિયા ગુમાવી દીધા છે.' ■

# ટી-૨૦માં ૫,૦૦૦ રનઃ અભિષેક તમામ બૅટ્સમેનોમાં ફાસ્ટેસ્ટ



નાગપુરઃ બુધવારે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે પાંચ મૅચવાળી સિરીઝની પ્રથમ ટી-૨૦માં મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમનાર અભિષેક શર્મા (૮૪ રન, ૩૫ બૉલ, આઠ છગ્ગા પાંચ ચોગ્ગા)એ દિવસે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિરલ સિદ્ધિ મેળવી હતી જેમાં તે આ ફૉર્મેટમાં સૌથી ઝડપે (સૌથી ઓછા બૉલમાં) ૫,૦૦૦ રન પૂરા કરનાર બૅટ્સમૅન બન્યો હતો.

અભિષેકે ૫,૦૦૦ રન ૨,૮૯૮ બૉલમાં પૂરા કરીને વેસ્ટ ઇન્ડિઝના આન્દ્રે રસેલ (૨,૯૪૨ બૉલ)નો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો. અભિષેકે રસેલ કરતાં ૪૪ ઓછા બૉલમાં ૫,૦૦૦ રન પૂરા કર્યાં છે. બીજો કોઈ પણ બૅટ્સમૅન ૧૬૦.૦૦ કે એનાથી વધુ સ્ટ્રાઇક-રેટ સાથે ૫,૦૦૦ રન સુધી નથી પહોંચ્યો.

### રોહિત, સૂર્યાનો રેકૉર્ડ તોડ્યો અભિષેકે

અભિષેકે ટી-૨૦ મૅચમાં પચીસથી પણ ઓછા બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હોય એવું બુધવારે સાતમી વખત બન્યું હતું. તેણે છ-છ વખત પચીસથી ઓછા બૉલમાં ફિફ્ટી પૂરા કરનાર રોહિત શર્મા અને સૂર્યકુમાર તેમ જ ઇંગ્લૅન્ડના ફિલ સૉલ્ટ અને વેસ્ટ ઇન્ડિઝના એવિન લુઇસનો વિશ્વવિક્રમ તોડ્યો છે.

### રિન્કુનો પણ રેકૉર્ડ

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચોમાં જે બૅટ્સમેનોએ ૧૯ તથા ૨૦મી ઓવરમાં ૧૦૦થી વધુ રન કર્યાં હોય એમાં રિન્કુનો ૨૮૭.૮૩નો સ્ટ્રાઇક-રેટ સર્વશ્રેષ્ઠ છે. તેણે રમેલી ૧૯ તથા ૨૦મી ઓવર્સમાં કુલ ૭૪ બૉલમાં ૨૪૩ રન કર્યાં છે જેમાં બાવીસ સિક્સર અને ૧૪ ફોર સામેલ છે. તમામ ૨૦મી ઓવરમાં તેણે ૩૦૨.૬૩ના સ્ટ્રાઇક-રેટથી રન બનાવ્યા છે.

### અર્શદીપ પણ રેકૉર્ડ બુકમાં

લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે ટી-૨૦ મૅચમાં બોલિંગની શરૂઆત કરી હોય એવી તમામ મૅચોમાં કુલ ૨૮ વિકેટ લીધી છે જે હવે વિશ્વવિક્રમ છે. તેણે શાહીન શાહ આફ્રિદી અને જુનૈદ સિદ્દીકી (૨૭ વિકેટ)ને પાછળ રાખી દીધા છે. ■



અભિષેક શર્મા



ભારતીયોને જોઈ રહેલો કાઇલ જૅમીસન.

# જોકોવિચ જીત્યો ૩૯૯મી મૅચ

મેલબર્નઃ ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ટેનિસ ખેલાડી સર્બિયાના નોવાક જૉકોવિચે ગુરુવારે ઑસ્ટ્રેલિયન ઓપનમાં કરીઅરની ૩૯૯મી ગ્રૅન્ડ સ્લૅમ મૅચ જીતી લીધી હતી અને એ સાથે તે ૪૦૦ના જાદુઈ આંકડાથી એક જ ડગલું દૂર છે. તેણે ફ્રાન્સેસ્કો મૅસ્ટ્રેલીને ૬-૩, ૬-૨, ૬-૨થી હરાવી દીધો હતો. તે પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાની પેરવીમાં છે. દરમ્યાન, ૪૦ વર્ષનો સ્ટૅન વૉવરિન્કા ગ્રૅન્ડ સ્લૅમ ચૅમ્પિયનશિપમાં ત્રીજા રાઉન્ડમાં પહોંચનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો હતો. ■

# રાજકોટમાં એક દિવસમાં પડી ૨૩ વિકેટ, ૨૧ બૅટ્સમેન સ્પિનર્સની જાળમાં ફસાયા

રાજકોટઃ અહીં સૌરાષ્ટ્ર અને પંજાબ વચ્ચેની ચાર દિવસની રણજી ટ્રોફી મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં ગુરુવારના પ્રથમ દિવસે કુલ ૨૩ વિકેટ પડી હતી જેમાંથી ૨૧ બૅટ્સમેન સ્પિનર્સના શિકાર થયા હતા. આ મૅચમાં એક જ દિવસમાં એક આખી ઇનિંગ્સ પૂરી થઈ ગઈ અને બીજા દાવમાં છ ઓવર બોલિંગ થઈ જેમાં ત્રણ વિકેટ પડી ચૂકી હતી.

સૌરાષ્ટ્રના કૅપ્ટન જયદેવ ઉનડકટે બૅટિંગ પસંદ કર્યા બાદ તેની ટીમ જય ગોહિલ (૮૨ રન, ૧૧૭ બૉલ, બે સિક્સર, નવ ફોર)ની ઉપયોગી ઇનિંગ્સની મદદથી ૧૭૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. પંજાબના ૩૦ વર્ષીય લેફ્ટ-આર્મ સ્પિનર હરપ્રીત બ્રારે ૩૮ રનમાં છ વિકેટ લીધી હતી.

સૌરાષ્ટ્રની ૧૦ વિકેટ પડ્યા બાદ પંજાબ પ્રભસિમરન સિંહના ૪૪ રનની મદદથી બનેલા ૧૩૯ રનના ટોટલ પર આઉટ થઈ જતાં સૌરાષ્ટ્રને ૩૩ રનની સરસાઈ મળી હતી. સૌરાષ્ટ્ર વતી લેફ્ટ-આર્મ સ્પિનર પાર્થ ભુતે કૅપ્ટન શુભમન ગિલ સહિત કુલ પાંચ વિકેટ ૩૩ રનમાં મેળવી હતી. બીજા બે સ્પિનર રવીન્દ્ર જાડેજા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પણ બે-બે વિકેટ લીધી હતી. એક સમયે જાડેજા ફીલ્ડિંગ કરી રહ્યો હતો ત્યારે કૂતરું તેની નજીક દોડી આવ્યું હતું.

સૌરાષ્ટ્ર અને પંજાબની ૧૦-૧૦ વિકેટ પડ્યા પછી સૌરાષ્ટ્રએ બીજા દાવમાં ૨૪ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી જેમાંથી બે વિકેટ હરપ્રીત બ્રારે મેળવી હતી. ટૂંકમાં, સ્પિનર હરપ્રીત બ્રારે એક દિવસમાં આઠ વિકેટ લીધી હતી. રમતને અંતે સૌરાષ્ટ્રનો સરસાઈ સાથેનો સ્કોર ૫૭ રન હતો અને એની સાત વિકેટ પડવાની બાકી હતી.

### અન્ય મૅચોમાં શું બન્યું?

(૧) હૈદરાબાદમાં મુંબઈએ હૈદરાબાદ સામે ચાર દિવસીય રણજી મૅચના પ્રથમ દિવસે કૅપ્ટન સિદ્ધેશ લાડના ૧૦૪ રન અને સરફરાઝ ખાનના અણનમ ૧૪૨ રનની મદદથી ચાર વિકેટે ૩૩૨ રન કર્યા હતા. હૈદરાબાદના મોહમ્મદ સિરાજને ૭૭ રનમાં ફક્ત એક વિકેટ મળી હતી.

(૨) નડિયાદમાં ગુજરાતની ટીમ માત્ર ૧૭૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં એકમાત્ર જયમીત પટેલ (૫૭ રન)ની હાફ સેન્ચુરી સામેલ હતી. બીજો કોઈ બૅટ્સમૅન ૩૦ રન પણ નહોતો બનાવી શક્યો. રેલવેના કૅપ્ટન ભાર્ગવ મેરાઈ અને ઝુબેર અલીએ સૌથી વધુ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ત્યાર બાદ રેલવેએ ૭૮ રનમાં બે વિકેટ ગુમાવી હતી.

(૩) વડોદરામાં નાગાલૅન્ડને ૨૦૬ રનમાં આઉટ કર્યા પછી બરોડાએ ઓપનર શિવાલિક શર્માના અણનમ ૮૦ રન અને જ્યોત્સનીલ સિંહના પંચાવન રનની મદદથી એક વિકેટે ૧૩૯ રન કર્યા હતા. ■





# શુભમન ગિલ ઝીરો પર આઉટ, બે બૉલ પણ ન રમી શક્યો!



રાજકોટઃ ભારતના ટેસ્ટ અને વન-ડે કૅપ્ટન શુભમન ગિલનો હમણાં ખરાબ સમય ચાલી રહ્યો છે જેમાં તેણે ઈજા ઉપરાંત ખરાબ ફૉર્મનો પણ સામનો કરવો પડી રહ્યો છે અને ગુરુવારે રણજી ટ્રોફીમાં તો હદ થઈ ગઈ. ગિલ પોતાના બીજા જ બૉલ પર શૂન્યમાં આઉટ થઈ ગયો હતો. અગાઉની જેમ ફરી દમદાર બૅટિંગ કરવા માટે પંજાબની ટીમના ગિલને સૌરાષ્ટ્ર સામેની આ મૅચમાં બૅટિંગ-પ્રૅક્ટિસની તાતી જરૂર હતી, પરંતુ સૌરાષ્ટ્રના લેફ્ટ-આર્મ સ્પિનર પાર્થ રમેશભાઈ ભુતે ગિલને એલબીડબ્લ્યૂ કરીને સનસનાટી મચાવી દીધી હતી.

સૌરાષ્ટ્રના કૅપ્ટન જયદેવ ઉનડકટે પંજાબની ઇનિંગ્સની ૨૦મી ઓવર પાર્થ ભુતને સોંપી હતી. પાર્થે એ ઓવરના ચોથા બૉલમાં જાણીતા ભરોસાપાત્ર બૅટ્સમૅન નેહલ વઢેરા (છ રન)ને કૅચઆઉટ કરાવ્યો હતો. નેહલ આઉટ થતાં કૅપ્ટન શુભમન ગિલ બૅટિંગમાં આવ્યો હતો. નેહલ પૅવિલિયનમાં પાછા જઈને માંડ બેઠો હશે ત્યાં તો સૌરાષ્ટ્રની છાવણીમાંથી બૂમો સંભળાઈ હતી. એ ચીસ અને બૂમ હતી શુભમન ગિલના આઉટ થવા વિશેની. નેહલ આઉટ થયા પછી ગિલ માંડ એક બૉલ રમ્યો અને બીજા બૉલમાં લેગ બિફોરની અપીલમાં વિકેટ ગુમાવી બેઠો હતો. સામા છેડે પ્રભસિમરન સિંહ નિરાશ હાલતમાં બધુ જોયા કરતો હતો.

ગિલ હજી થોડા જ અઠવાડિયા પહેલાં ટી-૨૦ ટીમનો વાઇસ-કૅપ્ટન બન્યો હતો, પણ હવે તો ટી-૨૦ ટીમની જ બહાર છે. ટી-૨૦ ટીમમાં તેને ઘણી તક મળી, પણ તે ટીમમાં સ્થાન સાચવી ન શક્યો. હવે તો ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ તે સસ્તામાં આઉટ થઈ રહ્યો છે. તેનું બૅટ બોલવાનું જ બંધ થઈ ગયું છે. સૌરાષ્ટ્ર સામેની મૅચમાં તે ખાતું પણ ન ખોલાવી શક્યો.

ગિલ તાજેતરમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે શ્રેણીમાં પણ સારું નહોતો રમી શક્યો. ભારત એ સિરીઝ ૧-૨થી હારી ગયું હતું. ■

# કરાટેની નૅશનલ ચૅમ્પિયનશિપમાં ગુજરાતીને રજત ચંદ્રક



પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ચીફ ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ દિવેશ ત્રિવેદીએ તાજેતરમાં ગુવાહાટીમાં આયોજિત જેકેએ નૅશનલ કરાટે ચૅમ્પિયનશિપમાં ૫૫ થી ૬૦ વર્ષના પુરુષોના કાતા વર્ગમાં રજત ચંદ્રક જીતી લીધો હતો.

# શોર્ટ કવરિંગઃ ગ્રીનલેન્ડ ટેરિફ સંદર્ભે ટ્રમ્પના યુ ટર્નથી શેરબજારને કળ વળી, સેન્સેક્સમાં ૪૦૦ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ડોનલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ બાબતે ફેરવી તોળ્યા બાદ પહેલી ફેબ્રુઆરીથી યુરોપ પર ટેરિફ લાદવાનો નિર્ણય પાછો ખેંચ્યાની જાહેરાતે યુરોપ અને યુએસની ટ્રેડ વોર ટળવાની સંભાવનાને કારણે ગુરુવારે બેન્ચમાર્ક ઇક્વિટી બજારોમાં સુધારો જોવા મળ્યો હતો, જે હકારાત્મક વૈશ્વિક સંકેતો અને ભારત-અમેરિકા વેપાર કરારની આશા વચ્ચે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો દર્શાવે છે. પ્રારંભિક તબક્કામાં, સેન્સેક્સ ૮૭૩.૫૫ પોઈન્ટ અથવા ૧.૦૬ ટકા ઉછળીને ૮૨,૭૮૩.૧૮ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે વ્યાપક નિફ્ટી ૨૭૮.૨૫ પોઈન્ટ અથવા ૧.૧ ટકા વધીને ૨૫,૪૩૫.૭૫ પર પહોંચ્યો હતો.

જોકે, બપોરના સત્રમાં બેન્ચમાર્ક ઊંચી સપાટી સામે ૭૦૦ પોઇન્ટ ગબડ્યો હતો. અંતે સેન્સેક્સ ૩૯૭.૭૪ પોઇન્ટના ઘટાડા સાથે ૮૨,૩૦૭.૩૭ની અને નિફ્ટી ૧૩૨.૪૧ પોઇન્ટના ઘટાડા સાથે ૨૫,૨૮૯.૯૦ની સપાટીએ સ્થિર થયો હતો. નોંધવું રહ્યું કે, મંગળવારના સત્રમાં જ સેન્સેક્સ ટેરિફ વોર વકરવાના ભય વચ્ચે સેન્સેક્સ ૧૦૦૦ પોઇન્ટના જોરદાર કડાકા સાથે ૮૩,૦૦૦ની નીચે સરકી ગયો હતો અને એક્સચેન્જના માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂપિયા દસ લાખ કરોડ જેવું ધોવાણ નોંધાયું હતું. ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ, સ્ટેટ બેન્ક, બજાજ ફિનસર્વ, એશિયન પેઇન્ટ, પાવરગ્રીડ, સન ફાર્મા, કોટક મહિન્દ્રા બેન્ક, ઇન્ડિગો, હિંદુસ્તાન યુનીલીવર, એચસીએલ ટેક અને એનટીપીસી ટોપ ગેઇનર્સ હતા, જ્યારે ઇટર્નલ, ટાઇટન, આઇસીઆઇસીઆઇ બેન્ક, મારુતિ સુઝુકી અને એચડીએફસી બેન્ક ટોપ સુઝર હતા.

ક્યુપિડ લિમિટેડે બજાર પહોંચ વધારવા અને એફએમસજીને વૃદ્ધિને વેગ આપવા, બાઝાર સ્ટાઇલ રિટેલ લિમિટેડમાં રૂ. ૩૩૧.૫૩ કરોડના વ્યૂહાત્મક રોકાણની જાહેરાત કરી છે. આ જાણીતી અને સ્થાપિત મૂલ્ય રિટેલ ચેઇન છે જે ભારતના મુખ્ય બજારોમાં ૨૫૦ સ્ટોર્સનું સંચાલન કરવામાં પણ સક્ષમ છે. અઢાર મહિનામાં કરવામાં આવનાર આ રોકાણ માટેનું ભંડોળ ઇન્ટર્નલ અક્રુઅલ મારફત પૂરું પાડવામાં આવશે.

નિફ્ટીના શેરોમાં ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ, કોલ ઇન્ડિયા અને અદાણી પોટ્‌ર્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ટોપ ગેનર્સ હતા, જ્યારે એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ કંપની અને ઇટર્નલ ટોપ લુઝર હતા. માર્કેટ બ્રેથ હકારાત્મક હતી, લગભગ ૨૬૬૮ શેર વધ્યા હતા, ૮૭૧ શેર ઘટ્યા હતા અને ૧૫૩ શેર યથાવત રહ્યા હતા.

ન્યુજેન સોફ્ટવેરે નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવ મહિનામાં ૧,૧૨૨ કરોડ રૂપિયાની આવક નોંધાવી છે, જે વાર્ષિક ધોરણે છ ટકાનો વધારો દર્શાવે છે. કંપનીએ સાત ટકાના વધારા સાથે રૂ. ૨૨૨ કરોડનો કરવેરા પછીનો સમાયોજિત નફો નોંધાવ્યો છે. કંપની યુએસ, યુકે અને ઓસ્ટ્રેલિયામાં પણ હાજરી ધરાવે છે. સુર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેંકે સુરક્ષિત ધિરાણને વિસ્તૃત કરવાની તેની વ્યાપક વ્યૂહરચનાના ભાગરૂપે ગોલ્ડ લોન




સેગમેન્ટમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી છે. આ સેવા મહારાષ્ટ્રથી શરૂ કરવામાં આવી છે અને આગામી મહિનાઓમાં અન્ય રાજ્યોમાં તબક્કાવાર વિસ્તરણ કરવાની યોજના છે.

ફોન પેના આવી રહેલા આઇપીઓ મારફત તેના શેરધારક વોલમાર્ટ, ટાઇગર ગ્લોબલ, માઇક્રોસોફ્ટ ગ્લોબલ ફાઇનાન્સ તેમના રૂ. ૧૦,૧૧૫ કરોડ સુધીના હિસ્સાનું વેચાણ કરશે. ઉક્ત આઇપીઓ સંપૂર્ણપણે ઓએફએસ રહેશે. ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસના નફામાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. બેન્ક ઓફ ઇન્ડિયાનો નફો સાત ટકા વધીને રૂ. ૨૭૦૫ કરોડ નોંધાયા બાદ તેના શેર સાત ટકા ઉછળીને બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

સેબીના ઓક્ટોબર ૨૦૨૫ ફ્રેમવર્ક દ્વારા રિટેલ ઇન્વેસ્ટર્સ બેઝ વધારવા માટે સત્તાવાર રીતે અલ્ગોરિધમિક ટ્રેડિંગ ખોલ્યાના માત્ર ત્રણ મહિના પછી ફિનટેક અને સ્ટોક બ્રોકરેજ ફર્મ, ડીફાઇનેજ સિક્યુરિટિઝે રિટેલ ઇન્વેસ્ટર્સ માટે એલ્ગોસ્ત્ર પ્લેટફોર્મ રજૂ કર્યું છે, જે ઝીરો પ્લેટફોર્મ ફી સાથે ભારતનું પ્રથમ સંપૂર્ણપણે કસ્ટમાઇઝ કરી શકાય તેવા રિટેલ ટ્રેડિંગ ઓટોમેશન પ્લેટફોર્મ છે. સૂત્રો અનુસાર ભારતનું અલ્ગોરિધમિક ટ્રેડિંગ માર્કેટ ૨૦૩૦ સુધી ૧૪.૩ ટકાના સીએજીઆરના દરે વધવાનો અંદાજ છે અને ૨.૪૦ કરોડ મિલિયન રિટેલ સહભાગીઓ શિસ્તબદ્ધ અભિગમો શોધે છે.

કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યા છે. વારી એનર્જીએ બમણીથી વધુ વૃદ્ધિ સાથે રૂ. ૧૧૦૬ કરોડનો નફો નોંધાવ્યો છે. પીએનબી હાઉસિંગના નબળા પરિણામે તેનો સેર ૧૦ ટકાના કડાકા સાથે નીચલી સર્કિટમાં અથડાયો હતો. યુનાઇટેડ સ્પિરિટે ચોખ્ખો નફામાં ૨૪.૭૭ ટકાનો વધારો નોંધાવ્યો હતો. શોપર્સ સ્ટોપે ત્રીજા ક્વાર્ટરમાં ૬૯ ટકાના જોરદાર ઘટાડા સાથે રૂ. ૧૬.૧૨ કરોડનો નફો જાહેર હતો. ત્રીજા ક્વાર્ટરમાં કેપીઆઇ ગ્રીનનો નફો ૪૮ ટકા, જ્યારે કેપી એનર્જીનો નફો ૫૮ ટકા વધ્યો હતો.

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ), ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦ કંપની અને મહારત્ન પીએસયુએ આજે પીએનજી અને સીએનજી ડ્રાઇવ ૨.૦ના રાષ્ટ્રીય રોલઆઉટની જાહેરાત કરી, જે ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણ અને દેશના ઉર્જા મિશ્રણમાં કુદરતી ગેસનો હિસ્સો વધારવાના ભારત સરકારના વિઝન સાથે સુસંગત છે. આ પ્રસાર અભિયાનમાં દર્શાવાયું છે કે, કુદરતી ગેસના સલામતી, પોષણક્ષમતા, સુવિધા અને પર્યાવરણીય લાભોને પ્રકાશિત કરે છે, જ્યારે ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણ માટે ઉદ્યોગની સામૂહિક પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

કંપની પરિણામોની નિરાશાએ પણ સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું. ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, વિપ્રો બાદ એલટીઆઇ માઇન્ડટ્રીએ પણ નાણાકીય મોરચે રોકાણકારોને નિરાશ કર્યા હતા જોકે, ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં આઇટીસીનો નફો ૯.૬૦ ટકા વધીને રૂ. ૨૩૭ કરોડ જ્યારે, એસઆરએફએ નફો ૫૯.૬૦ ટકા વધીને રૂ. ૪૩૨.૬૬ કરોડ નોંધાયો છે. આઇઆરએફસીએ ૧૦.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૦૨ કરોડનો ચોખ્ખો નફો અને પીએનબીએ ૧૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૧૦૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

# ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ખાસ કરીને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડના મુદ્દે આગામી ફેબ્રુઆરીથી ટૅરિફ લાદવામાં નહીં આવે, એમ દાઓસમાં જણાવતા ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી નરમાઈ ઉપરાંત ડૉલરમાં સલામતી માટેની માગ ઘટી હતી. વધુમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાત પૈસાના સુધારા સાથે ઐતિહાસિક તળિયેથી પાછો ફર્યો હતો અને ૯૧.૫૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલની ઐતિહાસિક ૯૧.૬૫ની નીચી સપાટી સામે સુધારાના અન્ડરટોને ૯૧.૫૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૬૮ અને ઉપરમાં ૯૧.૪૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૯૧.૫૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૬૮ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો. વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી ભૂરાજકીય અનિશ્ચિતતાઓ અને અમેરિકા સાથે વિલંબિત થઈ રહેલા વેપાર કરારને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં દબાણ જળવાઈ રહેશે, એમ ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

તે પ્રમાણે સીઆર ફોરેક્સ એડ્‌વાઈઝર્સનાં મેનેજિંગ ડિરેક્ટર અમીત પાબારીએ જણાવ્યું હતું કે વૈશ્વિક જોખમી પરિબળો મોટા ભાગે રૂપિયાને આંશિક ધોરણે દબાણ હેઠળ રાખશે અને હવે કોન્સોલિડેશનનાં તબક્કામાં આવે તેમ જણાય છે. તેમ જ હાલના તબક્કે ડૉલર સામે રૂપિયા માટે ૯૨ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે અને આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૦.૫૦થી ૯૦.૭૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૯૮.૭૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૯૭.૭૪ પૉઈન્ટનો અને ૧૩૨.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

તેમ છતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા વધીને બેરલદીઠ ૬૫.૩૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાના તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૮૭.૬૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# અંદાજપત્ર પૂર્વે કૃષિ ક્ષેત્રની વેરામાં રાહતની, બાયોફ્યુઅલ અને માળખાકીય પ્રોત્સાહનોની માગ

નવી દિલ્હીઃ દેશનું કૃષિ ક્ષેત્ર આબોહવામાં પરિવર્તનના દબાણનો સામનો કરી રહ્યું છે અને સરકાર ગ્રામીણ આવકમાં વધારો કરવાનું લક્ષ્ય રાખી રહી હોવાથી દેશનાં કૃષિ અને કૃષિ સંલગ્નિત ઉદ્યોગનાં પ્રતિનિધિઓએ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નાં અંદાજપત્રની રજૂઆત પૂર્વે વેરામાં ઘટાડા, બાયોફ્યુઅલ માટે ભંડોળ વધારવા અને ખેડૂતો માટે મજબૂત સમર્થનનો અનુરોધ કર્યો છે.

ભારત વર્ષ ૨૦૩૦ માટેનાં તેના કૃષિ લક્ષ્યાંકોનાં કેન્દ્રની નજીક પહોંચી રહ્યું છે અને વિકસિત ભારત ૨૦૪૭નાં વિઝનનો પાયો નાખે છે તેવા નિર્ણાયક તબક્કે કૃષિ ક્ષેત્ર તરફથી આ અનુરોધ કરવામાં આવ્યો છે. ભારતીય કૃષિને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક વૃદ્ધિ એન્જિન તરીકે સ્થાન આપવા માટે નવીનતા, માળખાગત સુવિધાઓ અને બજાર સુધારાઓમાં સતત રોકાણની આવશ્યકતા પર તમામ કૃષિ ક્ષેત્રના હિસ્સેધારકોએ ભાર મૂક્યો હતો.

ખાંડ ક્ષેત્રમાં સુધારાઃ ખાંડ ક્ષેત્રના અગ્રણી સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ નાણાં પ્રધાન નિર્મલા સિતારમણને સસ્ટેઈનેબલ એવિએશન ફ્યુઅલ (એસએએફ) અને ગ્રીન હાઈડ્રોજન સહિતનાં એડવાન્સ બાયોફ્યુઅલ માટે રૂ. ૨૫૦૦ કરોડનાં ભંડોળની અને આર્થિક રીતે નબળી પડેલી ખાંડ મિલોને ઉગારીને બાયો એનર્જી હબ બનાવવા માટે રૂ. ૨૫ અબજનાં ભંડોળનો અનુરોધ કર્યો છે.


ભારત અગાઉથી જ વનસ્પતિ તેલની આયાત કરે છે અને આલ્કોહોલ ટુ જેટ ટેક્નોલૉજીમાં ઈથેનોલ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે, એમ આઈસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે એક કિલોગ્રામ હાઈડ્રોજનનું ઉત્પાદન ૭૦ યુનિટ વીજ ખર્ચ કરે છે. આથી જો હાઈડ્રોજન ઉત્પાદન માટે ઈથેનોલનો ઉપયોગ કરવામાં આવે તો માળખાકીય લાભ થશે. દેશમાં ખાસ કરીને મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને પંજાબની સહકારી મિલોમાં ડિસ્ટિલિયરીનો અભાવ છે અને ખેડૂતોને શેરડીની ખરીદી પેટેની ચુકવણી, વેતન અને પગાર સહિત નાણાકીય પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવા તેઓ ખાંડ અને મોલાસીસના વેચાણ પર દારોમદાર રાખે છે. ઈથેનોલના ઉત્પાદન માટે ડિસ્ટિલેશન ક્ષમતા સ્થાપિત કરવા તેઓને નાણાકીય સહાયની આવશ્યકતા છે અને તે મૂલ્ય વર્ધન પણ છે. તેનાથી શેરડીના ખેડૂતોને નફાકારક ભાવ ચુકવવાની તેની ક્ષમતામાં પણ વધારો થશે, એમ એસોસિયેશને ઉમેર્યું હતું. વધુમાં એસોસિયેશને ફ્લેક્સ ફ્યુઅલ પરનાં જીએસટીના દરમાં ઘટાડો કરવા અને હાઈબ્રિડ વેહિકલ્સ પરનાં જીએસટીના દર જે હાલ ૧૮થી ૪૦ ટકા છે તે ઈલેક્ટ્રિક વાહનોની સમકક્ષ પાંચ ટકા રાખવા, ઈથેનોલનાં પ્રાપ્તિ ભાવમાં લિટરદીઠ રૂ. છથી આઠનો વધારો કરવાની સાથે ખાંડનાં લઘુતમ વેચાણ ભાવ જે વર્ષ ૨૦૧૯થી કિલોદીઠ રૂ. ૩૧ છે તે વધારીને શેરડીના સામાન્ય વળતરદાયી ભાવ સાથે સંલગ્નિત કરવા અનુરોધ કર્યો છે.

ફર્ટિલાઈઝર ક્ષેત્રે સુધારાઓઃ સોલ્યુબલ ફર્ટિલાઈઝર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના રાષ્ટ્રીય પ્રમુખ રાજીવ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે આગામી અંદાજપત્રમાં અમે નાણાં પ્રધાન પાસેથી ફર્ટિલાઈઝર કન્ટ્રોલ ઓર્ડરમાં થ્રી ડાયમેન્શન (થ્રીડી)રિફોર્મ્સ (સુધારાઓ)ની અપેક્ષા રાખી રહ્યા છીએ જેમાં ડિજિટાઈઝેશન, ડીક્રિમિનલાઈઝેશન અને ડીરેગ્યુલેશનનો સમાવેશ થાય છે.

વધુમાં તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમારી મુખ્ય અપેક્ષાઓમાં અવશેષમુક્ત, પોષકતત્ત્વોથી ભરપૂર ખેતીને એક સંકલિત રાષ્ટ્રીય કૃષિ અને આરોગ્ય નીતિ તરીકે પ્રોત્સાહન અપાવું અને સબસિડી ઘટાડાની સાથે સબસિડી વિનાના દ્રાવ્ય, કાર્બનિક, સૂક્ષ્મ પોષકતત્ત્વો અને ઉત્તેજક ખાતરોને વ્યૂહાત્મક સામગ્રી તરીકે માન્યતા આપવાનો સમાવેશ થાય છે.

વધુમાં મેટિક્સ ફર્ટિલાઈઝર્સ ઍન્ડ કેમિકલ્સનાં નિશાંત કનોડિયાએ જણાવ્યું હતું કે સરકારે આત્મનિર્ભરતા કેળવવા માટે સમયસર ક્ષમતા વિસ્તરણ અને મૈત્રીપૂર્ણ રોકાણલક્ષી નીતિગત સમર્થન આપવાનું જાળવી રાખવું જરૂરી છે.

# ટીન અને કોપરની વેરાઈટીઓમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે આજે ટ્રેડ વૉરની ભીતિ હળવી થવાની સાથે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને કોપરની વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૯૧નો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટો અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે જે ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૯૧ ઘટીને રૂ. ૪૭૪૨, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ ઘટીને રૂ. ૧૨૫૪, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૧૮૦ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૦ અને રૂ. ૧૧૬૯ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૯૨, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૩૧૯ અને રૂ. ૩૧૬ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૦૮૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૬૫૫ના મથાળે રહ્યા હતા, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૬થી ૧૦ની આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ વધીને રૂ. ૩૬૭૦થી ૩૭૧૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ હતા. આમ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. છથી ૧૦ની આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૫નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૫થી ૩૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ આજે મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. છથી ૧૦ વધીને રૂ. ૩૮૦૨થી ૩૮૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૬૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ અને ઉપલા મથાળેથી રૂ. પાંચ વધીને રૂ. ૩૭૨૦થી ૩૭૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ વધીને રૂ. ૩૮૧૦થી ૩૮૭૦માં થયાના અહેવાલ હતા.



# દેશી-આયાતી તેલમાં વિશ્વ બજાર પાછળ ઉછાળા



મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૪૫ સેન્ટનો ઉછાળો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૪ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક મથકો પર પણ આજે દેશી તેલમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં દેશી-આયાતી તેલમાં ઉછાળા જોવા મળ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૫, સોયા રિફાઈન્ડ અને સિંગતેલમાં રૂ. ૨૦ અને આરબીડી પામોલિન, સન રિફાઈન્ડ તથા સરસવમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. વધુમાં આજે ભાવમાં તેજીનું વલણ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, ગોકુલ એગ્રોનાં આરબીડી પામોલિનના ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૮૦ અને ફેબ્રુઆરી તથા માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૨૮૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦, ગોકુલ એગ્રોના જેએનપીટીથી આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૫, પતંજલિ ફૂડ્‌સના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો પણ થયાના અહેવાલ હતા.

ગુજરાતમાં આજે મગફળીની ગોંડલ મથકે ૧૭,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૭૫થી ૧૫૦૦માં અને રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૧૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૩૭૫થી ૧૫૦૦માં થયા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૨૫૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૪૦ વધીને રૂ. ૧૬૪૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, સિંગતેલના રૂ. ૧૬૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૫૩૦ના મથાળે રહ્યાં હતાં.

# ભુજ-બાંદ્રા ટર્મિનસ ટ્રિપ વધારાઈ, ઓખા-બાન્દ્રા વચ્ચે દોડશે સ્પેશિયલ ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભાતીગળ પ્રદેશ ધોરડો ખાતે ચાલી રહેલા રણોત્સવને માણવા માટે મોટી સંખ્યામાં આવી રહેલા પ્રવાસીઓ માટે તાજેતરમાં પશ્ચિમ રેલવે દ્વારા ભુજ-બાન્દ્રા વચ્ચે સપ્તાહમાં બે વખત વિશેષ ટ્રેન દોડાવાઈ રહી છે. જો કે પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખીને તેમ જ કચ્છની દૈનિક ટ્રેનો ઉપર ભારણ ઓછું કરવાના આશયથી ભુજ-બાંદ્રા વચ્ચે વધુ બે સાપ્તાહિક ટ્રેનની ૨૦ ટ્રીપ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ અંગે રેલવેના જનસંપર્ક અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૦૯૦૦૯ નંબરની ટ્રેન દર રવિવારે બાન્દ્રાથી સાંજે ૭.૨૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૯.૫૦ કલાકે ભુજ પહોંચશે, જ્યારે ૦૯૦૧૦ નંબરની ટ્રેન ભુજથી દર સોમવારે બપોરે બે વાગ્યે રવાના થઈ બીજા દિવસે વહેલી સવારે ૫.૧૦ કલાકે બાંદ્રા પહોંચશે. આ ટ્રેન આગામી ૨૬ જાન્યુઆરીથી ૨૩ ફબ્રુઆરી સુધી ભુજથી અને ૨૫ જાન્યુઆરીથી ૨૨ ફેબ્રુઆરી સુધી બાંદ્રાથી દોડશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૦૯૦૧૧ નંબરની ટ્રેન દર મંગળવારે બાંદ્રા ટર્મિનસથી રાત્રે ૧૧.૫૫ કલાકે રવાના થઈ બીજા દિવસે બુધવારે બપોરે ૨.૩૦ કલાકે ભુજ પહોંચશે, જ્યારે ૦૯૦૧૨ નંબરની ટ્રેન ભુજથી દર બુધવારે સાંજે ૫.૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૮.૪૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. ૦૯૦૧૧ નંબરની આ ટ્રેન બાન્દ્રાથી આગામી તા.૨૭ જાન્યુઆરીથી ૨૪ ફેબ્રુઆરી સુધી અને ભુજથી તા.૨૮ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી સુધી ચાલશે.

આ બન્ને ટ્રેનો બન્ને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા,અમદાવાદ, ધ્રાંગધ્રા, સામખિયાળી, ભચાઉ અને ગાંધીધામ ખાતે થોડા સમય માટે થોભશે તેમ તેઓએ ઉમેર્યું હતું.

આ સાથે રેલવેના જણાવ્યા અનુસાર પશ્ચિમ રેલવે દ્વારા ઓખા અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઓખા અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર ''સ્પેશિયલ ટ્રેન'' ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મળતી વિગતો અનુસાર ટ્રેન સંખ્યા ૦૯૫૬૨ ઓખા-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ દર મંગળવારે ઓખાથી ૧૦:૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૪:૨૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૭ જાન્યુઆરીથી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

તેવી જ રીતે, રિટર્નમાં ટ્રેન સંખ્યા ૦૯૫૬૧ બાંદ્રા ટર્મિનસ-ઓખા સ્પેશિયલ દર બુધવારે બાંદ્રા ટર્મિનસથી ૦૫:૫૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૨:૫૦ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન ૨૮ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને બોરીવલી સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, એસી-૩ ટાયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે. ■

# આદિપુરના અંતરજાળ અને અબડાસાના પધ્ધર ખાતે બે યુવાને ગળેફાંસા ખાઇ જીવ દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઠંડીમાં જારી રહેલા ઉતાર-ચઢાવ વચ્ચે રણપ્રદેશ કચ્છમાં બનેલા અપમૃત્યુના જુદા-જુદા બનાવોમાં ત્રણના અકાળે મોત નિપજતાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી છે.

આદિપુરના અંતરજાળ ગામ મધ્યે આવેલા ગોપાલનગરમાં રહેનારા હરીશ પરસોત્તમ ખાંડેકા (ઉ.વ.૨૨) તથા અબડાસા તાલુકાના પધ્ધર ગામ ખાતેની વાડીમાં ૨૬ વર્ષીય ખેતારામ રણછોડ ભટ્ટે ગળેફાંસો ખાઇને પોત-પોતાના જીવન ટૂંકાવી લીધા હતાં, બીજી તરફ, કચ્છના પ્રવેશદ્વાર સામખિયાળી ગામમાં એક હૉટેલમાં ભોજન લીધા બાદ અચાનક ઢળી પડેલા અરવિંદસિંઘ દલવીરસિંઘ (ઉ.વ.૩૫)નું મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, અંતરજાળના ગોપાલનગરમાં રહેનાર હરીશ ખાંડેકાએ ગત તા. ૧૯-૧ના રોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર રાતના નવ વાગ્યાના અરસામાં સીલિંગ ફેનમાં દોરી બાંધી, ગળેફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. આ યુવાને શા માટે અંતિમ પગલું ભર્યું હશે તે જાણવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજો આ પ્રકારનો બનાવ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના પધ્ધર ખાતે બન્યો હતો, જેમાં વાડીમાં રહેતા ખેતારામ ભટ્ટે ગઇકાલે બપોરે બે વાગ્યાના અરસામાં કોઇ અગમ્ય કારણે લોખંડના ઍંગલ પર બાંધેલી દોરી વડે ગળેફાંસો ખાઇ અનંતની વાટ પકડી લેતાં વાયોર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી છે.

દરમ્યાન, સામખિયાળીમાં આવેલી ચામુંડા હૉટેલમાં અપમૃત્યુનો બનાવ બનવા પામ્યો હતો. જેમાં રાજવી લોજિસ્ટિકમાં કામ કરનાર અરવિંદસિંઘ નામનો યુવક જમવા ગયો હતો, બાદમાં શૌચાલય તરફ જતી વેળાએ સંભવત્ હૃદયરોગના આવેલા તીવ્ર હુમલાના લીધે ફસડાઈ પડયો હતો. તેને ત્વરિત સારવાર માટે લઇ જવાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. ■

# રણોત્સવમાં સખી ક્રાફ્ટ બજાર: એક મહિનામાં ૫ કરોડથી વધુનું વેચાણ




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છનો રણોત્સવ પર્યટકોમાં ખૂબ જ પ્રિય છે. આ રણોત્સવ ક્રાફ્ટવર્ક કરતી મહિલાઓને પણ ફળ્યો છે. આ વર્ષે કચ્છના રણોત્સવમાં ૪ ડિસેમ્બર ૨૦૨૫ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સખી ક્રાફ્ટ બજારનું આયોજન કરવામાં આવ્યું છે. આ બજારમાં સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી બહેનો દ્વારા નિર્મિત ઉત્પાદનોના વેચાણ માટે વિશાળ ડોમમાં ૧૦૦ સ્ટોલ્સની વ્યવસ્થા કરવામાં આવી છે. રણોત્સવ આવતા પ્રવાસીઓમાં સખી ક્રાફ્ટ બજાર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને અત્યાર સુધી રૂ. ૫ કરોડથી વધુનું વેચાણ થયું છે.

આ ક્રાફ્ટ બજારમાં ૩૩૦ સ્વસહાય જૂથની મહિલાઓને અલગ અલગ તબક્કામા સ્ટોલ આપવામાં આવી રહ્યા છે, જેમાં ગુજરાત સહિત ભારતભરમાંથી અન્ય રાજ્યની મહિલાઓ પણ જોડાઇ છે. આ ક્રાફ્ટ બજારની મુલાકાત પ્રવાસીઓ માટે યાદગાર સંભારણું બન્યું છે. ક્રાફ્ટ બજારની સાથે લાઇવ સંગીત કાર્યક્રમો અને કાફેટેરિયા પણ બનાવવામાં આવ્યો છે. હસ્તકળા અને હાથવણાટથી લઈને માટીની વાસણો, જ્વેલરી અને હોમ ડેકોર સહિત પેકેજ્ડ ફૂડનું અહીં વેચાણ થઇ રહ્યું છે. આ ક્રાફ્ટ બજારમાં પરંપરાગત હસ્તકલા અને આધુનિક ડિઝાઇનનું અનોખુ સંયોજન જોવા મળી રહ્યું છે. અત્યાર સુધી ૪.૫ લાખથી વધુ લોકોએ સખી ક્રાફ્ટ બજારની મુલાકાત લીધી હોવાનું સરકારે જણાવ્યું હતું. ■

# કચ્છભરમાં નામ કમી કરવા માટેના ફોર્મ નંબર ૭ની અચાનક સુનામી આવતાં વિપક્ષોએ નિષ્પક્ષ તપાસની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મતદાર યાદીની સુધારણા માટે ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી 'સર'ની કામગીરી અંતર્ગત સિમાવર્તી કચ્છના લખપત તાલુકામાં ૭૧૬૦ જેટલા મતદારોના નામને મતદાર યાદીમાંથી કાઢી દેવામાં આવતાં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા મામલતદાર કચેરી ખાતે રજૂઆત કરાઇ હતી. પશ્ચિમ કચ્છ જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ ઝુઝારદાન ગઢવીએ જણાવ્યું હતું કે, કેટલાક ચોક્કસ વગદાર લોકો દ્વારા ખોટી રીતે ફોર્મ નં. ૭ ભરીને મતદાર યાદીમાંથી નામ કમી કરવાનું કાવતરું હાથ ધરાયું હતું જેથી આટલી મોટી સંખ્યામાં મતદારોના નામ કમી થઇ જાય. આ બાબતે યોગ્ય ચકાસણી કરી જવાબદારો સામે ફરિયાદ નોંધવામાં આવે. એકસાથે મોટી સંખ્યામાં ફોર્મ નંબર ૭ જમા કરાવવા માટે કચેરીએ કોણ આવ્યું હતું તે જાણવા તા. ૧૭-૧ના સી.સી.ટી.વી. ફૂટેજીસની ચકાસણી કરવામાં આવે તેવી માગ ઝુઝારદાન ગઢવીએ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૧લી ઑક્ટોબરથી ૧૫ જાન્યુઆરી સુધીના સમયગાળામાં માત્ર ૨,૩૯૭ મતદારોએ નામ કમી કરવા માટે ફોર્મ ૭ ભર્યા હતા, તેવામાં માત્ર ચાર દિવસમાં જ ૬૬,૪૪૦ મતદારોએ ફોર્મ-૭ ભરી પોતાના નામ મતદાર યાદીમાંથી રદ કરાવવા અરજી કરી છે. ગણતરીના કલાકોમાં નામ રદ કરવાની અરજીની અચાનક આવેલી 'સુનામી'એ અનેક તર્ક-વિતર્કને જન્મ આપ્યો છે. સૌથી વધુ ચોંકાવનારી સ્થિતિ અબડાસા વિધાનસભા વિસ્તારમાં જોવા મળી છે. અબડાસા વિધાનસભાના ધારાસભ્યની હાર ઘણીવાર સાત હજાર મતની આસપાસ થતી હોય છે અને છેલ્લા દિવસે મોટી સંખ્યામાં વાંધો રજૂ થતાં ચર્ચાનો વિષય બન્યો છે. ■

# રાજકોટમાં પાણીની પાઈપલાઈન ફૂટતા લાખો લિટર પાણીનો વેડફાટ



(રાજકોટ-પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એપ્રિલ મહિનો આવશે ત્યાં પાણીની મોકાણ શરૂ થઈ જતી હોય છે ત્યારે રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલા ઓમનગરમાં ૪૦ ફૂટ રોડ પર પાણીની મુખ્ય પાઈપલાઈન ફૂટી ગઈ હતી અને લાખો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું. પાણીની પ્રવાહ ખૂબ હતો અને થોડા સમયમાં પાણી ભરાઈ જતા વાહનોની અવર-જવર અટકી પડી હતી. જોકે આ અંગેની જાણ થતાં વોટર વર્ક્સ વિભાગની ટીમ દોડી ગઈ હતી અને પાણીની સપ્લાય અટકાવીને પાઇપલાઇનનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા શહેરમાં લાંબા સમયથી વણઉકલ્યા પ્રશ્નોને લઈને સ્થાનિક રહીશોનો ધીરજ ખૂટી છે. ધ્રાંગધ્રાની ગણેશ સોસાયટી વિસ્તારની મહિલાઓએ આજે નગરપાલિકા કચેરી ખાતે મોરચો માંડ્યો હતો અને ચીફ ઓફિસરની ચેમ્બરમાં જ ગંદા પાણી ભરેલા માટલા ફોડી અનોખો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ■

# અબડાસામાં ફરી ઝડપાયો બોગસ ડૉક્ટર, લાખોની દવા જપ્ત

ભુજ: વિતેલા માત્ર એક-દોઢ વર્ષમાં પોલીસના હાથે વગર ડિગ્રીએ બીમારની ચાકરી કરતા ૪૦ વધુ બોગસ તબીબ ઝડપાઇ ચૂક્યા છે તેવામાં પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે અબડાસા તાલુકાનાં વાયોર ગામે અચાનક રેડ પાડીને મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદે એલોપેથિક પ્રેક્ટિસ કરતા એક બોગસ તબીબને ઝડપી પાડયો હતો, જ્યારે અન્ય બેને પકડી લેવા માટે કવાયત આદરી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ અંગે પશ્ચિમ કચ્છ એસ.ઓ.જી.ના પી.આઈ માણેક રાજિયા ગઢવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સર્વેલન્સ સ્ટાફને મળેલી પૂર્વ બાતમીના આધારે વાયોર ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બાજુમાં આવેલી દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

અહીં આરોપીઓ કોઈ પણ પ્રકારની અધિકૃત મેડિકલ ડિગ્રી કે લાયકાત વિના જન આરોગ્ય જોખમાય એ રીતે એલોપેથિક પ્રેક્ટિસ કરી રહેલા ધવલ વિનુ શ્રીમાળી (પંડયા) (ઉ.વ. ૨૧, રહે. વાયોર, મૂળ વિજાપુર, મહેસાણા)ને મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. જો કે, આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે નકલી તબીબ મેહમૂદ નાંદોલિયા અને સાજિદ મન્સુરી બંને (રહે. વાયોર)ને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં હતા. પોલીસે દરોડા દરમિયાન એલોપેથિક દવાઓ અને તબીબી સાધનો, લાઈટ બિલ અને દવાની ખરીદીનાં બિલો સહિત કુલ રૂ. ૫,૮૪,૦૬૭નો મુદ્દામાલ જપ્ત કરી, આરોપીઓ વિરુદ્ધ વાયોર પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૨૫, ધી મેડિકલ પ્રેક્ટિસ ઍક્ટ ૧૯૬૩ની કલમ ૩૩, ૩૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રકરણની વધુ તપાસ ઈન્ચાર્જ પી.આઈ. કે.વી. ડાંગર દ્વારા ચલાવવામાં આવી રહી હોવાનું તેઓએ ઉમેર્યું હતું. ■

# સુરેન્દ્રનગરના છાલિયા તળાવ પાસે ટ્રિપલ અકસ્માત, ચાર વાહનની ટક્કરથી ત્રણ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના મુખ્ય માર્ગો પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે. લીંબડી-રાજકોટ હાઈવે પર મોડી રાત્રિના સમયે વાહનો વચ્ચે સર્જાયેલી જોરદાર ટક્કરને કારણે ભય અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. છાલિયા તળાવ પાસે બનેલી આ ઘટનામાં એકસાથે ચાર મોટાં વાહનો એકબીજાં સાથે અથડાયાં હતાં, જેના કારણે વાહનવ્યવહાર પર પણ માઠી અસર પડી હતી.

મળતી માહિતી અનુસાર, બોલેરો પિકઅપ, આઈશર, ટ્રક અને ડમ્પર જેવાં ભારે વાહનો વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. વાહનોની ટક્કર એટલી જોરદાર હતી કે તમામ વાહનોને મોટું નુકસાન થયું છે. આ દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. બનાવની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે સૌથી પહેલા હાઈવે પર અટવાયેલા ટ્રાફિકને હળવો કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. હાલમાં પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને કયા વાહનચાલકની બેદરકારી હતી અને અકસ્માત કઈ રીતે સર્જાયો તે દિશામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં આ અકસ્માતને લઈને રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હાઈવે પર લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાને કારણે રાત્રિના સમયે વિઝિબિલિટી ખૂબ જ ઓછી રહે છે. અંધારાના કારણે વાહનચાલકોને સામેથી આવતાં વાહનોનો અંદાજ આવતો નથી, જેને કારણે અવારનવાર આવા જીવલેણ અકસ્માતો સર્જાય છે. તંત્ર દ્વારા વહેલી તકે લાઈટોની સુવિધા શરૂ કરવામાં આવે તેવી માગ ઉઠી છે. ■

# ભાવનગર જિલ્લામાં દસ્તાવેજ નોંધણીમાં કુલ ૮,૭૯૬ મહિલાને સીધો લાભ મળ્યો


## રૂ. ૮. ૮૧ કરોડની રજિસ્ટ્રેશન ફી માફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રાજ્ય સરકારની મહિલા કલ્યાણ કારી નીતિને કારણે મિલકતની માલિકીમાં મહિલાઓની ભાગીદારી વધતી જાય છે. ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન દસ્તાવેજ નોંધણીમાં મિલકત લેનાર તરીકે મહિલા નામે થયેલા દસ્તાવેજોમાં રાજ્ય સરકારની નીતિ મુજબ રજિસ્ટ્રેશન ફીમાં માફી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. પરિણામે જિલ્લામાં કુલ ૮,૭૯૬ બહેનોને સીધો લાભ મળ્યો છે અને રૂ. ૮ કરોડ ૮૧ લાખ ૯૦ હજાર ૯૬ રૂપિયાની રજિસ્ટ્રેશન ફી માફ કરવામાં આવી હતી. ■

# નદીયા કે પાર: ગીરના જંગલોમાં સિંહણે બાળકો સાથે ખેડ્યો સાહસિક પ્રવાસ





(અમારા પ્રતિનિધિ તરફથી)

ઊના: ગીર જંગલમાં રહેતા વનરાજાના અનેક વીડિયો, તસવીરો છાશવારે સોશ્યલ મીડિયા પર વાયરલ થતી રહે છે, ત્યારે એક અલગ પ્રકારની તસવીરો-વીડિયો વાયરલ થયા છે. આ તસવીરોમાં એક સિંહણ તેના બે માસૂમ બચ્ચા સાથે જંગલની નદી પાર કરતી જોવા મળી રહી છે. જે માતૃત્વ અને સાહસનો સંગમ કહી શકાય!

પોતાના બચ્ચાઓ પાણીમાં સુરક્ષિત રીતે પસાર થઈ શકે તે માટે સિંહણ પહેલા પોતે પાણીમાં ઊતરે છે. પાણીની ઊંડાઈ માપતી વખતે સિંહણ વારંવાર પાછળ વળીને પોતાના બચ્ચાઓ તરફ જુએ છે, જાણે તેમને હિંમત આપી રહી હોય. માતાને પાણીમાં ઉતરતી જોઈ, બંને સિંહબાળ પણ પક્ષીઓના કલરવ વચ્ચે ધીમે-ધીમે નદીના પાણીમાં ડગલાં માંડે છે અને સફળતાપૂર્વક સામે કાંઠે પહોંચે છે.

આ મનોહર દૃશ્યો કોઈ પ્રવાસીએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કર્યા હતા. આ અંગે જ્યારે વન વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે પુષ્ટિ કરી હતી કે આ વીડિયો ગીર જંગલનો જ છે. જોકે, સિંહોની સુરક્ષા અને પ્રાઈવસીને ધ્યાનમાં રાખીને વન વિભાગે આ વીડિયો કયા ચોક્કસ સમય અને વિસ્તાર (રેન્જ) નો છે તે જણાવવાનું ટાળ્યું હતું. ■

# રોડ પરથી ઢોર હટાવવાનું કહેતા પીએસઆઇ-પશુપાલક વચ્ચે મારામારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના મહુવામાં પીએસઆઇ અને પશુપાલક વચ્ચે મારામારીની ઘટના પ્રકાશમાં આવી હતી. બંને વચ્ચે લાકડીઓ ઊડી હતી અને સામસામે કાંઠલા પકડી લીધા હતા. અહીં લોકોનાં ટોળાં એકત્ર થઇ ગયાં હતાં. મારામારીમાં પીએસઆઇને ઇજા પહોંચી હતી. આથી તેમને સારવાર માટે હૉસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટના મામલે પીએસઆઇએ પશુપાલક સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાવી હતી. સામાપક્ષે પશુપાલક દ્વારા પણ પોલીસે માર માર્યાનો આક્ષેપ કર્યો હતો.

જાણવા મળતી વિગતો અનુસાર મોટા ખુંટવડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ રાજેશ જગરામભાઈ યાદવ અને જીઆરડી જવાન નાગજી ગીલાતર ભાવનગર ખાતે આઈ.જી.પી.ની ઇન્સ્પેક્શન પરેડ પતાવી સરકારી વાહનમાં પરત ફરી રહ્યા હતા, રોજકી ડેમ પાસેના નાળા નજીક એક ઇસમ ભેંસોનું ટોળું લઈને રસ્તાની વચ્ચે જઈ રહ્યો હતો, વારંવાર હોર્ન વગાડવા છતાં તેણે સાઇડ આપી ન હતી.

આથી પીએસઆઈ યાદવે નીચે ઊતરીને માલઢોરને રસ્તાની એક બાજુ લેવા અને જાહેર જનતાને પડતી અડચણ બાબતે સમજાવવાનો પ્રયાસ કર્યો ત્યારે તે શખસ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો.

પીએસઆઈ પોલીસ યુનિફોર્મમાં હોવા છતાં તેમની સાથે જીભાજોડી કરી ગાળાગાળી કરવા લાગ્યો હતો અને વચ્ચે પડેલા જીઆરડી જવાન નાગજીભાઈ પર અચાનક લાકડીનો ઘા કર્યો હતો. આ દરમિયાન પીએસઆઈ યાદવ તેને રોકવા અને સ્વબચાવ કરવા વચ્ચે પડતાં હુમલાખોરે તેમના માથા પર અને જમણા ખભા પર પણ લાકડીના ઘા માર્યા હતા.

હુમલા બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક મોટા ખુંટવડા હેલ્થ સેન્ટર ખસેડાયા હતા અને ત્યાર બાદ વધુ સારવાર અર્થે મહુવાની એસ.ઓ.એસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સરકારી ફરજમાં રુકાવટ અને પોલીસ અધિકારી પર હુમલો કરવા બદલ રાજેશ યાદવ, ભાવેશ સોસલા સામે ફરિયાદ નોંધાવી હતી. ■

# રાજકોટમાં ધોરણ નવની કિશોરી સાથે સ્કૂલવાનમાં જ દુષ્કર્મ આચર્યું, નરાધમ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: રાજકોટ શહેરમાં આવેલા માલવિયાનગર વિસ્તારમાં ધોરણ-નવમાં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય કિશોરી સાથે સ્કૂલવાનમાં જ મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ દુષ્કર્મ કેસમાં રમેશ કાનાભાઈ ખરાની પોલીસે ધરપકડ કરી હતી. પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીને મેડિકલ ચેકઅપ અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ સાથે પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોપીએ કિશોરી પર દુષ્કર્મ આચર્યા બાદ વિદ્યાર્થિનીને ધમકાવી પણ હતી કે, જો તે કોઈને આ અંગે જાણ કરશે તો તે તેને છોડશે નહીં. જેથી વિદ્યાર્થિની ગભરાઈ ગઈ હતી. કિશોરી ઉદાસ રહેતી હોવાના કારણે પરિવારને શંકા ગઈ હતી. જેથી પરિવારજનોએ સમજાવી પૂછપરછ કરતાં હકીકત જાણી પોલીસ સ્ટેશન પહોંચ્યા અને ફરિયાદ નોંધાવી હતી. બાળકીની હિંમત અને પરિવારની સમજણથી આ ઘટના બહાર આવી હતી. આ કેસમાં પોલીસે આરોપીની ધરપકડ પણ કરી લીધી હતી. આરોપી રમેશ ખરા પાળ ગામમાં રહે છે અને છેલ્લા એકાદ વર્ષથી તેની વાનમાં સ્કૂલે આવતી-જતી આ વિદ્યાર્થિનીનો ફોન નંબર મેળવીને વ્હોટ્સએપ કોલ અને મેસેજ દ્વારા સંપર્ક જાળવી રાખતો હતો, તેવું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું. બે દિવસ પહેલાં સ્કૂલથી છૂટીને વાનમાં બેસેલી વિદ્યાર્થિનીને અમીન માર્ગ નજીક અવાવરું જગ્યાએ લઈ જઈ વાનમાં જ દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં પરંતુ આ અંગે કોઈને ના કહેવાની ધમકી પણ આપી હતી. અગાઉ પણ આરોપીએ તેની સાથે છેડછાડ કરીને ધમકી આપી હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસે કાર્યવાહી કરતા આરોપીની સ્કૂલવાન કબજે કરી લીધી હતી. પોલીસ તપાસમાં આરોપીના ઘરમાં ૧૨ વર્ષની પુત્રી હોવાનું અને અન્ય સ્ત્રી સાથે અફેર હોવાનું પણ સામે આવ્યું હતું. આરોપીની વાનમાં અનેક દીકરીઓ આવતી હતી. જેથી અન્ય કોઈ વિદ્યાર્થિની સાથે આવું કૃત્ય થયું છે કે કેમ? તેની પણ પોલીસે તપાસ શરૂ કરી હતી. આ ઘટના બાદ વાલીઓમાં ચિંતા જાગી હતી. ■